અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ એપ્રિલ ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૧૧
વર્ષ : ૧૫
અંક : ૨૪૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ક્ષત્રિય સમાજ મુદ્દે હવે મારે કંઈ કહેવું નથી, વિવાદમાં આગ હોમવાનો મારો કોઈ આશય નથી : રૂપાલા

## મને તમામ સમાજનું અને ક્ષત્રિય સમાજના અનેક નેતાનું સમર્થન છે : પરષોતમ રૂપાલા

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

ક્ષત્રિય સમાજ વિશે વિવાદાસ્પદ નિવેદન બાદ ક્ષત્રિય સમાજના રોષનો ભોગ બનેલા પરષોતમ રૂપાલાએ આજે એક મોટો દાવો કર્યો તેમણે મીડિયા સમક્ષ રૂબરૂ થતાં જણાવ્યું કે, "મને તમામ સમાજનું અને ક્ષત્રિય સમાજના અનેક નેતાઓનું પણ સમર્થન છે. ક્ષત્રિય સમાજ મુદ્દે હવે મારે કંઈ કહેવું નથી, વિવાદમાં આગ હોમવાનો મારો કોઈ આશય નથી:" આ સાથે તેમણે આ મુદાને વધુ હવા ન આપવા મીડિયાને પણ સલાહ આપી દીધી. ગઈકાલે દિલ્હીમાં કેબિનેટ બેઠક મળી હતી, જેમાં કેબિનેટ મંત્રી પરશોત્તમ રુપાલા અને મનસુખ માંડવિયા પણ હાજર રહ્યા હતા. પરશોત્તમ રુપાલાએ દિલ્હીથી પરત ફર્યા બાદ ક્ષત્રિય સમાજના વધતા વિરોધ મુદ્દે મીડિયા સમક્ષ નિવેદન આપ્યુ છે. તેમણે તમામ સમાજનું સમર્થન હોવાનો દાવો કર્યો છે. તેમણે મીડિયા સમક્ષ જણાવ્યુ કે ક્ષત્રિય સમાજના ઘણા આગેવાનોનું પણ સમર્થન છે. મેં મારા તમામ વિચારો રજૂ કરી દીધા છે. હવે આ વિવાદને વધુ લંબાવવાની જરૂર નથી. આ વિવાદના વંટોળ બાદ હવે ૭ એપ્રિલે સુરતમાં પરશોત્તમ રૂપાલાના સમર્થનમાં સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. સુરતના મોટા વરાછાના ગોપીન ગામમાં સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહ મિલનમાં સુરતમાં રહેતા સૌરાષ્ટ્રવાસીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

### મેં મારા તમામ વિચારો રજૂ કરી દીધા છે હવે આ વિવાદને વધુ લંબાવવાની જરૂર નથી



રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ ચૂંટણીપ્રચાર દરમિયાન વિવાદિત નિવેદન આપ્યું હતું. રાજકોટ ખાતે વાલ્મીકિ સમાજના એક સ્નેહમિલન સમારોહમાં સભા સંબોધતા તેમણે ક્ષત્રિય સમાજ વિશે વિવાદિત નિવેદન આપ્યું હતું. જેનો વીડિયો વાયરલ પણ વાયરલ થયો હતો. આ વાયરલ વીડિયોમાં તેઓ જૂના જમાનાના રાજવીઓ અંગે વિવાદાસ્પદ નિવેદન આપતા જોવા મળે છે. તેમણે કહ્યું હતું કે, અંગ્રેજો સહિત ઘણી પ્રજા રહી. તેમણે દમન કરવામાં કાંઈ બાકી નહોતું રાખ્યું, તેમણે આગળ કહ્યું હતું.તેઓ આગળ કહે છે કે, એ સમયે મહારાજા ય નમ્યા. એમણે રોટી-બેટીના વ્યવહાર કયા આ નિવેદનને લઇને ક્ષત્રિય સમાજની લાગણી દુભાઇ છે અને સમાજમાં રોષ વ્યાપી ગયો છે. જો કે આ નિવેદનને લઇને તેઓ માફી પણ માગી ચૂક્યાં છે.

### ગોંડલની કોર્ટમાં પરષોતમ રૂપાલા સામે ફરિયાદ થઈ

રાજકોટ લોકસભાનાં ઉમેદવાર પરષોતમ રૂપાલાએ રાજા મહારાજા અંગે કરેલી નિમ્ન કક્ષાની ટીપ્પણી અને વાણીવિલાસ સામે ક્ષત્રિય સમાજ રોષે ભરાયો છે અને ગુજરાત ભરમાં ઠેરઠેર વિરોધ પ્રદર્શિત થઈ રહ્યો છે. ત્યારે ગોંડલની કોર્ટમાં પરષોતમ રૂપાલા સામે કલમ ૪૯૯,૫૦૦ મુજબ ફરિયાદ થવા પામી છે. ગોંડલનાં ચોરડી રહેતા હર્ષદસિહ ઘનશ્યામસિહ ઝાલાએ કોર્ટમાં પરષોતમ રુપાલા સામે કરેલી ફરિયાદમાં જણાવ્યું કે સતાની લાલસામાં રુખી સમાજમાં મત મેળવવા, ક્ષત્રીય સમાજને નીચો બતાવવા રાજા રજવાડાઓને હલકા ચીતરી હીનકક્ષાનો વાણી વિલાસ કર્યો હોય જેનો વિડિયો વાયરલ થતા ક્ષત્રિય સમાજની આબરુને ઠેસ પહોંચીછે. આ રીતે ક્ષત્રિય સમાજની બદનક્ષી થઈ હોય પરષોતમ રૂપાલા સામે કાર્યવાહી કરવા જણાવાયું હતું. બીજી બાજુ ભાજપ રૂપાલાની ટિકિટ કાપવાના મૂડમાં નથી હવે આગામી દિવસોમાં રાજકોટથી ફેલાયેલી આગ દેશભરમાં ફેલાય તો નવાઈ નહીં.

### રૂપાલાના નિવેદન પર વૈષ્ણવ સમાજ મેદાને

## ડો.સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્યએ રૂપાલાને હટાવવાની કરી માગણી

। (એજન્સી) હિંમતનગર, તા.૪ ।

પરષોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદન મામલે હવે વૈષ્ણવ સંપ્રદાય પણ મેદાને આવ્યો છે. વાત જાણે એમ છે કે, અખિલ ભારતીય વૈષ્ણવ આચાર્ય પરિષદના આધ્યક્ષે જણાવ્યું હતું કે, પરષોત્તમ રૂપાલાને હટાવવામાં નહીં આવે તો રાજકોટના ગામે ગામ વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો અને સાધુ સંતો ઉતરશે. મહત્વનું છે કે, ગઈકાલે પણ ક્ષત્રિય સમાજની બેઠકમાં પણ વિવાદિત નિવેદનને લઈ પરષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની જ માંગ કરાઈ છે. આ તરફ આજે બપોરે દિલ્હીથી પરત આવેલ પરષોત્તમ રૂપાલાએ કહ્યું કે, દરેક સમાજ અમારા સમર્થનમાં છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની મુલાકાતે આવેલા અખિલ ભારતીય વૈષ્ણવ આચાર્ય પરિષદના અધ્યક્ષ ડો. સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્યના નિવેદનથી ફરી રાજકારણ ગરમાયું છે. વાત જાણે એમ છે કે, પરષોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદનને લઈ હવે અખિલ ભારતીય વૈષ્ણવ આચાર્ય પરિષદના અધ્યક્ષ ડો.સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્યએ પણ નિવેદન આપતા કહ્યું છે કે, પરષોત્તમ રૂપાલાને હટાવવામાં નહીં આવે તો રાજકોટના ગામે ગામ વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો અને સાધુ સંતો ઉતરશે. રાજકોટ ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા દિલ્લીથી પરત ફર્યા છે. દિલ્હીથી પરત ફરેલ પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે બોલવાનું ટાળી કહ્યું છે કે, તમામ સમાજનું મારા સાથે સમર્થન છે.

### કેજરીવાલ હાલ લિકર પોલીસી કેસમાં જેલમાં છે

## કેજરીવાલે જેલમાંથી પાર્ટીના ધારાસભ્યોને સંદેશ મોકલ્યો

### સંદેશમાં ધારાસભ્યોને વિસ્તારની મુલાકાત લઈને લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરતા રહેવા સૂચના આપવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

કથિત દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ અરવિંદ કેજરીવાલે જેલમાંથી પાર્ટીના તમામ ધારાસભ્યોને સંદેશ મોકલ્યો છે. પત્ની સુનીતા અગ્રવાલે સોશિયલ મીડિયા દ્વારા તેમનો સંદેશ વાંચ્યો હતો જેથી દરેક તેમના સમર્થકો સુધી આ સંદેશ પહોંચી શકે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ કથિત દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ છે. લોકસભા ચૂંટણી સમયે પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ જેલમાં હોવાને કારણે ચૂંટણીની તૈયારીઓ અવરોધાઈ રહી છે. હાલમાં કેજરીવાલે જેલમાંથી પાર્ટીના તમામ ધારાસભ્યોને સંદેશ મોકલ્યો છે. પત્ની સુનીતા કેજરીવાલે સોશિયલ મીડિયા પર અરવિંદ કેજરીવાલનો મેસેજ વાંચ્યો છે. સંદેશમાં ધારાસભ્યોને વિસ્તારની મુલાકાત લઈને લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરતા રહેવા સૂચના આપવામાં આવી છે.

કથિત દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ અરવિંદ કેજરીવાલે જેલમાંથી પાર્ટીના તમામ ધારાસભ્યોને સંદેશ મોકલ્યો છે. પત્ની સુનીતા અગ્રવાલે સોશિયલ મીડિયા દ્વારા તેમનો સંદેશ વાંચ્યો હતો જેથી દરેક તેમના સમર્થકો સુધી આ સંદેશ પહોંચી શકે.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ કથિત દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ છે. લોકસભા ચૂંટણી સમયે પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ જેલમાં હોવાને કારણે ચૂંટણીની તૈયારીઓ અવરોધાઈ રહી છે. હાલમાં કેજરીવાલે જેલમાંથી પાર્ટીના તમામ ધારાસભ્યોને સંદેશ મોકલ્યો છે. પત્ની સુનીતા



કેજરીવાલે સોશિયલ મીડિયા પર અરવિંદ કેજરીવાલનો મેસેજ વાંચ્યો છે. સંદેશમાં ધારાસભ્યોને વિસ્તારની મુલાકાત લઈને લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરતા રહેવા સૂચના આપવામાં આવી છે.

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે (૪ એપ્રિલ, ૨૦૨૪) દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવાની માંગ કરતી બીજી અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે આ અંગે પગલાં લેવાનો અધિકાર એલજી અને રાષ્ટ્રપતિના અધિકારક્ષેત્રમાં છે. આવી સ્થિતિમાં આવો આદેશ આપી શકીએ નહીં. જો કે, કોર્ટે મહત્વની ટિપ્પણી કરતા કહ્યું કે, "ક્યારેક વ્યક્તિગત હિત કરતાં રાષ્ટ્ર હિત મોટું હોય છે, પરંતુ આ નિર્ણય તેમનો (કેજરીવાલ) છે." આ પહેલા પણ હાઈકોર્ટે કેજરીવાલને સીએમ પદેથી હટાવવાની માંગ કરતી પીઆઈએલને ફગાવી દીધી હતી. આ દરમિયાન કોર્ટે કહ્યું હતું કે આ એક્ઝિક્યુટિવ સાથે સંબંધિત મામલો છે. કેજરીવાલને સીએમ પદેથી હટાવવા માટેની આ પીઆઈએલ સુરજીત સિંહ યાદવ નામના વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવી હતી.

### શેરબજારમાં ભારે ઉછાળો, નિફ્ટી વિક્રમી સપાટી ઉપર પહોંચ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

ભારતીય શેરબજાર માટે ગુરુવારનું ટ્રેડિંગ સત્ર ઘણું સારું રહ્યું છે. બેન્કિંગ અને આઈટી શેરોમાં નીચલા સ્તરેથી બજારમાં પરત આવેલી ખરીદીને કારણે બજારમાં આ વધારો જોવા મળ્યો છે. આજના સત્રની શરૂઆતમાં સેન્સેક્સ ૭૫,૫૦૧ પોઈન્ટની હાફ ટાઈમ હાઈને સ્પર્શવામાં સફળ રહ્યો છે. તો નિફ્ટી પણ ૨૨,૬૧૯ની વિક્રમી સપાટીએ પહોંચી ગયો હતો. બજાર બંધ સમયે BSE સેન્સેક્સ ૩૫૦ પોઈન્ટના ઉછાળા સાથે ૭૪,૨૨૭ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૮૦ પોઈન્ટના ઉછાળા સાથે ૨૨,૫૧૪ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. શેરબજારમાં અદભૂત ઉછાળાને કારણે BSE પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ.૩૯૮.૬૦ લાખ કરોડની ઐતિહાસિક ટોચે પહોંચ્યું હતું.

### કોલકાતા હાઈકોર્ટે સંદેશખાલી કેસમાં બંગાળ સરકારને ફટકાર લગાવી

## સંદેશખાલી પીડિતોનું ૧ ટકા સત્ય પણ શરમજનક : કોલકાતા હાઇકોર્ટ

। (એજન્સી) કોલકાતા, તા.૪ ।

કોલકાતા હાઈકોર્ટે ગુરુવારે સંદેશખાલી કેસમાં બંગાળ સરકારને ફટકાર લગાવી છે. કોર્ટે કહ્યું, જો આ મામલામાં એક ટકા પણ સત્ય હોય તો તે શરમજનક છે. આ માટે સમગ્ર વહીવટીતંત્ર અને શાસક પક્ષ ૧૦૦% નૈતિક રીતે જવાબદાર છે. આ લોકોની સુરક્ષાનો મામલો છે. ચીફ જસ્ટિસ ટીએસ શિવગ્નનમ અને જસ્ટિસ હિરન્મય ભટ્ટાચાર્યની બેંચે સંદેશખાલીના મુખ્ય આરોપી શાહજહાં વિરુદ્ધ ૫ પીઆઈએલની સુનાવણી કરી. પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં મહિલાઓની જાતીય સતામણી અને જમીન પચાવી પાડવાના આરોપી સ્ર્ક નેતા શેખ શાહજહાંની બંગાળ પોલીસે




૨૯ ફેબ્રુઆરીએ ધરપકડ કરી હતી. જે બાદ પોલીસે તેને સીબીઆઈને સોંપી દીધો હતો. ચીફ જસ્ટિસ-માની લઈએ કે એક પણ એફિડેવિટ સાચું હોય તો તે શરમજનક છે. આ માટે સમગ્ર વહીવટીતંત્ર અને શાસક પક્ષ ૧૦૦ ટકા નૈતિક રીતે જવાબદાર છે. આ લોકોની સુરક્ષાનો મામલો છે. જો તમે એસસી-એસટી નેશનલ કમિશનનો રિપોર્ટ જુઓ, જો તેમાં એક ટકા પણ સત્ય હોય તો તે ૧૦૦ ટકા શરમજનક છે. અન્ય પીઆઈએલ અરજીકર્તાના વકીલે કહ્યું કે આ કેસમાં સાક્ષીઓને સુરક્ષા પૂરી પાડવામાં આવે. તેમણે દાવો કર્યો હતો કે સુરક્ષાના કારણોસર કોઈ મહિલા કોર્ટમાં જુબાની આપવા આગળ આવી નથી. અન્ય અરજીકર્તાના વકીલ પ્રિયંકા તિબ્રેવાલે કહ્યું, 'મોટાભાગની મહિલાઓ અભણ છે. ઈ-મેલ ભૂલી જાઓ, તે પત્રો પણ લખી શકતી નથી. ૫૦૦થી વધુ મહિલાઓએ અમારી સામે જાતીય અત્યાચારની ફરિયાદ કરી છે. અમારી પાસે એફિડેવિટ છે જેમાં કહેવામાં આવ્યું છે કે માત્ર એક જ શાહજહાંની ધરપકડ કરવામાં આવી છે.

## સાત એપ્રિલ સુધી પૂર્વોત્તર ભારતમાં વરસાદ અને આંધી તોફાનની આશંકા

### એપ્રિલની શરૂઆતમાં જ અનેક ઠેકાણે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ઉત્તર ભારત સહિત સમગ્ર દેશના વિવિધ ભાગોમાં ભીષણ ગરમી પડી રહી છે. એપ્રિલની શરૂઆતમાં જ અનેક ઠેકાણે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જો કે આટલી ગરમીમાં પણ કેટલાક રાજ્યોમાં વરસાદે માઝા મૂકી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે સાત એપ્રિલ સુધી પૂર્વોત્તર ભારતમાં વરસાદ અને આંધી તોફાનની આશંકા છે. બીજી બાજુ અનેક રાજ્યો માટે હીટવેવની આગાહી પણ



અપાઈ છે. હવામાન વિભાગના જણાવ્યાં મુજબ નોર્થ ઈન્ટીરિયર કર્ણાટકમાં હીટવેવની સ્થિતિ જોવા મળી છે. આ ઉપરાંત અરુણાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદાખ, ગિલગિટ, હિમાચલ પ્રદેશમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ જોવા મળ્યો. બીજી બાજુ અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, સિક્કિમ જેવા રાજ્યોમાં પણ વરસાદ રેકોર્ડ થયો છે. હવામાન વિભાગની આગાહી છે કે જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, લદાખમાં આગામી ત્રણ દિવસ સુધી તથા ઉત્તરાખંડમાં આગામી સાત દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત આ રાજ્યોમાં હિમવર્ષા પણ થશે. અન્ય રાજ્યોની વાત કરીએ તો અરુણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં આગામી સાત દિવસ સુધી વરસાદ, આંધી તોફાન તથા વીજળીના કડાકા ભડાકા જોવા મળી શકે છે. ગરમીની વાત કરીએ તો હાલમાં વિદર્ભ, છત્તીસગઢ, મરાઠાવાડા, તેલંગણા, ઈન્ટીરિયર કર્ણાટક, રાયલસીમા, સાઉથ ઈસ્ટ ઉત્તર પ્રદેશ, ઉત્તરી ઈન્ટીરિયર ઓડિશા, મધ્ય મહારાષ્ટ્ર, તટીય આંધ્ર પ્રદેશ, સાઉથ ઈન્ટીરિયર, તમિલનાડુમાં મહત્તમ તાપમાન ૪૦-૪૨ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયુ છે.

### કોર્ટમાં કે.કવિતાની અરજી

## કે. કવિતાએ પુત્રની પરીક્ષા માટે વચગાળાના જામીન માગ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દિલ્હી લિકર પોલીસી કેસમાં જેલમાં બંધ તેલંગણાના પૂર્વ મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવ (દ્બઝઈ)ની પુત્રી અને મ્ઇજી નેતા કે.કવિતાએ પુત્રની પરીક્ષા માટે વચગાળાના જામીન માગ્યા છે. આ મામલે આજે દિલ્હી રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનવાણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો છે અને આગામી સુનાવણી આઠ એપ્રિલે હાથ ધરશે. કે.કવિતાના વકીલ અભિષેક મનુ સિંઘવિએ કહ્યું કે, મેં આજે માત્ર વચગાળાના જામન પર દલીલ કરી છે. ગત સુનાવણી વખતે રજુ કરેલી દલીલોનો મુખ્ય જામીનમાં ઉપયોગ કરવામાં આવશે. આરોપી મહિલાના બાળકની એપ્રિલમાં પરીક્ષા યોજાવાની છે. એવું નથી કે બાળક ખોળામાં છે કે નાનું છે. તે ૧૬ વર્ષનો છે, આવી સ્થિતિમાં માતાનું નૈતિક અને ભાવનાત્મક સમર્થન ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે કંઈપણ થયું તે આઘાતજનક છે. ૧૬ વર્ષના બાળક માટે કોઈપણ માતાનો અભાવ પિતા અથવા બહેન પૂરો ન કરી શકે. એક માતાના ભાવનાત્મક સમર્થનને એક માસી પણ પૂરી ન કરી શકે. તેમનો મોટો પુત્ર પણ માત્ર ૧૯ વર્ષનો છે અને તે સ્પેનમાં અભ્યાસ કરે છે. માતા જેલમાં ગયા બાદ મોટો પુત્ર તેમને મળી પણ શક્યો નથી અને તે સ્પેન પરત જતો રહ્યો છે.

### મેરઠ યુપીની હાઈ પ્રોફાઈલ લોકસભા બેઠક ગણાય છે

## સમાજવાદી પાર્ટીએ દલિત મેયર સુનિતા વર્માને ટિકિટ આપી

। (એજન્સી) મેરઠ, તા.૪ ।

યુપીના મેરઠમાં ભાજપ વતી રામાયણ સીરિયલમાં રામ બનેલા અરુણ ગોવિલ ચૂંટણીમાં મેદાનમાં છે. તેમની સામે સમાજવાદી પાર્ટીએ ઉમેદવાર બદલીને દલિત મેયર સુનિતા વર્માને ટિકિટ આપી છે. મેરઠ યુપીની હાઈ પ્રોફાઈલ લોકસભા બેઠક ગણાય છે. ભાજપે અહીં રામાયણ સીરિયલમાં રામ બનેલા અરુણ ગોવિલને ટિકિટ આપી છે તો સામે હવે સમાજવાદી પાર્ટીએ દલિત મેયર સુનિતા વર્માને ટિકિટ આપી છે તેમને શબરી ગણવામાં આવે છે. અખિલેશ યાદવે ત્રીજી વાર મેરઠના ઉમેદવાર બદલીને સુનિતા વર્માને મેદાનમાં ઉતાર્યા છે. સુનિતા વર્મા હસ્તિનાપુરના પૂર્વ ધારાસભ્ય યોગેશ વર્માની પત્ની છે. લગભગ દોઢ દાયકા પહેલાં જિલ્લા પંચાયતના સભ્ય બની રાજકારણમાં પ્રવેશેલી સુનિતા વર્મા મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ દલિત મેયર બની હતી. ૨૦૧૭માં સુનિતા વર્મા મેરઠ શહેરમાંથી મેયર તરીકે ચૂંટાયા હતા. મેરઠના ભાજપના ઉમેદવાર પણ જાણીતો ચહેરો છે. ભાજપે અહીં રામાયણ સીરિયલમાં રામ બનેલા અરુણ ગોવિલને ટિકિટ આપી છે. હવે મુકાબલો રોચક બની રહેવાનો છે.

### આ રાજ્યોના પ્રાદેશિક પક્ષોને સમર્થન આપશે

## ભારતીય જનતા પાર્ટી મણિપુર, મેઘાલય અને નાગાલેન્ડમાં ઉમેદવારો ઉભા નહીં કરે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દેશમાં ભાજપ ૪૦૦ પ્લસના મિશન સાથે લોકસભાની ચૂંટણી લડી રહી છે. ભાજપ લોકસભામાં હેટ્રીક ફટકારવા માગે છે. ભાજપે આ ટાર્ગેટને પાર કરવા માટે હિન્દી બેલ્ટ સિવાય દક્ષિણ ભારત પર ખાસ ફોક્સ કર્યું છે. પૂર્વમાં ધીમેધીમે ભાજપ મજબૂત થઈ રહ્યું છે. મોદી અને અમિત શાહ વારાફરતી સાઉથ અને ઉત્તર ભારતમાં પ્રચાર કરી રહ્યાં છે. આમ છતાં દેશમાં એક એવું પણ રાજ્ય છે જ્યાં ભાજપ ચૂંટણી જ લડવાનું નથી. તમને જાણીને નવાઈ લાગશે પણ આ હકિકત છે. ભારતીય જનતા પાર્ટી મણિપુર, મેઘાલય અને નાગાલેન્ડમાં લોકસભા ચૂંટણી માટે ઉમેદવારો ઉભા નહીં કરે. ભાજપે નિર્ણય કર્યો છે કે તે આ રાજ્યોના પ્રાદેશિક પક્ષોને સમર્થન આપશે. આ ત્રણ રાજ્યોમાં ૫ સીટો પર ૧૯ એપ્રિલે મતદાન થશે. ભાજપ લોકસભામાં પોતાની બેઠકોની સંખ્યા વધારવા માટે મહત્તમ બેઠક પર ચૂંટણી લડી રહ્યો છે ત્યારે મેઘાલયમાં એક પણ ઉમેદવાર ઉભો નહીં રાખવાના ભાજપના નિર્ણયે આશ્ચર્ય સર્જ્યું છે. ભાજપે એનડીએના ગઠબંધનના ભાગરૂપે આ રાજ્યમાં ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો છે. મેઘાલયમાં લોકસભાની બે બેઠકો છે.

## કચ્છમાંથી એમડી ડ્રગ્સના જથ્થા સાથે પંજાબનો યુવક ઝડપાયો

। (એજન્સી) કચ્છ, તા.૪ ।

કચ્છમાં ફરી એકવાર ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો. મળતી જાણકારી અનુસાર, પૂર્વ કચ્છ પોલીસે પંજાબના એક યુવકને MD ડ્રગ્સ સાથે ઝડપી લીધો હતો. પંજાબના યુવક પાસેથી ૬૪.૨૦ ગ્રામ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત ૨૧ લાખ ૧૦ હજાર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ડ્રગ્સ કેસમાં અન્ય બે આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પૂર્વ કચ્છ પોલીસે ૬૪.૨૦ ગ્રામ સાથે પંજાબના તરનતારન જિલ્લાનાં યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે બાતમીના આધારે MD ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. બીજી તરફ બનાસકાંઠામાં ધાનેરા વિસ્તારમાં બે શખ્સો સ્મેક નામના નશીલા દ્રવ્યોનું વેચાણ કરતા હોવાની સીઆઈડી ગાંધીનગરને બાતમી મળી હતી. આ માહિતીના આધારે દરોડા પાડી સ્મેક નામના ડ્રગ્સ સાથે કેરાજી ગેનાજી રાજપુત અને દાના બાબુભાઈ રબારીને ઝડપી પાડ્યા હતા. ૧.૩૩ લાખના ડ્રગ્સ સહિત ૧.૮૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ગુજરાતના દરિયાકાંઠાથી ફરી એકવાર ડ્રગ્સ પકડાયાના સમાચાર સામે આવ્યા છે. પોરબંદરના દરિયામાંથી ગુજરાત એટીએસ, કૉસ્ટગાર્ડ અને એનસીબીએ સંયુક્ત રીતે ઓપરેશન કરીને ડ્રગ્સના જથ્થા સાથે છ આરોપીઓને ઝડપી પાડ્યા છે. દરિયામાંથી ૪૮૦ કરોડનો ડ્રગ્સનો જથ્થા સાથે છ પાકિસ્તાનીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, તેમની પાસેથી ડ્રગ્સના ૭૦થી ૮૦ પેકેડને જપ્ત કરવામાં આવ્યા છે. પોરબંદરના દરિયાકાંઠાથી ફરી એકવાર ડ્રગ્સના મોટું રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોરબંદરના અરબી સમુદ્રમાંથી ફરી એકવાર કરોડોનું ડ્રગ્સ ઝડપાયુ છે, ૪૮૦ કરોડના ડ્રગ્સ સાથે છ પાકિસ્તાનીની ધરપકડ કરવામાં આવી છે, પોરબંદરથી ૩૫૦ કિમી દૂર જળસીમામાંથી આ મોટી માત્રામાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. ખાસ વાત છે કે, ગુજરાત ATS, કૉસ્ટગાર્ડ અને NCBના સંયુક્ત ઓપરેશનમાં આ ડ્રગ્સના જથ્થો દરિયામાંથીપકડાયોછે.૭૦થી૮૦ડ્રગ્સના પેકેટ સાથે ૬ પાકિસ્તાનીઓની પણ ધરપકડ કરાઈ છે. ઝડપાયેલ આ તમામ આરોપીઓને પોરબંદર લવાશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ૧૩ દિવસ પહેલા પણ ૨ હજાર કરોડનું ડ્રગ્સ દરિયામાંથી પકડાયુ હતુ. પોરબંદરના મધદરિયેથી ભારતીય નૌકાદળ, NCB અને ગુજરાત ATSએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને માદક દ્રવ્યોનો મોટો જથ્થો ઝડપ્યો હતો. ૩૩૦૦ કિલો ડ્રગ્સ સાથે પાંચની ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલા ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય કિંમત બે હજાર કરોડ રૂપિયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. કરોડોના હશીસ સાથે અન્ય ડ્રગ્સનો જથ્થો પણ ઝડપાયો છે. ગુજરાત ATS, ભારતીય કોસ્ટગાર્ડ અને NCB નું સંયુક્ત ઓપરેશન હતું. રાજ્યના દરિયા કિનારામાંથી બોટ સાથે પાંચ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.




પાલડી એસવીપી હોસ્પિટલના હાઉસ કીપર દ્વારા તેમની પડતર માંગણીઓને લઈને હડતાળ પર ઉતર્યા હતા અને દેખાવો કર્યા હતા.

### અત્યાર સુધીમાં તેના કેટલાક પાર્ટ્સ પણ ચોરાઈ ગયા

## રિવરફ્રન્ટ પર કરોડના ખર્ચે બેસાડેલી આઠ લિફ્ટ બંધ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર છેલ્લા એક દાયકામાં અભૂતપૂર્વ ડેવલપ મેન્ટ થયું છે. નદીની બંને બાજુ મોટા મોટા ગાર્ડન બન્યા છે, મનોરંજન માટેની જગ્યાઓ વિકસાવાઈ છે, આલિશાન ઈમારતો બની રહી છે. પરંતુ તેમાં કેટલાક કામમાં ભારે ગોટાળા થતા હોય તેવું લાગે છે. રિવરફ્રન્ટ પર વિકલાંગો અને સિનિયર સિટિઝન્સ ઉપયોગ કરી શકે તે માટે ૮ કરોડ રૂપિયાના ખર્ચે ૮ લિફ્ટ નાખવામાં આવી હતી, પરંતુ આ લિફ્ટ મોટા ભાગે બંધ રહે છે અને અત્યાર સુધીમાં તેના કેટલાક પાર્ટ્સ પણ ચોરાઈ ગયા છે. આ લિફ્ટને જ્યારથી ઈન્સ્ટોલ કરવામાં આવી ત્યારથી તેનો ઉપયોગ થયો નથી. અત્યાર સુધીમાં તેની સ્વિચ, પેનલ સહિતનો ઘણો માલસામાન ચોરાઈ ગયો છે અથવા ગુમ થઈ ગયો છે. પરિસ્થિતિ એવી છે કે રિવરફ્રન્ટ પર તમે આઠમાંથી એક પણ લિફ્ટનો યુઝ કરી શકો તેમ નથી. લિફ્ટમાં પગ મૂકશો તો તેને ચાલુ કરવા માટે સ્વિચ પણ શોધતા રહી જશો. રિવરફ્રન્ટ પર તગડી ફી ચૂકવીને સિક્યોરિટી બંદોબસ્ત કરવામાં આવ્યો છે છતાં આવી હાલત છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશને પ્રથમ ફેઝમાં ૧૪૦૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. છેલ્લા બે વર્ષમાં સિક્યોરિટી ગાર્ડ્સ પાછળ ૧૬.૫૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. એક અધિકારી પણ સ્વીકારે છે કે લિફ્ટમાંથી કેટલાક મિકેનિકલ કમ્પોનન્ટ્સ ગુમ થઈ ગયા છે.

### રીઢા ગુનેગારોને પકડવાની તજવીજ

## વોન્ટેડ આરોપીઓ માથે સરકારે ૨૦ હજારથી એક લાખના ઇનામ જાહેર કર્યાં

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ચૂંટણીની તડામાર તૈયારીઓ વચ્ચે પોલીસ રીઢા, વોન્ટેડ અને ભાગેડું ગુનેગારોને ઝડપી લઇ જેલ ભેગા કરી દેવાની કવાયતમાં લાગી ગઇ છે. ત્યારે જ વીસેક દિવસમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ૨૯ વોન્ટેડ આરોપીને ઝડપી લેવામાં આવ્યા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને એસઓજી દ્વારા પણ ઘણા ગુનેગારોને ઝડપી લેવાયા છે. હવે વર્ષોથી પ્રોહિબિશનના ગુનામાં પોલીસના હાથમાં નહીં આવતાં ગુનેગારોનો ઝડપી લેવા માટે સરકાર દ્વારા તેમના માથે ચોક્કસ ઈનામની જાહેરાત કરી છે. આવા રીઢા ગુનેગારોને માથે સરકારે ૨૦ હજારથી લઈને એક લાખના ઈનામની જાહેરાત કરી દીધી છે. એટલે કે રીઢા ગુનેગારોની વિગતો પોલીસને આપનાર અથવા તો તેને પોલીસના હાથે પકડાવી દેનારને રોકડ ઈનામ આપવામાં આવશે. આ ઈનામ અંગે સત્તાવારી જાહેરાત કરતાં સ્ટેટ મોનિટરિંગ સેલના એસીપી કે. ટી. કામરીટાએ જારી કરેલી પ્રેસ નોટમાં જણાવવામાં આવ્યું છે કે ગુજરાતમાં રાજસ્થાન, હરિયાણા તથા પંજાબમાંથી દારૂ સપ્લાય કરવામાં આવે છે. ત્યારે જ્યારે દારૂ પકડાયો હોય અને જેમના નામ ખુલ્યા હોય તેવા રીઢા બૂટલેગરો કે દારૂના સપ્લાયરોને ઝડપી લેવા માટે સ્થાનિક પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતી હોય છે પરંતુ આવા તત્ત્વો સતત ભાગતા રહેતા હોવાથી તેમને ઝડપી લેવા મુશ્કેલ થઈ પડ્યા છે.

### ગાર્ડ્સ સાથે છૂટ્ટાહાથની મારામારી થઈ

## એરપોર્ટ પર રિક્ષાચાલકોએ નશામાં પેસેન્જરોને પજવ્યા

**પેસેન્જર આવે કે તરત રેલવે અને બસ સ્ટેશન બહાર જેમ પડાપડી થાય એમ પરાણે તેમને રિક્ષામાં બેસાડવાનો આગ્રહ રાખે છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ એરપોર્ટ બહાર રિક્ષાચાલકોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. અત્યારે મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ફરી એકવાર એરપોર્ટ સિક્યોરિટી ગાર્ડ્સ અને રિક્ષાચાલકો વચ્ચે છૂટ્ટાહાથની મારામારી થઈ હોવાની ઘટના સામે આવી છે. અહીં મોડી રાત્રે આ રિક્ષાચાલકો સતત પેસેન્જર્સને પજવતા હતા. આ લોકો કોઈપણ ભોગે તેમની સાથે જ બીજા ટ્રાવેલ ડેસ્ટિનેશન પર લઈ જવા માટે દબાણ કરતા હોય છે. ઓછામાં પુરૂ આ રિક્ષાચાલકો બિન્દાસ્તા દારૂનાં નશામાં ચૂર હોય છે અને પછી મનફાવે તેમ પેસેન્જરની સાથે ઊગ્ર બોલાચાલી કે ખરાબ વ્યવહાર કરતા હોય છે. તેવામાં વિદેશથી આવેલા લોકો કે અન્ય બહારથી આવેલા પેસેન્જર્સ ગભરાઈ જાય છે.

અમદાવાદ એરપોર્ટ પર અત્યારે પેસેન્જરો માટે ભયનો માહોલ થઈ ગયો હોય એવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અહીં રિક્ષાચાલકો પોતાની બેફામ દાદાગીરી ચાલુ જ રાખે છે. કોઈપણ પેસેન્જર આવે કે તરત રેલવે અને બસ સ્ટેશન બહાર જેમ પડાપડી થાય એમ પરાણે તેમને પોતાની રિક્ષામાં બેસાડવાનો આગ્રહ રાખે છે. આ ઘટના છેલ્લા ઘણા મહિનાઓથી થતી આવે છે. આ અંગે પોલીસને ફરિયાદ કરવામાં આવી ચૂકી છે. એટલું જ નહીં અગાઉ પણ ટેક્સી કેમ બૂક કરાવી એ મુદ્દે બબાલ થઈ ચૂકી છે.

આ ઘટનાઓ દૂર કરવા પ્રાથમિક પગલાંઓ ભરાયા હોવા છતાં આ રિક્ષાચાલકો સુધરવાનું નામ જ નથી લઈ રહ્યા. એરપોર્ટ પાસે તો આ રિક્ષાચાલકો પોતે દાદા હોય આ વિસ્તારનાં એ રીતે જ વ્યવહાર કરે છે. ગત રોજ વધુ એક ઘટના બની જેમાં પેસેન્જર મુદ્દે સિક્યોરિટી ગાર્ડ સાથે રિક્ષાચાલકો બાખડી પડ્યા હતા. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ રિક્ષાચાલકો પેસેન્જર્સને બેસાડવા માટે વિચિત્ર ટાઉટિંગ કરતા હતા. આથી ઘણા બધા પેસેન્જર્સ ગભરાઈ ગયા હતા. કારણ કે આ રિક્ષાચાલકો બેફામ આગળ પાછળ આવે અને કોઈ વ્યક્તિને ન બેસવું હોય તે તેને હેરાન કરી મૂકતા હતા. આવા ટાઉટિંગથી કંટાળીને પેસેન્જર્સ પણ દૂર ભાગતા હોય છે.

## SGVP મેમનગર ગુરૂકુળ ખાતે શાળા/કોલેજના વિદ્યાર્થીઓ/યુવા મતદારોએ અચૂક મતદાનના શપથ લીધા



। અમદાવાદ, તા.૪ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અમદાવાદ શહેર દ્વારા મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત જીવ્ફ઼ઁ મેમનગર ગુરૂકુળ ખાતે હોસ્ટેલમાં રહેતા તેમજ શાળા/કૉલેજના અંદાજિત ૫૨૫ જેટલા વિદ્યાર્થીઓ/યુવામતદારો તેમજ શિક્ષકોને સ્વીપ મતદાન પ્રવૃત્તિના મદદનીશ નોડલ ઓફિસર દ્વારા મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તથા અચૂક મતદાનના શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ મતદાનના દિવસે પોતાના જિલ્લામાં જઈને મતદાન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## જેલમાં બોર્ડની પરીક્ષા આપનાર કેદીઓ કોપી કેસ કરતા ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

તાજેતરમાં પૂર્ણ થયેલી ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં વર્ગખંડોના CCTV તપાસવાની કામગીરી શરૂ કરાઇ હતી. અમદાવાદ શહેરની શાળાઓના સીસીટીવી તપાસતા ૧૬ કોપીકેસના બનાવો સામે આવ્યા છે. વર્ગખંડ નિરીક્ષકનું ધ્યાન ના હોય ત્યારે વિદ્યાર્થીઓ પૂરવણી બદલતા, કાપલી કરતા કે એક બીજામાંથી જોતા હોવાનું સીસીટીવીમાં ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત સેન્ટ્રલ જેલમાં પરીક્ષા આપતા ૪ કેદી પણ કોપી કરતા ઝડપાયા છે. તાજેતરમાં પૂર્ણ થયેલી ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં વર્ગખંડોના CCTV તપાસવાની કામગીરી શરૂ કરાઇ હતી. અમદાવાદ શહેરની શાળાઓના સીસીટીવી તપાસતા ૧૬ કોપીકેસના બનાવો સામે આવ્યા છે. વર્ગખંડ નિરીક્ષકનું ધ્યાન ના હોય ત્યારે વિદ્યાર્થીઓ પૂરવણી બદલતા, કાપલી કરતા કે એક બીજામાંથી જોતા હોવાનું સીસીટીવીમાં ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત સેન્ટ્રલ જેલમાં પરીક્ષા આપતા ૪ કેદી પણ કોપી કરતા ઝડપાયા છે. બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ DEO કક્ષાએથી




દરેક વર્ગના સીસીટીવી તપાસવામાં આવ્યા છે. તપાસમાં જે વિદ્યાર્થીઓની હલનચલન શંકાસ્પદ દેખાય તેમને ફરીથી ચેક કરવામાં આવતા હતા. વિદ્યાર્થીઓ એકબીજામાંથી જોઈને લખતા હોય, કાપલી, મોબાઈલ લાવ્યા હોય તેમની ઓળખ કરવામાં આવી હતી. આ તમામની ઓળખ કરી DEO કચેરી સીડી મોકલવામાં આવી હતી. જેનું જિલ્લા શિક્ષણ અધિકારી કક્ષાએથી હિયરિંગ કર્યા બાદ કોપીકેસના ૧૬ બનાવો સામે આવ્યા છે.

બોર્ડની પરીક્ષામાં અમદાવાદમાં પાંચ વિદ્યાર્થીઓ ચોરી કરતા ઝડપાયા બાદ તેમની સામે કોપી કેસ કરાયા હતા. ૧૬ માર્ચથી વર્ગખંડના CCTV તપાસવાની શરૂઆત કરાઈ હતી.જેમાં અમદાવાદ શહેર DEO હેઠળ આવતી શાળાઓમાં ગેરરીતિ કરતા ૧૬ બનાવો CCTVમાં સામે આવ્યા છે. કુલ ૨૧ પૈકી ધોરણ ૧૦ના ૧૦ વિદ્યાર્થીઓ, ૧૨ સાયન્સના ૬ અને સામાન્ય પ્રવાહના ૫ વિદ્યાર્થીઓ ચોરી કરતા ઝડપાયા છે. વિદ્યાર્થીઓ એક બીજાને પુરવણી આપતા, કાપલી લઈને બેઠા હોય, કપડા પર લખાણ લઈને આવ્યા હોય અને આજુબાજુમાં જોઈને લખતા હોવાનું CCTVમાં ધ્યાને આવ્યું છે.

અમદાવાદ એક કેન્દ્ર પર એક વિદ્યાર્થીની અંગ્રેજીના પેપરમાં આધાર કાર્ડની પાછળ લખીને કોપી કરતા ઝડપાઈ હતી.સીસીટીવી ફૂટેજમાં આ વિદ્યાર્થીની કેમેસ્ટ્રી અને બાયોલોજીના પેપરમાં પણ કોપી કરતા દેખાય છે. જેથી વિદ્યાર્થીની સામે કુલ ત્રણ કોપી કેસ નોંધાયા છે.અન્ય કેન્દ્ર પર એક વિદ્યાર્થી ૧૨ સાયન્સમાં કેમેસ્ટ્રી,ગણિત અને ઈંગ્લિશના પેપરમાં કાપલીમાંથી પેપર લખતો દેખાય છે.તેથી વિદ્યાર્થી સામે પણ ત્રણ અલગ અલગ કોપી કેસ કરવામાં આવ્યા છે.

**વિશેષ**

### ભાજપમાં રાજપૂત નેતાઓ, જે ક્ષત્રિય સમાજના અપમાનના મુદ્દે મૌન સેવી રહ્યાં છે

# હવે સમાજને બદલે સરકાર અને રાજકીય પક્ષની પડખે ઉભા રહેનારા રાજપૂત નેતાઓ સામે સવાલ ઉઠ્યા

મોદી સરકારના કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા હાલ ભારે વિવાદમાં છે. લોકસભાની ચૂંટણી માટે ભાજપે રાજકોટથી ઉમેદવાર તરીકે રૂપાલાનું નામ જાહેર કર્યું એની સાથે જ વિવાદ શરૂ થઈ ગયો. પહેલાં આંતરિક વિખવાદ સામે આવ્યો. ત્યાર બાદ રૂપાલાએ એક કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજ અંગે કરેલી નિવેદનથી માહોલ જબ્બર ગરમાયો. ગુજરાતમાં હાલ સૌથી વધુ ચર્ચાનો કોઈ વિષય હોય તો એ છે પરસોત્તમ રૂપ ાલાનાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં થઈ રહેલો વિરોધ. ક્ષત્રિય સમાજ એવો આક્ષપ કરી રહ્યો છેકે, ભાજપમાં જેટલાં પણ રાજપૂતો છે એ રાજપૂતો નહીં પણ ભાજપૂતો છે.

સમાજને બદલે સરકાર અને રાજકીય પક્ષની પડખે ઉભા રહેનારા રાજપૂત નેતાઓ સામે અહીં સવાલ ઉઠી રહ્યાં છે. ત્યારે એ પણ જોઈએ કોણ છે એ રાજપૂતો જે બની ગયા છે ભાજપના ભાજપૂતો. અને ભાજપના ભાજપૂત બનીને પોતાની રાજનીતિ માટે મૌનીબાબા બનીને આખા ક્ષત્રિય સમાજના અપમાનના મુદ્દે મૌન સેવી રહ્યાં છે. ક્ષત્રિય સમાજના અગ્રણી એવા ભાવનગરના રાજવીએ સૌથી પહેલાં આક્ષેપ કર્યો હતોકે, ભાજપમાં જેટલાં પણ રાજપૂતો છે એ ભાજપૂતો થઈ ગયા છે. બળવંતતસિંહ રાજપૂત વર્ષો સુધી કોંગ્રેસમાં રહ્યાં. સિદ્ધપુરથી ચૂંટણી લડ્યા, પહેલાં હાર્યા પછી જીત્યાં. ધારાસભ્ય તરીકે રહ્યાં. રાજ્યસભા પણ લડ્યાં. જીઆઈડીસીના ચેરમેન રહ્યાં. હાલ ગુજરાત સરકારની કેબિનેટમાં ઉદ્યોગમંત્રી છે. એક સમયે ગુજરાતના તમામ ધારાસભ્યમાં સૌથી ધનાઢ્ય ધારાસભ્ય પણ રહ્યાં. ક્ષત્રિય સમાજના કાર્યક્રમોમાં મંચ પર દેખાતા આ નેતા શું હાલ ભાજપ ના થઈને રહી ગયા છે એવો આક્ષેપ ખુદ ક્ષત્રિયો કરી રહ્યાં છે. પ્રદિપસિંહ જાડેજા સંઘના જુના કાર્યકર રહ્યાં. ત્યાર બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પછી ગુજરાત સરકારમાં ધારાસભ્ય તરીકે વર્ષો સુધી રહ્યાં. વર્ષો સુધી ગુજરાત સરકારમાં મંત્રી પદ પર રહ્યાં છે. છેલ્લાં બે ટર્મ ગુજરાત સરકારના ગૃહ રાજ્યમંત્રી તરીકે રહ્યાં. અમદાવાદની પહેલાં અસારવા અને બાદમાં વટવા બેઠકથી ધારાસભ્ય તરીકે ભાજપના પ્રતિનિધિ તરીકે ગૃહમાં પ્રવેશ મેળવ્યો. મોદી સરકારે નો રિપીટ ફોર્મ્યુલા અજમાવતા ઘરભેગા થવાનો વારો આવ્યો છે. હાલ સંગઠનમાં છે. પણ હજુ પણ મનમાં સત્તાની ઈચ્છા હોય એ સ્વભાવિક છે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વર્ષોથી ગુજરાત સરકારમાં મંત્રી તરીકે રહ્યાં. નરેન્દ્ર મોદીથી લઈને આનંદીબેન અને રૂપાણીની સરકારમાં પણ તેઓ મંત્રી પદ પર રહ્યાં. છેલ્લે તેઓ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીના પદ પર હતાં. તેમની ચૂંટણીનો હાર-જીતનો મામલો પણ ભારે વિવાદમાં રહ્યો હતો. નોરિપિટ ફોરમ્યુલામાં એ પણ ઘરભેગા થયા હતાં. જોકે, તેઓ પણ સત્તાનું સ્થાન શોધી રહ્યાં હોય એ સ્વભાવિક છે. એવામાં સમાજની સાથે રહેવું કે સંગઠન એટલેકે, રાજકીય પક્ષની સાથે એ મુદ્દો અહીં પણ આવે છે. આઈ.કે.જાડેજા ગુજરાતની ભાજપ સરકારમાં મંત્રી પણ રહ્યાં. લાંબા સમયથી સંગઠનમાં રહીને કામ કરી રહ્યાં છે. જોકે, મનમાં ચોક્કસ ઈચ્છા હોય સરકારમાં જવાની સત્તા સ્થાને બિરાજવાની. હવે આવી સ્થિતિમાં ધર્મ સંકટ એ છેકે, સરકાર સાથે રહેવું કે સમાજ સાથે. આ સવાલ તેમની સામે પણ તેમનો સમાજ કરી રહ્યો છે. જયદ્રથસિંહ પરમાર એ સૌરાષ્ટ્રનું એક મોટું માથું ગણાતા. ક્ષત્રિય સમાજના અગ્રણી એવા જયદ્રથસિંહ પણ ભાજપમાં ધારાસભ્ય રહ્યાં અને સરકારમાં મંત્રી પદ પણ ભોગવ્યું. તેઓ પાસે રાજ્યકક્ષાના મંત્રી પદનો હવાલો હતો. સવાલ એ થાય છેકે, તેઓ હવે સરકાર સાથે છે કે સમાજ સાથે. આ સવાલ અમે નહીં પણ ખુદ ક્ષત્રિય સમાજ કરી રહ્યો છે.

પ્રદિપસિંહ વાઘેલા એક યુવા નેતા તરીકે વર્ષો સુધી ભાજપમાં રહ્યાં. યુવા મોરચાના પ્રમુખ પણ રહ્યાં. છેલ્લે પ્રદેશ મહામંત્રીના પદનો પણ ભોગવટો કર્યો. જોકે, બાદમાં વિવાદોમાં આવ્યાં અને છેલ્લે તમામ પદ છોડવાનો વારો આવ્યો. તેમ છતાં તેઓ આજે સમાજના આ વિવાદમાં કોની સાથે છે રાજપૂતો સાથે કે ભાજપ સાથે? હકુભાના હુલામણાં નામે જાણીતા ધર્મેન્દ્રસિંહ જાડેજા ગુજરાતની ભાજપ સરકારમાં મંત્રી તરીકે રહ્યાં. જામનગર સહિત સૌરાષ્ટ્રમાં રાજપૂત સમાજમાં મોટું માથુ ગણાતા હકુભા હવે ભાજપ સરકારમાં મંત્રી કે ધારાસભ્ય રહ્યાં નથી. તેમના સ્થાને રિવાબા જાડેજાના પાર્ટીએ ટિકિટ આપતા હાલ હકુભા એક પ્રકારે ઘરભેગા જ થઈ ગયા છે. હવે ફરી પાછા સત્તા સ્થાને આવવા માટે તેમણે પણ ભાજપ સાથે રહેવું પડે. એવામાં સમાજની સાથે ઉભા રહેવું તેમને પોસાય ખરું? આવો સવાલ પણ તેમની સાથે થઈ રહ્યો છે. એ જ કારણ છેકે, તેઓ પણ રૂપાલાવાળા વિવાદમાં ક્ષત્રિયોની પડખે ઉભેલાં દેખાતા નથી. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલાં અને વિજાપુરથી ભાજપના વિધાનસભના ઉમેદવાર એવા સી.જે.ચાવડા હવે ભાજપના થઈ ગયા છે. તેમને પણ ઓપરેશન લોટસ મારફતે સરકાર મંત્રી બનાવવાની ઓફર આપીને પાર્ટીમાં સામેલ કરવામાં આવ્યાં છે.

હવે મંત્રી પદ લેવું હોય તો પછી સરકાર સાથે જ રહેવું પડેને. સી.જે.ચાવડાને પણ હવે ભાજપની નારાજગી પોસાય એમ નથી, એ સમયે સમાજ નારાજ થાય તો વાંધો આવે એવો નથી. એટલે તો તેઓ પણ ક્ષત્રિય સમાજના અપમાન વાળા વિવાદમાં કોઈ જગ્યાએ પિક્ચરમાં આવવા તૈયાર નથી. તેથી તેઓ પણ આ ક્ષત્રિય વિવાદમાં મોની બાબા બનીને બેઠાં છે. ઉલ્લેખનીય છેકે, તેઓ અગાઉ લાંબા સમય સુધી કોંગ્રેસમાં ધારાસભ્ય રહ્યાં અને ગઈ લોકસભામાં ગાંધીનગર બેઠક પર ભાજપના હાલના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સામે ચૂંટણી લડ્યાં હતાં. રાજકારણમાં આવતા પહેલાં તેઓ ગુજરાત સરકારમાં અધિકારી પણ હતા. કેસરીદેવસિંહ હાલ ભાજપના રાજ્યસભાના સાંસદ છે.

હવે રાજ્યસભામાં તેમની લોટરી લાગ્યા બાદ તેઓ પણ સરકારની સાથે રહીને ભાજપ દ્વારા મળેલા આ પદને ભોગવવા માંગતા હોય તે સ્વભાવિક છે. આવી સ્થિતિમાં ભાજપ સાથે રહેવું કે પછી રાજપૂત સમાજ સાથે રહેવું એ ધર્મસંકટ બની શકે છે. તેઓ તેઓ પણ ક્ષત્રિય સમાજવાળા વિવાદમાં મોનીબાબા બનીને બેઠાં છે. જયરાજસિંહ પરમાર વર્ષો સુધી કોંગ્રેસમાં રહ્યાં. કોંગ્રેસમાં એક ફાયરબ્રાન્ડ નેતા તરીકેની છબી ઉભી કરી. વિદ્યાર્થીઓના પ્રશ્નો હોય કે મહિલાઓનો મુદ્દો હોય, બેરોજગારીની વાત હોય કે વિકાસની વાત દરેક મુદ્દે આ નેતા અગાઉ ભાજપ સરકારને ભાંડતા હતાં. ત્યાર બાદ મોકો જોઈને ભાજપ ના ખોળે બેસી ગયા. હવે તેમને ભાજપ સારું લાગે છે. હવે તેઓ ભાજપના પ્રદેશ કક્ષાના પ્રવક્તા છે. અર્જુન મોઢવાડિયા સહિતના કોંગ્રેસી નેતાઓને ભાજપ માં લાવવાનું ઓપરેશન લોટસનું કામ પણ તેમને સોંપવામાં આવ્યું છે. જે કામ એ બખુબી કરી રહ્યાં છે. પણ આ નેતાને હાલ પોતાના રાજપૂત સમાજની પડખે ઉભા રહેવું પોસાય તેમ નથી. કારણકે, તેમને રાજકીય મહેચ્છાઓ પુરી કરવા ભાજપ સરકાર સાથે રહેવું પડે એવું છે, એટલે પરસોત્તમ રૂપાલાનો વિરોધ કરતા સમાજ એટલેકે, ક્ષત્રિયોની સાથે આ નેતા હાલ મંચ પર દેખાતા નથી. શક્ય છેકે, જો આજ નેતા હાલ કોંગ્રેસમાં હોત તો બુમો પાડીને ભાજપનો અને રૂપાલાનો વિરોધ કરી રહ્યાં હોત. રાજનીતિમાં બધુ જ શક્ય છે. ધારાસભ્ય રિવાબા જાડેજા, ગીતાબા જાડેજા, કિરિટસિંહ રાણા (ભાજપના ધારાસભ્ય), ધર્મેન્દ્રસિંહ વાઘેલા (સંગઠનના નેતા), વાઘોડિયા અપક્ષ ઉમેદવાર તરીકે જીતેલાં ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સી.કે.રાઉલજી, ભીખુસિંહ પરમાર જેવા ભાજપના અનેક ક્ષત્રિય નેતાઓ હાલ આ રૂપાલાવાળા વિવાદ મુદ્દી મોનીબાબા બનીને ચુપકીદી સેવી રહ્યાં છે. ત્યારે એ સવાલ પણ થાય છેકે, શું ફરી હવે સમાજ આ નેતાઓને પોતાના મંચ પર બોલાવીને હાર તોરા કરશે ખરાં?

# મોતના મુખથી બહાર આવી પંતે કર્યો ચોગ્ગા-છગ્ગાનો વરસાદ

## વિરોધી ટીમનો માલિક એવો શાહરુખ ખાન આ ખેલાડીની રમત જોઈને મેદાનમાં જઈને દોડીને તેની ભેટી પડ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

એક ખેલાડી જેનો લગભગ દોઢ વર્ષ પહેલાં થયો હતો ભયાનક કાર અકસ્માત... હોસ્પિટલમાં અત્યંત ગંભીર હાલતમાં પહોંચ્યો હતો આ ખેલાડી. સૌ કોઈને સતાવતી હતી આ ખેલાડીની ચિંતા. બીસીસીઆઈ, ભારત સરકાર અન ખુદ પ્રધાનમંત્રી મોદીએ આ ખેલાડીની સારવાર પર વિશેષ ધ્યાન આપવા માટે આરોગ્ય અધિકારીઓને આપી હતી સુચના. ત્યાર બાદ ધીરે ધીરે આ ખેલાડી ઠીક થયો. અકસ્માત બાદ બે મિનિટ પોતાના પગ પર ઉભો રહી શકે તેવી પણ આ ખેલાડીની હાલત નહોંતી.

જોકે, તેમ છતાં તેણે ક્યારેય પોતાનું મનોબળ ગુમાવ્યું નહીં, માનસિક સંતોલન ગુમાવ્યું નહીં અને સખત મહેનત કરીને ફરી તે મેદાનમાં પાછો ફર્યો. આ દરમિયાન તે વર્લ્ડ કપ ચુકી ગયો. પણ તેમ છતાં જ્યારે તે ખેલાડી આઈપીએલમાંથી પરત આવ્યો તો ફરી પાછો માહોલ જમાવી દીધો. મેદાનમાં



આવતાની સાથે આ ખેલાડીએ કર્યો ચોગ્ગા-છગ્ગાનો વરસાદ. વિરોધી ટીમનો માલિક એવો શાહરુખ ખાન પણ આ ખેલાડીની રમત જોઈને મેદાનમાં જઈને દોડીને તેની ભેટી પડ્યો. જીહાં અહીં વાત થઈ રહી છે ફ્યુચર ઓફ ઈન્ડિયન ક્રિકેટ...કહેવાતા ઋષભ પંતની. ધોનીને ગુરુ માનનારો આ ખેલાડી ખરા અર્થમાં તેનો અનુગામી બની શકે છે. હાલ ઋષભ પંત આઈપીએલમાં દિલ્લીની ટીમનો કેપ્ટન છે. ગઈકાલે રમાયેલી મેચમાં દિલ્લીની ટીમ શાહરુખ ખાનની કોલકત્તા નાઈટ રાઈડર્સ સામે ખરાબ રીતે હારી ગઈ. જોકે, આ મેચમાં દિલ્લીના કેપ્ટન ઋષભ પંતે સૌ કોઈના દિલ જીતી લીધાં. ઋષભ પંતે સતત બેક ટુ બેક બીજી ઈનિંગમાં ફિફટી ફટકારી. એ પણ ગઈકાલની મેચમાં તો તેણે એક જ ઓવરમાં છ બોલમાં બધા જ બોલે ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કરી દીધો. અને એક જ ઓવરમાં ૨૮ રન ફટકાર્યા. તેણે માત્ર ૨૩ બોલમાં ફિફટી ફટકારી દીધી. ઋષભની આ ઈનિંગ જોઈને દર્શકો જુમી ઉઠ્યાં. કેમેન્ટેટરો પણ કહેવા લાગ્યા કે હવે ઋષભ પંત પાછો આવી ગયો છે અને તે આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં રમશે. જ્યારે પંત આઉટ થયા બાદ પેવેલિયનમાં જઈ રહ્યો હતો ત્યારે કોલકાતા નાઈટ રાઈડર્સના સહ-માલિક શાહરૂખ ખાને પણ ઉભા થઈને તાળીઓ પાડી હતી. ડિસેમ્બર ૨૦૨૨માં કાર અકસ્માત બાદ પંતે પુનરાગમન કર્યું હતું અને સતત બીજી મેચમાં અર્ધશતક ફટકારી હતી. શાહરૂખ પણ પંતની બેટિંગથી ખુશ થઈ ગયો.

### ન્યૂઝ બ્રિફ

## રાજસ્થાન : કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યએ કર્યો આપઘાત

। (એજન્સી) ભીલવાડા, તા.૪ ।

લોકસભા ચૂંટણી પહેલા રાજસ્થાનથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના માંડલગઢ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય વિવેક ધાકડે પોતાના ઘરમાં આત્મહત્યા કરી લીધી છે. પ્રાથમિક વિગતો વિવેક ધાકડે હાથની નસો કાપીને આપઘાત કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં પરિવારજનો તેને હોસ્પિટલ લઈ ગયા જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ તરફ હવે પૂર્વ ધારાસભ્યએ શા માટે આત્મહત્યા કરી તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પૂર્વ ધારાસભ્ય વિવેક ધાકડના નિધનથી તેમના સમર્થકોમાં ભારે શોક છે. તેમના મોતથી પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ છે. સમાચાર સાંભળીને મંડલગઢના વર્તમાન ધારાસભ્ય ગોપાલ ખંડેલવાલ અને પૂર્વ મંત્રી રામલાલ જાટ શબઘર પહોંચ્યા હતા અને તેમણે મૃતક ધારાસભ્યના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. પોલીસ તપાસમાં આત્મહત્યાનું કારણ કૌટુંબિક અણબનાવ હોવાનું બહાર આવ્યું છે. વિગતો મુજબ વિવેક ધાકડ કોંગ્રેસ પાર્ટીની ટિકિટ પર ધારાસભ્ય બન્યા હતા.

## પાકિસ્તાનમાં વધુ એક કરોડ લોકો ગરીબીમાં ધકેલાવાનું જોખમ : વર્લ્ડ બેન્ક

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૪ ।

ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનની કંગાળ સ્થિતિનો ચિતાર રજૂ કરતા વિશ્વ બેંકે તેના દ્વિવાર્ષિક અહેવાલમાં ચેતવણી આપી છે કે દેશના વધુ આશરે એક કરોડ લોકો ગરીબીમાં ધકેલાવાનું જોખમ છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૧.૮ ટકાના મામૂલી આર્થિક વૃદ્ધિદર અને ૨૬ ટકા જેટલા ઊંચા ફુગાવા વચ્ચે વોશિંગ્ટન સ્થિત વૈશ્વિક નાણાસંસ્થાએ આ આશંકા વ્યક્ત કરી છે. વર્લ્ડ બેંકના દ્વિવાર્ષિક પાકિસ્તાન ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટમાં સંકેત અપાયો છે કે પાકિસ્તાન લગભગ તમામ મોટા આર્થિક લક્ષ્યોને ચૂકી જવાની અણી પર છે. દેશ તેના પ્રાથમિક બજેટના લક્ષ્યાંક ચુકી જવાની અને સતત ત્રીજા વર્ષે ખાધમાં રહેવાની ધારણા છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) એ સહાય પેકેજ વખતે તેનું બજેટ સરપ્લસ રાખવાની શરત કરેલી છે. રીપોર્ટના મુખ્ય લેખક સૈયદ મુર્તઝા મુઝફ્ફરીએ જણાવ્યું હતુ કે પ્રારંભિક આર્થિક રિકવરી આવી રહી હોવા છતાં ગરીબી નાબૂદીના પ્રયાસો અપૂરતા છે.

## યૌન શોષણ કેસમાં કોર્ટે ચુકાદો અનામત રાખ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

બીજેપી સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ પર મહિલા રેસલર્સે યૌન શોષણનો આરોપ લગાવ્યો હતો. આ કેસની સુનાવણી કરતી વખતે, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે અને ૧૮ એપ્રિલે તે આ મામલે ચુકાદો આપશે. ગયા વર્ષે જૂનમાં દિલ્હી પોલીસે આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી હતી. આ બાદથી અત્યાર સુધી આ મામલે ઘણી કાર્યવાહી થઈ છે. ત્યારે હવે ચુકાદાને લઈને મોટી માહિતી સામે આવી છે. તમને જણાવી દઈએ કે બ્રિજ ભૂષણ શરણ સિંહ પર કેટલીક સગીર મહિલા ખેલાડીઓએ યૌન શોષણના આરોપો લગાવ્યા હતા. જો કે, બાદમાં સગીરે પોક્સો કેસમાં તેની ફરિયાદ પાછી ખેંચી લીધા પછી, દિલ્હી પોલીસે ફરિયાદીનું નિવેદન નોંધ્યું અને કેન્સલેશન રિપોર્ટ દાખલ કર્યો હતો. પટિયાલા હાઉસ કોર્ટે ફરિયાદીના નિવેદન અને દિલ્હી પોલીસ દ્વારા દાખલ કરાયેલ ક્લોઝર રિપોર્ટ પર પોતાનો ચુકાદો આપવાનો હતો, ફરિયાદી સગીર કુસ્તીબાજે ક્લોઝર રિપોર્ટ પર કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો.

### ન્યૂઝીલેન્ડની ટીમ પાકિસ્તાન સામે ટી૨૦ સિરીઝ રમશે

# પાકિસ્તાનના પ્રવાસ માટે કિવી ટીમના સુકાનીપદે મિચેલ બ્રેસવેલની વરણી

### ન્યૂઝીલેન્ડની ટીમના મોટા ભાગના ખેલાડીઓ હાલમાં ભારતમાં આઇપીએલમાં રમી રહ્યા છે

। (એજન્સી) ઓકલેન્ડ, તા.૪ ।

અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનારા ટી૨૦ વર્લ્ડ કપ અગાઉ પ્રેક્ટિસના ભાગરૂપે પાકિસ્તાનનો પ્રવાસ કરનારી ન્યૂઝીલેન્ડની ક્રિકેટ ટીમના સુકાનીપદે બુધવારે ઓલરાઉન્ડર મિચેલ બ્રેસવેલની વરણી કરવામાં આવી હતી. આ સિરીઝમાં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ ટી૨૦ મેચ રમાશે.

પ્રથમ મેચ ૧૮મી એપ્રિલે રાવલપિંડી ખાતે રમાશે. જોકે ન્યૂઝીલેન્ડની ટીમ તેની પૂરી તાકાત સાથે આ સિરીઝમાં રમી શકશે નહીં કેમ કે તેના મોટા ભાગના ખેલાડીઓ હાલમાં ભારતમાં આઈપીએલમાં રમી રહ્યા છે. આમ કિવિ ટીમ પાકિસ્તાનના પ્રવાસમાં ટ્રેન્ટ બોલ્ટ, ડેવોન કોનવે, ફર્ગ્યુસન, મેટ હેનરી, ડેરેલ મિચેલ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, મિચેલ સેન્ટનર અને કેન વિલિયમ્સન વિના રમવાની છે. આ ઉપરાંત



આગામી મહિનાઓમાં ન્યૂઝીલેન્ડની ક્રિકેટ ટીમના વ્યસ્ત કાર્યક્રમને ધ્યાનમાં રાખીને ટિમ સાઉથીને આરામ આપવામાં આવ્યો છે. સાઉથીએ છેલ્લે યોજાયેલા ટી૨૦ વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડ માટે સૌથી વધુ વિકેટ ખેરવી હતી. ૩૩ વર્ષીય બ્રેસવેલ ગયા માર્ચ મહિનાથી ઈજાને કારણે ટીમની બહાર હતો અને હજી બે વર્ષ અગાઉ જ તે પોતાની પહેલી ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમ્યો હતો. અત્યાર સુધીમાં તે ન્યૂઝીલેન્ડ માટે ૧૬ ટી૨૦ મેચ રમ્યો છે. મોટા ભાગના ખેલાડીઓ આઈપીએલમાં રમી રહ્યા હોવા છતાં બ્રેસવેલની ટીમમાં એવા છ ખેલાડી છે જેઓ છેલ્લા ટી૨૦ વર્લ્ડ કપમાં કિવિ ટીમનો હિસ્સો હતા. આ ઉપરાંત ટીમમાં બે નવા ચહેરા ટિમ રોબિન્સન અને વિલ ઓ'રાઉરકેને સામેલ કરવામાં આવ્યા છે. તે અગાઉ ન્યૂઝીલેન્ડ માટે ટેસ્ટ અને વન-ડે રમી ચૂક્યો છે. પાકિસ્તાનના પ્રવાસમાં ન્યૂઝીલેન્ડની ટીમ પાંચ ટી૨૦ રમશે જેની પ્રથમ મેચ ૧૮મી એપ્રિલે રમાશે. ટીમ આ મુજબ છે. મિચેલ બ્રેસવેલ (સુકાની), ફિન એલન, માક ચેપમેન, જોશ ક્લાર્કસન, જેકોબ ડફી, ડીન ફોકસક્રોફ્ટ, બેન લિસ્ટર, કોલે મેકોન્ચી, એડમ મિલ્ને, જીમી નિશમ, વિલ ઓ'રાઉરકે, ટિમ રોબિન્સન, બેન સિયર્સ, ટિમ સેફર્ટ, ઈશ સોઢી.

### દૂષિત પાણી પીવાના કારણે કેસમાં વધારો થયો

# બેંગ્લુરુમાં કોલેરાના કેસોમાં ધરખમ વધારો થતા ચકચાર

### બેંગ્લોરમાં પાણીની તંગી સર્જાઈ છે : હાલમાં જ બેંગ્લોરના મલ્લેશ્વરમ વિસ્તારમાં ક્લોરિયાના કેસની પુષ્ટિ થઈ છે

। (એજન્સી) બેંગ્લુરુ, તા.૪ ।

બેંગ્લુરુમાં દૂષિત પાણીને કારણે કોલેરાના કેસમાં વધારો થયો છે. વાસ્તવમાં બેંગ્લોરમાં છેલ્લા કેટલાક સમયથી પાણીની તંગી છે. હાલમાં જ બેંગ્લોરના મલ્લેશ્વરમ વિસ્તારમાં ક્લોરિયાના કેસની પુષ્ટિ થઈ છે. તે જ સમયે, વિસ્તારની નજીક બે શંકાસ્પદ કેસ પણ નોંધાયા છે. શહેરમાં કોલેરાના કેસમાં વધારો થતાં ખાનગી હોસ્પિટલોમાં પણ દર્દીઓની સંખ્યા વધી રહી છે.

સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે બેંગલુરુમાં કોલેરાના કેસ વધવા પાછળ દૂષિત પાણી પીવું એક મોટું કારણ માનવામાં આવી રહ્યું છે. રિપોર્ટ અનુસાર બેંગ્લુરુમાં કોલેરાના કેસમાં ૫૦ ટકાનો વધારો થયો છે. માર્ચમાં કોલેરાના ૬, ૭ નવા કેસની પુષ્ટિ થઈ હતી. બેંગુલોરુ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ચીફ ડૉ. રમેશ જીએચએ પણ કહ્યું છે કે પાણીપુરી, સ્ટ્રીટ અને પ્રોસેસ્ડ ફૂડ કોલેરા પાછળનું મુખ્ય કારણ છે. કોલેરાના કારણે શરીરમાં ઈલેક્ટ્રોલાઈટનું સંતુલન પણ બગડી શકે છે. આ વચ્ચે, સ્પર્ષ હોસ્પિટલ, બેંગલુરુના સલાહકાર મેડિકલ ગેસટ્રોએન્ટેરોલૉજ શ્રીહરિ ડી ને કહ્યું કે શહેરમાં હાલના દિવસોમાં કોલેરાના કેસોમાં ૫૦% ની વૃદ્ધિ નોંધવામાં આવી છે, સરેરાશ પ્રતિ દિવસ ઓછામાં ઓછો ૨૦ કેસ છે. તેમણે કહ્યું કે ખરાબ સ્વચ્છતા અને દૂષિત જળ સ્ત્રોત શહેરમાં કોલેરાના કેસમાં વધારો થવાના પ્રાથમિક કારણ છે. શહેરની ઘણી ખાનગી હોસ્પિટલોમાં, સામાન્ય રીતે દર મહિને કોલેરાના માત્ર એક કે બે કેસ નોંધાય છે, પરંતુ માર્ચ દરમિયાન એક પખવાડિયા કરતાં ઓછા સમયમાં છ કે સાત કેસમાં નોંધપાત્ર વધારો થયો હતો. આરોગ્ય નિષ્ણાતો કોલેરાના કેસોમાં આ વધારો થવાનું કારણ નાના પાયાના ખાણીપીણી સ્ટોલમાંથી ખાધા પછી ચેપ લાગતા લોકોને આપે છે. પાણીની તીવ્ર અછતથી પ્રભાવિત આ યુનિયો પાણીની ગુણવત્તા સાથે કોમ્પ્રોમાઈઝ કરે છે, જેના કારણે પાણીજન્ય રોગો ફેલાય છે. BBMP એ ભલે હજુ સુધી કોલેરા ફાટી નીકળવાની જાહેરાત કરી નથી, તેમ છતાં પેટના રોગો વધી રહ્યા હોવાથી શું કરવું અને શું ન કરવું તે અંગે એડવાઈઝરી જારી કરી છે.

### ભારત સરકારે 'મેક ઇન ઇન્ડિયા' પહેલ શરૂ કરી હતી

# બંદૂકની ગોળીની જેમ સુપરફાસ્ટ વધી રહ્યું છે દેશનું ડિફેન્સ સેક્ટર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

થોડા વર્ષો પહેલા ભારત સરકારે દેશના ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે મેક ઈન ઈન્ડિયા પહેલ શરૂ કરી હતી. હવે સરકારનો આ કાર્યક્રમ દેશના સંરક્ષણ ક્ષેત્ર માટે વરદાન સાબિત થઈ રહ્યો છે, જે આ ક્ષેત્રને બંદૂકમાંથી છોડેલી ગોળીની જેમ સુપરફાસ્ટ ગ્રોથ આપી રહ્યો છે. 'મેક ઈન ઈન્ડિયા'ની સૌથી મોટી સફળતા દેશના સંરક્ષણ ક્ષેત્રમાં જોવા મળે છે. કારણ કે તેનાથી દેશમાં સંરક્ષણ ઉત્પાદનોનું ઉત્પાદન વધારવામાં ઘણી મદદ મળી છે. એક દાયકા કરતાં પણ ઓછા સમયમાં ભારતે મોટાભાગના સંરક્ષણ ઉત્પાદનોને માત્ર સ્વદેશી બનાવ્યું નથી, પરંતુ તેમના આયાતકારને બદલે નિકાસકાર પણ બની ગયું છે. સંરક્ષણ ક્ષેત્રમાં દેશની સરકારી સંરક્ષણ કંપનીઓને 'મેક ઈન ઈન્ડિયા' પહેલથી સૌથી વધુ ફાયદો થયો છે. એક સમયે આ કંપનીઓની ક્ષમતાઓ પર પ્રશ્નાર્થ ચિન્હો હતા, પરંતુ હવે આ કંપનીઓ દેશના સંરક્ષણ ક્ષેત્રના વિકાસમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. થોડા દિવસ પહેલા જ દેશના સંરક્ષણ મંત્રીએ આ સફળતાની ગાથા માટે સંરક્ષણ ક્ષેત્રના તમામ સ્ટેકહોલ્ડરનો આભાર માન્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશની સંરક્ષણ નિકાસ ૨૧,૦૮૩ કરોડ રૂપિયાની રહી છે. જ્યારે અગાઉના નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશની સંરક્ષણ નિકાસ માત્ર ૧૫,૯૨૦ કરોડ રૂપિયા હતી. એટલે કે ૩૨.૫ ટકાની સીધી વૃદ્ધિ થઈ છે. જો તમે સંરક્ષણ ક્ષેત્રની વૃદ્ધિ અને નિકાસને લઈને વર્તમાન એનડીએ સરકાર અને અગાઉની યુપીએ સરકારના ૧૦-૧૦ વર્ષના કાર્યકાળ પર નજર નાખો તો તમને મોટો તફાવત જોવા મળશે.

### કોંગ્રેસને સતત એક પછી એક ઝટકા લાગી રહ્યા છે

# ગૌરવ વલ્લભે કોંગ્રેસમાંથી અંતે રાજીનામું આપી દીધું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી પહેલા કોંગ્રેસને સતત એક પછી એક ઝટકા લાગી રહ્યા છે. ૨૪ કલાકમાં કોંગ્રેસના બે મોટા નેતાઓએ રાજીનામું આપી દીધું છે. બુધવારે બોક્સર વિજેન્દર સિંહે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા. ત્યારે આજે ગૌરવ વલ્લભે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને પાર્ટીને રામ-રામ કર્યા હતા. હવે તેઓ ભાજપમાં જોડાયા છે. ગૌરવ વલ્લભની સાથે બિહાર કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અનિલ શર્મા, આરજેડી ઉપેન્દ્ર પ્રસાદને વિનોદ તાવડે દ્વારા પાર્ટીનું સભ્યપદ આપવામાં આવ્યું છે. આજે સવારે જ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પ્રવક્તા ગૌરવ વલ્લભે કોંગ્રેસ પાર્ટીના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. તેમણે સોશિયલ




મીડિયા પોસ્ટમાં રાજીનામું આપતી વખતે પાર્ટી છોડવાનું કારણ પણ આપ્યું હતું. પોતાના રાજીનામાની પોસ્ટમાં ગૌરવ વલ્લભે કહ્યું હતું કે 'હું જ્યારે પાર્ટીમાં જોડાયો હતો તે સમયની કોંગ્રેસ અને અત્યારની કોંગ્રેસમાં દુનિયાનો તફાવત છે.' આ ઉપરાંત તેમણે વધુમાં કહ્યું કે 'તેઓ સવાર-સાંજ સનાતન વિરોધી નારા લગાવી શકતા નથી કે દેશના સંપત્તિ સર્જકોનો દુરુપયોગ કરી શકતા નથી. તેથી તેઓ કોંગ્રેસ પાર્ટીના પ્રાથમિક સભ્યપદની સાથે તમામ હોદ્દા પરથી રાજીનામું આપી રહ્યા છે.' ગૌરવ વલ્લભે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને લખેલા પત્રમાં કહ્યું હતું કે, 'હું ભાવુક છું. મન વ્યથિત છે. મારે ઘણું કહેવું છે, લખવું છે, પરંતુ, મારા સંસ્કાર મને આવું કંઈપણ કહેવાની મનાઈ કરે છે જેનાથી બીજાને દુઃખ થાય. તેમ છતાં, આજે હું મારા વિચારો તમારી સમક્ષ મૂકી રહ્યો છું, કારણ કે મને લાગે છે કે સત્ય છુપાવવું એ પણ ગુનો છે, અને હું આ ગુનાનો ભાગ બનવા માંગતો નથી. કોંગ્રેસ પ્રવક્તાએ આગળ લખ્યું હતુ કે, 'હું ફાયનાન્સનો પ્રોફેસર છું. કોંગ્રેસ પાર્ટીનું સભ્યપદ મેળવ્યા બાદ પાર્ટીએ મને રાષ્ટ્રીય પ્રવક્તા બનાવ્યો હતો.

## સિનિયર ખેલાડીઓ જવાબદાર હોવાનો અંબાતી રાયડુનો આક્ષેપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

રોયલ ચેલેન્જર્સ બેંગલોર લાગલગાટ ૧૬ સિઝન સુધી આઈપીએલ ટાઈટલ જીતવાથી વંચિત રહ્યું છે. ઈન્ડિયન પ્રીમિયર લીગનો ૨૦૦૮માં પ્રારંભ થયો હતો અને ત્યારથી અત્યાર સુધીમાં કોહલી, ડુ પ્લેસિસ સહિતના



સ્ટાર ખેલાડીઓ ધરાવતી બેંગલોરની ટીમ એકપણ વખત ચેમ્પિયનનો તાજ જીતી શકી નથી. ભારતના પૂર્વ બેટ્સમેન અંબાતિ રાયડુએ એવો આક્ષેપ કર્યો છે કે બેંગલોરના આઈપીએલ ટાઈટલના દુકાળ માટે સિનિયર ખેલાડીઓ જવાબદાર છે. ટોચના ખેલાડીઓ હંમેશા દબાણની પરિસ્થિતિમાં ફસડાઈ પડે છે અને જુનિયર ખેલાડીઓ પર પર બધી જવાબદારી લાદવમાં આવે છે. અંબાતિ રાયડુ મુંબઈ ઈન્ડિયન્સ અને બાદમાં ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમતા અનેક વખત આઈપીએલ ચેમ્પિયન ટીમનો હિસ્સો બન્યો હતો. રાયડુએ કોઈ નામ લીધા વગર આરસીબીના ત્રણ સ્ટાર ખેલાડીઓ વિરાટ કોહલી, ફાફ ડુ પ્લેસિસ અને ગ્લેન મેક્સવેલ તરફ ઈશારો કર્યો હતો. આ સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર ચાર પૈકી ત્રણ મેચ હાર્યું છે અને કોહલીએ ૧૪૧ની સ્ટ્રાઈક રેટથી ૨૦૩ રન ફટકાર્યા છે. જો કે પાવરપ્લેમાં કોહલીની ફટકાબાજી હજી સુધી જોવા નથી મળી.

## રોહિત શર્માને મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બનાવાય તેવી સંભાવના

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

મુંબઈ ઈન્ડિયન્સે હોંશે હોંશે હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો હતો. તેમને લાગ્યું હશે કે ગુજરાત ટાઈટન્સ જેવી રીતે શાનદાર પરફોર્મ કરી રહ્યું છે તેની કેપ્ટનશિપમાં એમ જ મુંબઈ ઈન્ડિયન્સ



પણ પ્રદર્શન કરશે. જોકે આ સિઝનની શરૂઆતની ત્રણેય મેચમાં એકતરફી હારનો સામનો કર્યા બાદ હાર્દિકની કેપ્ટનશિપ સામે સવાલ ઉઠી રહ્યા છે. નિષ્ણાંતો તેના નિર્ણયોની નિંદા કરી રહ્યા છે એટલું જ નહીં બોલિંગ ચેન્જ અને બેટિંગ ઓર્ડર સ્ટેબિલિટીનો મુદ્દો પણ તેઓ ઉઠાવી રહ્યા છે. રોહિત શર્માને જ્યારથી કેપ્ટનશિપ પદેથી કાઢીને હાર્દિકને કેપ્ટન બનાવાયો છે ત્યારથી જ આવો માહોલ જોવા મળી રહ્યો છે. ફેન્સ પણ હાર્દિકને ટ્રોલ કરી રહ્યા છે અને જેમ ફાવે તેમ બોલી રહ્યા છે. ક્રિકબઝ સાથેની વાતચીત દરમિયાન ભારતીય ટીમનાં પૂર્વ બેટ્સમેન મનોજ તિવારીએ કહ્યું કે મારા ખયાલથી અત્યારે કઈપણ થઈ શકે છે. ફ્રેન્ચાઈઝી કમબેક કરવા માટે કદાચ રોહિતને કેપ્ટન બનાવી શકે છે. તેણે વધુમાં કહ્યું કે જેટલું મને ખબર છે એટલું જોઈએ તો આ ફ્રેન્ચાઈઝી અને માલિકો કપરા નિર્ણયો લેતા ખચકાતા નથી. તેમણે આવા નિર્ણયો પહેલા પણ લીધા છે કે અચાનક હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવી દેવાયો અને રોહિતની પાસેથી કેપ્ટનશિપ છીનવાઈ ગઈ.

## સ્પષ્ટ ચર્ચાથી હાર્દિકનો મામલો ઉકેલી શકાયો હોત : રવિ શાસ્ત્રી

(એજન્સી) મુંબઈ, તા.૪ ।

હાલમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) યોજાઈ રહી છે ત્યારે મુંબઈ ઈન્ડિયન્સના સુકાની તરીકે હાર્દિક પંડ્યાની વરણીને હજી પણ પ્રશંસકો સ્વિકારી રહ્યા નથી અને લગભગ દરેક મેચમાં પ્રેક્ષકો તરફથી હાર્દિકનો હુરિયો બોલાવવામાં આવી રહ્યો છે ત્યારે ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર



અને કોચ રવિ શાસ્ત્રીનું માનવું છે કે મુંબઈ ઈન્ડિયન્સે તના નિર્ણયની આપ-લેમાં યોગ્ય ચર્ચા-મંત્રણા કરી હોત તો આ મામલો ઉકેલી શકાયો હોત. જોકે રવિ શાસ્ત્રીએ આ મુદ્દે હાર્દિક પંડ્યાને શાંત રહેવા અને મજબૂત પ્રદર્શન કરીને પરત ફરવાની સલાહ આપી છે. શાસ્ત્રીએ જણાવ્યું હતું કે આ ભારતીય ક્રિકેટ ટીમ રમી રહી નથી. આ ફ્રેન્ચાઈઝી ક્રિકેટ છે. ફ્રેન્ચાઈઝી દ્વારા ખેલાડીઓને જંગી રકમ ચૂકવવામાં આવે છે. અહીં તેઓ માલિક છે અને તેમને કયા ખેલાડીને કેપ્ટન બનાવવો તેનો અધિકાર છે. બરાબર છે પણ મારું માનવું છે કે આ મુદ્દાને સ્પષ્ટતા સાથે ઉકેલી શકાયો હોત. જો તમે હાર્દિકને સુકાની તરીકે ઈચ્છતા હો તો એમ કહો કે તમે ભવિષ્ય અંગે યોજના ઘડી રહ્યા છો. અમે તેને કેપ્ટન તરીકે સજ્જ કરવા માગીએ છીએ. બધા જાણે છે કે રોહિતે શાનદાર કામગીરી બજાવી હતી અને અમે રોહિત પાસેથી આશા રાખીએ છીએ કે તે આગામી ત્રણ વર્ષ માટે હાર્દિકને સજ્જ થવામાં મદદ કરે તેમ શાસ્ત્રીએ ઉમેર્યું હતું. આ પ્રકારની માહિતીની આપ-લે અને સ્પષ્ટતા દરેક માટે જરૂરી છે તેમ કહીને શાસ્ત્રીએ ઉમેર્યું હતું કે તેનો અર્થ એમ નથી કે અમ રોહિતને નથી ઈચ્છતા તેમ કહેવું અથવા તો રોહિત સાથે ખરાબ વ્યવહાર કરવો.

# તંત્રી લેખ...

## ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદીમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ

ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદી જાહેર કરી છે અને તેમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક નામ એવું છે જે આજ સુધી ક્યારેય સાંભળવામાં નથી આવ્યું . જે છે રેણુકા જગતિયાની જેમણે અબજોપતિઓની યાદીમાં નવી એન્ટ્રી કરી છે. રેણુકા જગતિયાની દેશના અમીરોની યાદીમાં ૪૪મા ક્રમે છે અને તેમની કુલ સંપત્તિ લગભગ ૫ બિલિયન ડોલર એટલે કે ૪૦ હજાર કરોડ હોવાનો અંદાજ છે. આજે રેણુકા અબજોપતિઓની યાદીમાં સામેલ છે. તમને જણાવી દઈએ કે એક સમય હતો જ્યારે તેના પતિ લંડનના રસ્તા પર કેબ ચલાવી પોતાનું ગુજરાન કરતા હતા આજે અબજોપતિઓની યાદીમાં તેમની એન્ટ્રી થઈ છે ત્યારે ચાલો જાણીએ કેવી રીતે તે આટલા આમીર થયા. રેણુકા જગતિયાની ફોર્બની ટોપ ૧૦૦ ભારતીય ધનિકોની યાદીમાં ૪૪મા સ્થાને છે. રેણુકા જગતિયાની લેન્ડમાર્ક ગ્રુપના **CEO** છે અને તેમની સંપત્તિ **$4.8** બિલિયન અથવા લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. લેન્ડમાર્ક ગ્રુપનો બિઝનેસ ઘણા દેશોમાં ફેલાયેલો છે. તેનું મુખ્યાલય દુબઈમાં છે અને આ કંપનીની સ્થાપના રેણુકાએ તેના સ્વર્ગસ્થ પતિ મિકી જગતિયાની સાથે મળીને કરી હતી. ફોર્બ્સ ૨૦૨૪ રિચ લિસ્ટમાં સામેલ રેણુકા જગતિયાનીએ લેન્ડમાર્ક ગ્રૂપને આગળ લઈ જવામાં અને તેને ઉંચાઈઓ પર લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. બિઝનેસ સેક્ટરમાં તેમના કામને જોતાં, રેણુકાને ૨૦૦૭માં આઉટસ્ટેન્ડિંગ એશિયન બિઝનેસ વુમન ઑફ ધ યર અને ૨૦૧૨માં બિઝનેસવુમન ઑફ ધ યર જેવા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. આજે અમીરોની યાદીમાં પ્રભુત્વ જમાવનાર રેણુકા જગતિયાનીની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. આજે રેણુકા ભલે ભારતીય અમીરોની યાદીમાં ઉચ્ચ સ્થાને પહોંચી ગયા હોય, પરંતુ તેમણે પોતાના જીવનમાં ઘણા મોટા ઉતાર-ચઢાવનો સામનો કર્યો છે. આ વાતનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે રેણુકાના પતિ સ્વર્ગસ્થ મિકી જગતિયાની એક સમયે લંડનમાં કેબ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. અહેવાલો અનુસાર, મિકી ૧૯૭૦ ના દાયકામાં લંડનમાં એક કેબ ડ્રાઈવર હતા અને ત્યાંથી તે પહેલા બહેરીન અને પછી દુબઈ ગયા અને એક વિશાળ બિઝનેસ સામ્રાજ્ય બનાવ્યું, જેનું સંચાલન પત્ની રેણુકા જગતિયાની કરે છે.

## લોકસભા ચૂંટણી નજીક, ભાજપમાં ઉમેદવારોની જાહેરાત પછી અસંતોષનો રાફડો ફાટ્યો

ગુજરાત ભાજપનો મજબૂત ગઢ ગણાય છે. એટલું જ નહીં ગુજરાત બહાર દેશભરમાં ગુજરાત મોડલની ચર્ચાઓ પણ થતી રહે છે. ત્યારે આવામાં ત્રણ દાયકાથી ભાજપનો ગઢ રહેલા ગુજરાતમાં શિદ્ધબદ્ધ પાર્ટી તરીકે પંકાયેલી બીજેપી માટે એક પછી એક પડકારો ઊભા થઈ રહ્યા છે. ૨૦૧૭ની ચૂંટણીને બાજુ પર મૂકીએ તો તે પહેલા ભાજપને આવો પડકાર મળ્યો નથી. પાટીદાર અનામત આંદોલનના કારણે ૨૦૧૭માં ભાજપ માટે મોટો પડકાર બન્યો હતો અને પાર્ટી ૯૯ બેઠકો પર સમેટાઈ હતી. ગુજરાતમાં ભાજપની મજબૂત સ્થિતિનો શ્રેય તેની સંગઠન ક્ષમતાને અપાય છે પરંતુ હવે જ્યારે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી નજીક છે અને પાર્ટીએ ઉમેદવારોની જાહેરાત કરી તે પછી તો જાણે અસંતોષનો રાફડો ફાટી રહ્યો છે. પાર્ટીના જૂના જોગીઓને પાર્ટીમાં જે રીતે કોંગ્રેસી નેતાઓની આવભગત થઈ રહી છે તેના પર ચિંતાનું મોજું ફરી વળતું દેખાય છે. તાજેતરમાં અનેક કોંગ્રેસી નેતાઓ ભાજપ તરફ વળ્યા. એવા પણ રિપોર્ટ્સ છે કે વડોદરામાં તો પાર્ટીના એક કાર્યકરે કાયદેસર રીતે ભાજપ (શ્યામાપ્રસાદ મુખરજી) નામથી એક પાર્ટી ઊભી કરવાની તૈયારી પણ કરેલી છે. અત્રે જણાવવાનું કે લોકસભા ચૂંટણી પહેલા ઓપરેશન લોટસ હેઠળ ભાજપનો જે ભરતી મેળો થયો તેમાં કોંગ્રેસ અને આપના લગભગ ૫ હજારથી વધુ નેતાઓ પક્ષમાં જોડાયા હતા. ત્યારે એ જાણવું પણ જરૂરી બને કે શું આવા ભરતીમેળાથી પાર્ટીમાં અસંતોષ વધી રહ્યો છે? જે રીતે બીજી પાર્ટીમાં આવતા લોકોને પાર્ટીમાં ભાવ મળી રહ્યો છે તેનાથી પાર્ટીમાં મન દઈ સેવા કરનારા કાર્યકરો જાણે નારાજ જોવા મળી રહ્યા હોય તેવું લાગે છે. શિસ્તબદ્ધ પાર્ટીમાં કાર્યવાહી પણ આકરી થવાના ડરે કોઈ ખુલીને તો ન બોલે પરંતુ આંતરપીડા જાણે વધી રહી છે. જેના પગલે સાબરકાંઠામાં લોકસભા ઉમેદવાર બદલવા છતાં વિરોધ યથાવત જોવા મળી રહ્યું છે. વિરોધ પાછળ મૂળ કારણ એ પણ છે કે ગુજરાતમાં ચૂંટણીની બરાબર પહેલા જ કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાનારા પૂર્વ વિધાયકની પત્નીને ઉમેદવાર બનાવી દેવાયા છે. બીજી બાજુ અમરેલી, વલસાડ, જૂનાગઢ, રાજકોટમાં વિરોધ સતત ચાલુ છે પરંતુ કારણો અલગ અલગ છે. મળતી માહિતી મુજબ લગભગ અડધો ડઝન બેઠકો પર અસંતોષ હોવાનું સામે આવ્યું છે. ક્યાંક સમુદાયને પ્રતિનિધિત્વ નથી મળ્યું તો ક્યાંક એવો આરોપ લગાવાયા છે કે જમીનસ્તરના કાર્યકરોની અવગણના કરીને જૂનિયર જેવા લોકોને ટિકિટ અપાઈ છે. ગુજરાત એ ભાજપનો ગઢ છે અને હાલમાં થયેલા ઓપિનિયન પોલ, સર્વેમાં ત્રીજીવાર ભાજપ રાજ્યમાં ક્લિનસ્વીપ કરે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે ત્યારે આવામાં પણ ગુજરાતમાં જાણે કાર્યકરો ભયંકર દબાણ હેઠળ જોવા મળી રહ્યા છે. ગત લોકસભા ચૂંટણીમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટિલ પોતે નવસારી બેઠકથી સૌથી વધુ લીડથી જીતી આવ્યા હતા અને હવે પાટિલે ગુજરાતની તમામ બેઠકો પર પાંચ લાખથી વધુ બહુમતીથી જીતવાનો લક્ષ્યાંક પણ મૂકી દીધો છે. એટલું જ નહીં આ માટે એવી કડક કામગીરી પણ આરંભી છે. ભાજપે આ લોકસભામાં ૫ લાખની લીડથી જીતવું હોય તો તમામ બુથો પર લીડ મેળવવી એ જરૂરી છે. ભાજપ સારી રીતે જાણે છે કે ગુજરાતમાં ૧૫ હજાર બુથો માઈનસમાં ચાલે છે. સીઆર પાટીલને ટેન્શન છે કે આ બુથો માઈનસ રહ્યાં તો ભાજપના મિશનને ઝટકો પડશે એટલે આ બુથોને પ્લસ કરવાની જવાબદારી સીધી ધારાસભ્યો પર ઢોળી દીધી છે. ત્યારે કાર્યકરો પર જવાબદારી ઘણી વધી જાય છે. એક અંદાજા મુજબ ૨૦૦૨ બાદ ગુજરાતમાં કોંગ્રેસના ૨૧૦ જેટલા નેતાઓ ભાજપમાં જોડાયા. આમાંથી અનેક નેતાઓ એવા પણ હતા જે કોંગ્રેસના મોટા પદો પર હતા. કેટલાક સાંસદ અને ધારાસભ્ય પણ હતા. ત્યારે મહત્વનું એ બને છે કે આટ આટલી ભરતી થાય છે પરંતુ ભાજપના પોતાના સંગઠનમાં જે મહત્વના પદો ખાલી પડ્યા છે ત્યાં કોઈ નથી. સી આર પાટિલ જ્યારે પ્રદેશ અધ્યક્ષ બન્યા હતા ત્યારે ટીમમાં ચાર મહાસચિવ નિયુક્ત કર્યા હતા. આવામાં હવે જ્યારે ચૂંટણી નજીક છે તો બે જ મહાસચિવ કાર્યરત છે. જેમાં રજની પટેલ અને વિનોદ ચાવડા સામેલ છે. વિનોદ ચાવડા કચ્છથી લોકસભા લડી રહ્યા છે અને કચ્છ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે ત્યારે તેમના માટે જનસંપર્ક પણ એક મોટો પડકાર છે.

**મોહ માયા અને મમતાના બંધનમાં બંધાઈને આપણે આપણી જાતે જ આપણા જીવનની ચુંદડીમાં દાગ લગાવતા હોઈએ છીએ!**

# લાગા ચૂનરી મેં દાગ છુપાઉં કૈસે! એ ગીતના સાર મુજબ જીંદગીની ચૂંદડીને દાગ રહિત રાખવા પ્રયાસ કરીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આમ પણ સ્ત્રી હોય કે પુરુષ એ બંને જણા પોતાના સાસરામાં અમુક પ્રકારની મર્યાદાથી જ જીવતા હોય છે, બસ એ જ રીતે આપણે પણ આપણી મર્યાદા જાળવીને અહીં જીવવાનું છે, તો આપણી આ ચુંદડીમાં ઓછામાં ઓછા ડાઘ લાગશે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જીવનને ઘણી વસ્તુઓ સાથે સરખાવવામાં આવ્યું છે, પણ જીવનને ચૂંદડી એટલે ચુનર નું વિષેશણ એકદમ પરફેક્ટ બેસે છે, અને આપણે ચિંતનમાં ઘણીવાર આ શબ્દ પ્રયોગ કર્યો છે. ચુનર એટલે કે જેમ દરેક વ્યક્તિ અલગ અલગ વસ્ત્ર ધારણ કરે, એમ દરેકની જીવન ચુનર પણ અલગ અલગ હોય. કોઈની રંગબેરંગી હોય, તો કોઈની એટલે કે ભગવા રંગની કે સફેદ હોય, કોઈની ડાઘાડૂઘી વાળી હોય,કોઈની ફાટેલી પણ હોય! કારણકે દરેકના જીવનમાં કોઈને કોઈ પ્રકારે ઊંચનીચ થતું જ રહેતું હોય છે. એટલે કે કોઈનું જીવન એકધારું હોતું નથી, ક્યારેક એમાં સારો પડાવ હોય તો, ક્યારેય ખરાબ! અને ત્યારે માનવી પોતાની માનસિકતાના આધારે એ સમયને પસાર કરતો હોય. જો સંસ્કાર એના રગરગમાં વણાયેલા હોય તો એ, આ સમયને પણ કસોટી માની પાર કરી જાય છે. પરંતુ આંતર બાહ્ય અસંતુલન એ આજના સમયની સૌથી મોટી વિલક્ષણતા કહી શકાય, અને એમાં શાંત રહેવું, ધીરજ રાખવી, ઉદારતા દાખવવી, આ બધા ગુણો લુપ્ત થતી પ્રજાતિની જેમ લુપ્ત થતા જાય છે, અને ત્યારે

સમય સંજોગ કે સંબંધવશ કે પછી સ્વભાવ વશ માનવી કોઈને કોઈ ભૂલ કરી બેસતો હોય છે, અને એ સમયે તેની જીવન ચુનરમાં ડાઘ લાગી જાય છે, અને આવું થાય ત્યારે એ ઈશ્વરથી પોતાની ચુંદડી કઈ રીતે છુપાવી શકે ? બસ આવો જ ભાવ કંઈક આજના તરાને કી તર્જના ગીતનો છે.

લાગા, ચુનરી મેં દાગ, છુપાઊઁ કૈસે,
લાગા, ચુનરી મેં દાગ ચુનરી મેં દાગ,
છુપાઊઁ કૈસે, ઘર જાઊઁ કૈસે,
લાગા, ચુનરી મેં દાગ ...

હો ગઈ મૈલી મોરી ચુનરિયા,
કોરે બદન સી કોરી ચુનરિયા- ૨ આ ...
જાકે બાબુલ સે, નજરેં મિલાઊઁ કૈસે,
ઘર જાઊઁ કૈસે લાગા, ચુનરી મેં દાગ ...

ભૂલ ગઈ સબ બચન બિદા કે
ખો ગઈ મૈં સસુરાલ મેં આકે
આ ..જાકે બાબુલ સે, નજરે મિલાઊઁ કૈસે,
ઘર જાઊઁ કૈસે લાગા, ચુનરી મેં દાગ ...

કોરી ચુનરિયા આત્મા મોરી મૈલ હૈ માયા જાલ - ૨
વો દુનિયા મોરે બાબુલ કા ઘર યે દુનિયા સસુરાલ..
હાઁ જાકે, બાબુલ સે, નજરે મિલાઊઁ કૈસે,
ઘર જાઊઁ કૈસે લાગા, ચુનરી મેં દાગ ...

આ આ
ધીમ ત ન ન ન દિર દિર તાનુમ
તા ન દેરે ન ધીમ ત ન ન ન દિર દિર તાન,
ધીમ ત દેરે ન ...
સપ્ત સુરન તીન ગ્રામ બંસી બાજી દિર દિર તાની,
તા ની ની દ, ની
દ પ મ, પ મ મ ગ મ ધ ગ મ મ ગ રે
સ ધ ધ કેટે ધ ધ ધ કેટે ધ ધ કેટ ધ કેટ ધરત
પાગ પત નયી પરણ ઝાઁઝર ઝનકે ઝન નન ઝન નન
દિર દિર ત તૂમ ત દ ની,
ત ન ન ન ત ન ન ન ધીમ ત ન ન ન ન
દિર દિર તામ ...

૧૯૬૩ ની સાલમાં બનેલું આ "દિલ હી તો હૈ" ફિલ્મનું આ ગીત છે, સંગીતકાર રોશન અને ગીતકાર સાહિર લુધિયાનવી સાહેબનાં શબદો છે, મન્નાડેનાં અવાજમાં ગવાયેલા આ ગીતનો રાગ ભૈરવી છે. રાજ કપૂર પદ્મિની અને પ્રિયદર્શીની અભિનેત આ ગીત બહુ જ પ્રખ્યાત છે.

આ ફિલ્મ પણ મેં જોઈ નથી, પરંતુ કવિનો લખતી વખતે આ ગીત પાછળ સંદર્ભ સ્પષ્ટપણે આધ્યાત્મિક રહ્યો હશે, એવું લાગે છે. ભૂલ થઈ ગઈ, ચુંદડીમાં ડાઘ લાગી ગયો, હવે ઈશ્વર પાસે કેમ જઈશ! એને આ ડાઘ વિશે કેમ જણાવીશ! એવો રંજ કવિને થાય છે. સાવ સીધા સાદા શબ્દોથી કવિએ ખૂબ જ ઊંચી વાત કહી છે. ધરા પરનો અર્થ લઈએ તો પણ જુવાનીમાં યુવતીથી કોઈ ભૂલ થાય, અને ન કરવા જેવું કંઈક થયું કે તેના એટલે કે આપણી ભારતીય સંસ્કૃતિના સંસ્કાર નથી તો, એને એવું અનુભવાશે કે મારી ચુંદડી મેલી થઈ ગઈ છે! એટલે જે બદન, શરીર, કે કાયા આજ સુધી પવિત્ર હતું ચરિત્રની દ્રષ્ટિએ કોઈ આંગળી ચીંધી શકે તેવું નહોતું, એ એ કાયા આજે મેં અપવિત્ર કરી છે. હવે આવી મેલી ચૂંદડી લઈને હું કેમ ઘરે જઈશ! એને ઘરે જતા ડર લાગે છે, કે હું કઈ રીતે ઘરે જઈશ! બાબુલ એટલે કે મારા પિતા સામે કઈ રીતે નજર મેળવીશ! આગળ જતા જતા રચનાના ભાવ ઉંચા થતા જાય છે, કહે છે કે વિદાય વખતના વચનો ભૂલી ગઈ, માતા પિતાની આબરૂ વિશે પણ કંઈ વિચાર્યું નહીં, અને સસુરાલ એટલે કે આ દુનિયાની ચકાચૌંધમાં ખોવાઈ ગઈ, અને કવિ જન્મ વખતે જે વચનો માનવીએ ઈશ્વરને આપ્યા હતાં, એ વિસરાઈ ગયાનો રંજ આ રીતે વ્યક્ત કર્યો છે. કવિ કહે છે કે કોરી ચુનરીયા એટલે કે એકદમ ચોખ્ખું ચણાક અને પવિત્ર ચુંદડી એ મારો આત્મા છે. આવી કોરી ચુંદડી લઈને જ હું અહીં આવી હતી, એમાં મોહમાયાનાં મેલ થી મેં જાતે જ મારી ચુનરી મેલી કરી. ઈશ્વરના ઘર કે સ્વર્ગનો સંદર્ભ ટાંકતા કવિ કહે છે, વો દુનિયા મેરે બાબુલ કા ઘર યે દુનિયા સસુરાલ! એટલે કે ઈશ્વરના ઘરે હતી ત્યાં સુધી હું પવિત્ર હતી, પણ સસુરાલમાં આવ્યા પછી જ મારી ચુનર મેલી થઈ ગઈ! હવે હું બાબુલના એટલે કે ઈશ્વરના ઘરે જઈશ તો એની સાથે નજર કેવી રીતે મેળવી શકીશ ! અને ઘરે કેમ જાઉં! કવિએ તો ખૂબ ઊંચા ભાવ સાથે આ રચના લખી, સંગીતકારે પણ ઉત્કૃષ્ટ એનું કમ્પોઝિશન કર્યું, અભિનેતાએ દમદાર અભિનય કર્યો, અને મનાડે એ પણ ખૂબ જ સુંદર અવાજમાં એને ગાયું. આપણે સાંભળીએ તો આપણું હૃદય પણ આ જ ભાવને મહેસુસ કરે એટલી ઉત્કૃષ્ટ રચના છે.

દરેકે દરેક જીવને જીવનમાં એક ને એક વાર તો આ વાત પર પસ્તાવો થાય જ છે, એટલે કે મોહ માયા અને મમતાના બંધનમાં બંધાઈને આપણે આપણી જાતે જ આપણા જીવનની ચુંદડીમાં દાગ લગાવતા હોઈએ છીએ! અને દરેક વખતે એવું પણ નથી કે આપણે જાણતા નથી. કોઈ કોઈ વાર તો મમતા એવું આધંળુકિયું કરાવે કે, આપણે ધૃતરાષ્ટ્ર ગાંધારી કરતા પણ વધુ નીચે જતા હોઈએ એવું દેખાય! તો ક્યારેક આપણી વાણીમાં એટલું ઝેર ભેળવ્યું હોય કે, એનાથી પણ કોઈનું જીવન બળીને ખાખ થઈ જતું હોય! પણ પળપળની જાગૃતિ એ એક જ માર્ગ છે! આપણી જીવન ચુનરને ડાઘ રહિત રાખવાનો કે પવિત્ર રાખવાનો! એ સત્ય યાદ રાખીને કવિ કહે છે, તેમ સસુરાલના આ દિવસોમાં જીવવાનું છે. આમ પણ સ્ત્રી હોય કે પુરુષ એ બંને જણા પોતાના સાસરામાં અમુક પ્રકારની મર્યાદાથી જ જીવતા હોય છે, બસ એ જ રીતે આપણે પણ આપણી મર્યાદા જાળવીને અહીં જીવવાનું છે, તો આપણી આ ચુંદડીમાં ઓછામાં ઓછા ડાઘ લાગશે, અને આપણને બાબુલના ઘરે જતી વખતે કોઈ ચુંદડી છુપાવવાનો રંજ નહીં રહે. આપણે સૌ આપણી તથા અન્યની ખુશીને ગુંથી ને ચુંદડીને રંગીન બનાવી શકીએ, અથવા તો ઉંમર પ્રમાણે બધુ છોડતા જઈને, જીવન ચુનરને સફેદ સ્વચ્છ કે પવિત્ર રાખી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**મનુષ્ય કહે છે કે, હું વ્યવહારુ છું તો વ્યવહારુ માણસ કદી આવી ચલણી નોટને ઉકરડે નાખે ખરો?**

# અનિત્ય શરીરના સાધન દ્વારા નિત્ય એવા પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે, છતાં જે ન કરે તેના જેવો કમનસીબ કોણ?



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વૃક્ષ પડવાનો અવાજ ગોપીઓએ સાંભળ્યો. એટલે ગોપીઓ દોડતી ત્યાં આવી છે. આવડા મોટા વૃક્ષ કેવી રીતે પડ્યાં? એટલામાં તેમણે ત્યાં કનૈયાને જોયો.**

આ મનુષ્ય શરીર પ્રભુએ અત્યંત કૃપા કરી આપણને આપેલું છે. મનુષ્યો એને પ્રાપ્ત કરીને પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખતા નથી અને પ્રભુચરણનું શરણ લેતા નથી તે મનુષ્ય અતિ શોચનીય છે. તેઓ પોતે પોતાની જાતને દગો દઈ રહ્યા છે. અનિત્ય શરીરના સાધન દ્વારા નિત્ય એવા પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે, છતાં જે ન કરે તેના જેવો કમનસીબ કોણ?

ચલણની રૂપિયા સોની નોટ ફાટી ગયેલી હોય, પણ જો નોટનો નંબર દેખાતો હોય, તો નોટને કોઈ ફેંકી દેતું નથી,તેમ આ શરીર નંબર વાળી નોટ છે. એટલે એનું પૂરું મૂલ્ય ઉપજાવી શકાય એમ છે તો શા માટે ન ઉપજાવવું? મનુષ્ય કહે છે કે, હું વ્યવહારુ છું. તો વ્યવહારુ માણસ કદી આવી ચલણી નોટને ઉકરડે નાખે ખરો? બુદ્ધિશાળી માણસ કદી એવું કરે ખરો? આ શરીર પરમાત્માનાં કાર્ય માટે છે. પ્રભુએ કૃપા કરીને તેઆપ્યું છે. મદમાં અંધ થયેલા લોકોને કાંઈ ભાન નથી. શરીરનો ઉપયોગ કેવળ ભોગવિલાસમાં કરે તેને બીજા જન્મમાં વૃક્ષ થવું પડે છે.એ ભોગ યોનિ છે. વૃક્ષ એ જડ નથી,તે પાપ યોનિ છે.છ ઋતુના તેને માર સહન કરવા પડે છે. માટે એવી રીતે ભોગ ન ભોગવો કે વૃક્ષ થવું પડે!

આ બંને યક્ષો મદથી આંધળા અજિતેન્દ્રિય બન્યા હતા. તેથી હે યક્ષો,તમે વૃક્ષ થઈને પડો! એવો નારદજીએ તેમને શાપ આપ્યો.

શ્રાપ સાંભળી નળકુબેર અનેમણિગ્રીવને પશ્ચાત્તાપ થયો, દુઃખ થયું. તેઓ નારદજીને શરણે આવ્યા ક્ષમા કરો, ભગવાન ક્ષમા કરો!નારદજીએ કૃપા કરી તેને ગોકુળમાં વક્ષનો અવતાર આપ્યો છે. તેમણે કહ્યું, જાઓ, નંદબાબાના ઘરના આંગણામાં તમને વૃક્ષનો અવતાર મળશે. ત્યાં તમને શ્રીકૃષ્ણનાં ચરણ નો સ્પર્શ થશે એટલે મુક્તિ મળશે.

આ શ્રાપ કહેવાય કે આશીર્વાદ? યોગીઓ પણ વૃંદાવનમાં વૃક્ષ- લતાનો અવતાર માગે છે, ત્યારે આમને સામેથી વગર માગ્યે મળે છે. નારદજીએ શ્રાપ તો આપ્યો, પણ સંતોનો શ્રાપ કે ક્રોધ હંમેશાં આશીર્વાદરૂપ હોય છે. એટલે તેમને ગોકુળમાં વૃક્ષોનો અવતાર મળ્યો.

ઉદ્ધવજી વૃંદાવનમાં ગોપીઓનો શ્રીકૃષ્ણપ્રેમ જોઈ અને ત્યાંનું પ્રભુમય વાતાવરણ જોઈ મનની એવી ઝંખના પ્રગટ કરે છે કે, અહીં તો ગોપીઓ પણ મુકુંદ પદવીને પામેલી છે. એવી આ ગોપીઓની ચરણરજ અહીંની વૃક્ષલતાને મળે છે. વૃક્ષલતાઓનું એ ભાગ્ય જોઈ મને પણ એવી કોઈ વૃક્ષલતા રૂપે અહીં જન્મ આપો એવી હું પ્રભુને પ્રાર્થના કરું છું.

વ્રજની ભૂમિનું કેવું અનુપમ સૌભાગ્ય છે! પ્રભુએ નળકુબેર- મણિગ્રીવ રૂપ તે બે વૃક્ષોનો ઉદ્ધાર કર્યો. નળકુબેર અને મણિગ્રીવે ભગવાનની સ્તુતિ કરી કે,હે ભગવાન! અમે તમારી પાસે એટલું જ માગીએ છીએ કે, અમારી વાણી ફક્ત આપના ગુણાનુવાદ ગાવામાં રચીપચી રહો, અમારા કાન આપની કથા સાંભળ વામાં તલ્લીન રહો,અમારા હાથ આપના સેવાકાર્યમાં અને અમારું મન આપનાં ચરણોનું સ્મરણ કરવામાં લીન રહો,અમારું મસ્તક આપના નિવાસરૂપ જગતને પ્રણામ કરવા માં રત રહો. અમારી દૃષ્ટિ આપની મૂર્તિરૂપ સંતપુરુષોનું દર્શન કરવા માં તત્પર રહો!

આંખ, કાન, હાથ, પગ, વાણી એમ એક એક ઈન્દ્રિયને ભક્તિરસનું દાન કરો તો ઈન્દ્રિયોને શાંતિ મળશે. નળકુબેર-મણિગ્રીવ આ સ્તુતિ કરી ગોલોક ધામમાં ગયા છે. ગોલોક ધામમાં નિત્ય શ્રીકૃષ્ણ લીલા થાય છે. આજે તેઓ સ્નિગ્ધ અને મધુકંઠ રૂપે ગોલોકમાં રોજ શ્રીકૃષ્ણ કીર્તન કરે છે.

વૃક્ષ પડવાનો અવાજ ગોપીઓએ સાંભળ્યો. એટલે ગોપીઓ દોડતી ત્યાં આવી છે. આવડા મોટા વૃક્ષ કેવી રીતે પડ્યાં? એટલામાં તેમણે ત્યાં કનૈયાને જોયો. ભગવાનની દયા કે અમારો કનૈયો બચી ગયો. નંદબાબા દોડતા આવ્યા છે. જોયું કે કનૈયો ખાંડણિયા સાથે બંધાયો છે. તરત એમણે એને છોડયો. નંદબાબા કનૈયાને કહે છે, બેટા, તું કોનો દીકરો છે?કનૈયો કહે છે, આજ સુધી માનો હતો,પણ આજ થી તમારો દીકરો છું. નંદબાબાને ઈચ્છા હતી કે, એક વખત કનૈયો કહે કે, બાબા, તમારો દીકરો છું. આજે તે ઈચ્છા પૂર્ણ થઈ.

નંદબાબાએ યશોદાને ઠપકો આપ્યો,આવું કરાતું હશે? લાલાને કેમ બાંધ્યો? યશોદા જવાબ આપે છે,શું કરું? તેને ચોરી કરવાની આદત પડી છે. ચોરીની આદત છોડાવવા મેં એને બાંધ્યો છે. મને કંઈ એના પર રીસ નથી. લાલો તો મારો પ્રાણ છે.

પછી લાડ કરી યશોદા લાલાને બોલાવે છે, બેટા, અહીં આવ! પણ કનૈયો જવાબ આપે છે, હું તો બાબાનો દીકરો છું!

યશોદા વિચારે છે, ગોપીઓ રડતી હતી, બાળકો રડતાં હતાં, છતાં મેં નિષ્ઠુર થઈ લાલાને બાંધ્યો.મેં લાલાને બાંધ્યો તે યોગ્ય નથી કર્યું. યશોદા લાલાને મનાવે છે, પણ શ્રીકૃષ્ણ જતા નથી. યશોદાજી કહે છે, મારો કનૈયો રિસાયો. લાલો હવે ક્યારે ગોદમાં આવશે. એકદમ એ રડી વડ્યા. રડતાં રડતાં કહે,કદી તને નહીં બાંધું!મારી ભૂલ થઈ લાલા!

વૈષ્ણવ રડે છે તે પરમાત્માને સહન થતું નથી. શ્રીકૃષ્ણ પ્રેમ કરે છે તેવો પ્રેમ કોઈ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ માટે જે રડે છે તેને કનૈયો આવીને મળે છે. હસનારને કનૈયો મળતો નથી. યશોદાજી રડવા લાગ્યાં. શ્રીકૃષ્ણથી આ સહન થયું નહીં. કનૈયો દોડતો આવ્યો અને માની ગોદમાં બેઠો. પછી પિતાંબરથી માનાં આંસુ લૂછે છે. માએ પ્યાર કર્યો છે. છોકરો કેવો ડાહ્યો છે! માતાજી લાલાને સમજાવે છે, બેટા, મેં તને બાંધ્યો તે મારી ભૂલ થઈ. બેટા, મેં તને બાંધ્યો તે મનમાં રાખીશ નહીં. તું ભૂલી.જા!

કનૈયો માને કહે છે, મા, હું બધું ભૂલીશ પણ તેં મને બાંધ્યો તે નહીં ભૂલું! મા, હું મોટો થઈશ, તો પણ એ નહીં ભૂલું! મા એ ભૂલવા જેવી ચીજ નથી! મા,હું તને છોડીને જઈશ પણ તારો પ્રેમ છોડી નહીં જઈ શકું, એટલે આ તારું પ્રેમ બંધન કનૈયો કદી ભૂલશે નહીં. મા,હું કોઈનો નહીં, પણ તારો બંધાયેલો છું. ગોકુળની આ મુખ્ય લીલા છે. જ્ઞાની અને તપસ્વી ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે, પણ સ્વાત્માને બાંધવાની શક્તિ જ્ઞાનીમાં નથી.ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે. જ્ઞાની બ્રહ્મનું ચિંતન કરતાં કરતાં બ્રહ્મ મય થઈ શકે છે, પણ અનન્ય ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે.તપ કરતાં, જ્ઞાન કરતાં પ્રેમલક્ષણા ભક્તિ જ શ્રેષ્ઠ છે. જ્ઞાન અને તપ ભગવાનને બાંધી શકે નહીં. જ્ઞાનીઓ, તપસ્વીઓ બ્રહ્મચિંતન કરે છે, પણ પ્રેમલક્ષણા ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે.

જીવમાત્ર ઉપર પરમાત્મા પ્રેમનો વરસાદ વરસાવે છે, પણ આ જીવ એવો દુષ્ટ છે કે, તે પ્રભુ સાથે પ્રેમ કરતો નથી. પ્રભુમાં પ્રેમ જગાડવા માટે પ્રભુના ઉપકારોનું સ્મરણ કરો. ઠાકોરજીને લીધે હું સુખી છું. પ્રભુની કૃપાથી હું સુખી થયો છું. એવો વારંવાર વિચાર કરશો તો પ્રભુમાં પ્રભુ જાગશે. પરમાત્મા બીજું કાંઈ માગતા નથી, માત્ર પ્રેમ માગે છે. પ્રભુ સાથે પ્રેમ કરવો હોય તો બે વસ્તુઓ હંમેશાં ધ્યાનમાં રાખજો. પ્રભુ પાસે કાંઈ માગશો નહીં અને પ્રભુએ કરેલા ઉપકારો ભૂલશો નહીં. બીજા કોઈ બળથી જીવ પ્રભુને બાંધી શકે નહીં, ફક્ત પ્રેમદોરીથી બાંધી શકે છે.

ભાગવતમાં હાસ્યરસ, શ્રૃંગારરસ, વીરરસ, કરુણરસ વગેરે નવ રસો છે અને દસમો રસ ભક્તિરસ પણ તેમાં છલોછલભર્યો છે. ભક્તિરસ બીજા નવેનવ રસોથી ઉત્તમ છે. કારણ કે અન્ય સર્વ રસમાં કડવાશ છે.તુલસીદાસજી કહે છેકે ભક્તિ જ પ્રભુને પીગળાવી શકે છે. ભક્તિને કોઈપણ જાતની અવલંબનની જરૂર પડતી નથી. તે સ્વતંત્ર છે. જ્ઞાન-વિજ્ઞાન ભક્તિને આધીન છે,ભક્તિ એ કોઈને આધીન નથી. આથી ભક્તિ શ્રેષ્ઠ છે.

આવો છે ભક્તિનો મહિમા. જ્ઞાની ને કાંઈક માયાના આવરણ સાથે બ્રહ્મનાં દર્શન થાય છે. જ્ઞાનીને કીર્તિ વગેરેની પણ ઝંખના થયા કરે છે, જ્યારે ભક્તિને કોઈ વળગણ નથી. ભક્તિ નિરાવરણ છે. અરે, પ્રભુનો એને સાક્ષાત્કાર થાય છે તે યે નિવારણ છે. આવરણ વગરના નિરાવરણ બ્રહ્મનો સાક્ષાત્કાર એકલી ગોપીઓને જ થયો છે.એટલે કે ભક્તિને થયો છે.

અંદરના વિકારો જવા જોઈએ. સાધુ થવાની જરૂર નથી, પણ સરળ થવાની જ જરૂર છે. જીવ નિર્મળ ન થાય, નિર્દોષ ન થાય ત્યાં લગી તેને ઈશ્વરનાં દર્શન થતાં નથી.

વાચક ચાહક મિત્રો, ગુજરાતમાં ગરમી સાથે રૂપાળું રાજકારણ ગરમાયું છે. ગામમાં કાર્યકરો આગેવાનોની પ્રવેશ બંધી કોના માટે ? જે ગામના છે તે કયાં જશે.. સામૂહિક રાજીનામાની વાત સાંભળી ખરી? સમજાય તો ધન્યવાદ બાકી તો વંદે માતરમ્ ભારત માતા કી જય.. જય શ્રી રામ.. અસ્તુ..

# આ છે બોલીવુડની સૌથી મોંઘી આઈટમ ગર્લ



## એક ગીત માટે હિરોઈનોથી સૌથી વધારે ફી વસૂલે છે

૫૦ના દાયકાથી હિન્દી ફિલ્મોમાં આઈટમ ગીતો દર્શકોનું મનોરંજન કરી રહ્યા છે. હેલન અને બિંદુ જેવી અભિનેત્રીઓએ તેમના ડાન્સ નંબરોથી ફિલ્મોને લોકપ્રિય બનાવી અને ખૂબ જ લોકપ્રિય રહી. આજે પણ ફિલ્મોમાં આ ચલણ ચાલુ છે અને દિગ્દર્શકો તેમની ફિલ્મોમાં ઘણા આઈટમ સોંગ રાખે છે. પરંતુ શું તમે જાણો છો કે આજે બોલિવૂડમાં સૌથી મોંઘા ડાન્સ નંબર કરનાર અભિનેત્રી કોણ છે? ખાસ વાત એ છે કે તે ફિલ્મોના મુખ્ય કલાકારો પાસેથી વધુ ફી લે છે. આ બીજું કોઈ નહીં પરંતુ સની લિયોન છે, સનીને હાલમાં આઈટમ ગર્લ માનવામાં આવે છે જે હિન્દી ફિલ્મમાં આઈટમ સોંગ માટે સૌથી વધુ ફી લે છે. DNA રિપોર્ટ અનુસાર, અભિનેત્રીએ શાહરૂખ ખાન સ્ટારર ફિલ્મ 'રઈસ'માં તેના ડાન્સ નંબર 'લૈલા' માટે ૩ કરોડ રૂપિયા ચાર્જ કર્યા હતા. આ રકમ તેમને ફિલ્મમાં માત્ર ચાર મિનિટ ગાવા માટે આપવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર, અભિનેત્રીએ 'રાગિની એમએમએસ ૨'માં તેના ગીત 'બેબી ડોલ' માટે તેનાથી પણ વધુ ફી લીધી હતી. પરંતુ તે ફિલ્મમાં સનીની પણ મુખ્ય ભૂમિકા હતી. જોકે, એ સ્પષ્ટ નથી થયું કે તેણે ફિલ્મમાંથી કેટલી ફી વસૂલ કરી છે. રિપોર્ટ અનુસાર, સની તેના એક ગીત માટે ડાન્સિંગ ક્વીન નોરા ફતેહી કરતાં વધુ ફી લે છે. તે તેના દરેક ગીત માટે ૨ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. કેટરિના કૈફ, કરીના કપૂર અને જેકલીન ફર્નાન્ડીઝ જેવી ટોપ અભિનેત્રીઓ પણ એક ગીત માટે ૧.૫-૨ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. જોકે સની આખા ભારતમાં સૌથી વધુ કમાણી કરનારી આઈટમ ગર્લ નથી. તેલુગુ સ્ટાર સામંથા રૂથ પ્રભુએ 'પુષ્પા ધ રાઈઝ'ના ચાર્ટબસ્ટર ઉ અંતાવામાં તેના ડાન્સ નંબર માટે ૫ કરોડ રૂપિયા ચાર્જ કર્યા છે.




અજય અને કાજોલે ૧૯૯૯ માં લગ્ન કર્યા

# પહેલી મુલાકાતમાં કાજોલ લાગી હતી 'ઘમંડી' : અજય દેવગણ

અજય દેવગણ પોતાનો ૫૫મો જન્મદિવસ સેલિબ્રેટ કરી રહ્યા છે. અજય દેવગણના જન્મદિવસ પર આવો જાણીએ કે કાજોલ સાથે તેમની કેવી રીતે મુલાકાત થઈ અને કેવી રીતે બંનેની લવસ્ટોરીની શરૂઆત થઈ. અજય દેવગણને કાજોલ પહેલી મુલાકાતમાં ખૂબ 'લાઉડી, ઘમંડી અને વાતોડી' લાગી હતી. એક્ટર અજય દેવગણ અને કાજોલ અપોઝિટ અટ્રેક્શનનું સૌથી મોટું ઉદાહરણ છે. અજય અને કાજોલે ૧૯૯૯ માં લગ્ન કર્યા અને ૯૦ ના દાયકામાં ડેટિંગ. બંનેના બેસ્ટ ળેંડે કાજોલ અને અજય દેવગણને એકબીજાને ડેટ નહી કરવાની સલાહ આપી હતી. અજય દેવગણ અને કાજોલની પ્રથમ મુલાકાત પણ ખૂબ સારી રહી ન હતી. અજય દેવગણને કાજોલ પહેલી મુલાકાતમાં ખૂબ 'લાઉડ, ઘમંડી અને વાતોડી' લાગી હતી. પછી કેવી રીતે બંનેની લવસ્ટોરી શરૂ થઈ. અજય દેવગન અને કાજોલની પહેલી મુલાકાત ૧૯૯૫માં ફિલ્મ 'હલચલ'ના સેટ પર થઈ હતી. અજય દેવગને પાયોનિયરને આપેલા એક જૂના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેને પહેલી મુલાકાતમાં કાજોલ પસંદ ન હતી અને તે તેને ફરીથી મળવા માંગતો ન હતો. અજય દેવગણે કહ્યું હતું કે, 'હલચલના શૂટિંગ પહેલાં હું કાજોલને મળ્યો હતો. સાચું કહું તો હું તેને ફરીથી મળવા માંગતો ન હતો. જ્યારે તમે તેને પહેલીવાર મળો છો, ત્યારે તે ખૂબ જ લાઉડ, ઘમંડી અને વાતોડી લાગે છે. આ ઉપરાંત વ્યક્તિત્વમાં પણ અમે એકબીજાથી ઘણા અલગ હતા. પણ, આખરે જે થવાનું હોય છે, તે જ થાય છે.''તમને જણાવી દઈએ કે દિવ્યા ભારતી 'હલચલ'માં લીડ રોલ કરવાની હતી, પરંતુ તેનું અચાનક નિધન થઈ ગયું. કાજોલે છેલ્લી ઘડીએ આ ફિલ્મમાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મ સફળ રહી અને અહીંથી અજય દેવગન અને કાજોલની મિત્રતા પણ શરૂ થઈ.તો બીજી તરફ કાજોલે હ્યુમન્સ ઑફ બોમ્બેને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, ''હું તે સમયે કોઈની સાથે હતી. મને લાગે છે કે અજય દેવગન પણ કોઈને જોઈ રહ્યો હતો. પછી અમે બંનેએ સાથે એક ફિલ્મ કરી અને અહીંથી અમારી મિત્રતા શરૂ થઈ.જ્યારે અજય દેવગણ અને કાજોલના લગ્ન થયા તો એક્ટરનો પરિવાર ખુશ હતો, કારણ કે ઘરમાં કોઈ તો બોલનાર આવી રહ્યું છે. અજય દેવગણે હિંદુસ્તાન ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યુંમાં કહ્યું હતું કે ''ઈમાનદારીથી કહું તો બે લોકોમાંથી એકને બોલવું જોઈએ. જો બંને ચૂપ થઈ જશે તો સમસ્યા થઈ જશે. તો કાજોલ બોલે છે અને હું ચૂપ રહું છું.''

**અજય દેવગણને કાજોલ પહેલી મુલાકાતમાં ખૂબ 'લાઉડ, ઘમંડી અને વાતોડી' લાગી હતી. પછી કેવી રીતે બંનેની લવસ્ટોરી શરૂ થઇ**




# સોનાક્ષી સિન્હાનો કંઇક અલગ અંદાજ જોવા મળ્યો

સંજય લીલા ભણસાલીના નિર્દેશનમાં બનેલી હીરામંડી વેબ સિરીઝ લાંબા સમયથી ચર્ચામાં છે. ભણસાલી વેબ સિરીઝ હીરામંડીથી ઓટીટીમાં પગ મુકી રહ્યા છે. એવામાં સંજય લીલા ભણસાલીની પહેલી સિરીઝ હીરામંડીને લઈને સોશિયલ મિડીયામાં ખૂબ ક્રેઝ જોવા મળી રહ્યો છે. થોડા દિવસો પહેલાં હીરામંડીનું ફર્સ્ટ સોન્ગ સકલ બન રિલીઝ થયુ હતુ. આ ગીતમાં ભવ્ય સેટની સાથે શાનદાર કલાકારોની જોડીએ આ ગીતમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. જો કે આ સોન્ગને જબરજસ્ત રિસ્પોન્સ મળ્યા પછી મેકર્સે બીજુ સોન્ગ તિલસ્મી બાહેં રિલીઝ કર્યુ છે. જો કે આ સોન્ગ રિલીઝ થતાની સાથે ઈન્ટરનેટ પર છવાઈ ગયુ છે.હાલમાં હીરામંડીનું બીજુ ગીત આઉટ થયુ છે જેમાં સોનાક્ષી સિન્હાનો કંઈક અલગ અંદાજ જોવા મળ્યો છે. એક્ટ્રેસનો આવો અવતાર તમે પહેલાં ક્યારેય નહીં જોયો હોય. આ પૂરા ગીતમાં સોનાક્ષી સિન્હા પરથી નજર નહીં હટે. આ ગીતમાં સોનાક્ષીએ ગોલ્ડન સાડી, ગળામાં હાર અને વાળમાં કલર કરીને સ્માર્ટ દેખાઈ રહી છે. આ સાથે હાથમાં જામ અને સિગારેટ પકડીને પોતાની કાતિલ અદાઓથી મહેફિલમાં આગ લગાવી દીધી છે. સોનાક્ષીનો આ લુક લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. ફેન્સને જોરદાર રિસપોન્સ મળી રહ્યો છે.'હીરામંડી'ની કહાનીની વાત કરવામાં આવે તો આ બે કોઠોની સંચાલક વૈશ્યાઓ વચ્ચેની કહાની છે. મલ્લિકાઝાન મનીષા કોઈરાલા અને ફરીદન (સોનાક્ષી સિન્હા) વચ્ચેની દુશ્મનીની હદ કમ્પીટિશન રહે છે. આમાં એક એવી દુનિયા દેખાડવામાં આવશે જ્યાં વૈશ્યાઓ રાણીઓના રૂપમાં રાજ કરે છે. આ ટક્કરની વચ્ચે કહાની મલ્લિકાઝાની સૌથી નાની દીકરી બેટી આલમની આસપાસ ફરે છે જે ભવિષ્યમાં સત્તા સંભાળવા માટેની છેલ્લે આશા બની જાય છે. પરંતુ કહાનીમાં વળાંક ત્યારે આવે છે જ્યારે આલમ આ સત્તાથી વધારે કોઈને પ્રેમ કરવા લાગે છે અને આ સત્તા અને પ્રેમમાંથી કોઇ એકની પસંદગી કરવાની હોય છે.'હીરામંડી' એક પિરીયડ ડ્રામા છે જેને સ્વતંર્તા આંદોલન દરમિયાન એટલે કે દેશના આઝાદ થવા પહેલાં બેકડ્રોપ પર સેટ કર્યા છે. સંજય લીલા ભણસાલી એમના વિઝ્યુઅલ લક્ઝરી માટે ફેમસ છે. અત્યાર સુધીમાં સામે આવેલા પોસ્ટર્સ અને ગીત જોઈને એવુ લાગી રહ્યુ છે કે આ વખતે પણ દર્શકોને સ્ક્રીન પર લોર્ઝર ધેન 



લાઈફનો અનુભવ કરાવવા માટે તૈયાર છે. અત્યાર સુધીમાં સામે આવેલા વિઝ્યુઅલ્સમાં દર્શકોને એક સિનેમેટિક માસ્ટર પીસની રાહ જોવા માટે ઉત્સાહિત કરી રહ્યા છે.આમ, તમને જણાવી દઈએ કે સંજય લીલા ભણસાલીની 'હીરામંડી'માં અદિતિ રાવ હેદરી, સોનાક્ષી સિન્હા, ઋચા ચઢ્ઢા, સંજીદા શેખ અને શર્મિન સહગલ નજરે પડશે. આ સિરીઝ ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થશે.



હીરો બનવા માટે સરકારી નોકરી છોડી દીધી

# ૪૦ની ઉંમરે બોલિવૂડમાં કર્યુ ડેબ્યૂ, બની ગયા ખૂંખાર વિલન

બોલિવૂડમાં એવા ઘણા સેલેબ્રિટી થઈ ગયાં જે પોતાના અવાજના કારણે રિજેક્ટ થયાં જેમાંથી એક અમિતાભ બચ્ચન એક મોટુ ઉદાહરણ છે. તેમને ઓલ ઈન્ડિયા રેડિયાએ રિજેક્ટ કરી દીધાં હતાં. આવું જ કંઈક લતા મંગેશકર સાથે પણ થયું હતું પરંતુ બંને સેલેબ્સને લોકો તેમના ટેલેન્ટ ઉપરાંત તેમના અવાજથી પણ ઓળખે છે. આ આર્ટિકલમાં આજે અમે તમને એક અન્ય સેલેબ્રિટી વિશે જણાવીશું. આ સેલેબ્રિટીને તેમના અવાજના કારણે રિજેક્ટ થવું પડ્યું હતું પરંતુ પછીથી તેમને તેના જ દમ પર એવું સ્ટારડમ મળ્યું કે લોકો આજે પણ તેમને યાદ કરે છે. જેના વિશે અમે અહીં વાત કરી રહ્યાં છીએ તે ભારતીય સિનેમાનો એક વિલન સ્ટાર છે જેણે પોતાની ખલનાયિકીના દમ પર સ્ક્રીન પર લાંબા સમય સુધી રાજ કર્યુ. ભારતીય સિનેમાના ઈતિહાસમાં આપણે કદાચ જ આવો કોઈ ખલનાયક જોયો હશે. તેમના 'મોગેમ્બો ખુશ હુઆ' જેવા ડાયલોગ આજે પણ પોપ કલ્ચરનો ભાગ છે અને તે નામ છે અમરીશ પુરી.અમરીશ પુરી વિશે તમે જાણો છો કે તેમણે એક્ટર બનવા માટે પોતાની સરકારી નોકરી છોડી દીધી હતી? જી હા, તમે સાચુ વાંચ્યુ. તમને જણાવી દઈએ કે વર્ષ ૧૯૫૦ના દશકમાં બોલિવૂડ એક્ટર બનવા માટે તેઓ મુંબઈ આવ્યા હતાં, પરંતુ પહેલા સ્ક્રીન ટેસ્ટમાં તેઓ અવાજના કારણે ફેલ થઈ ગયા અને પછી તેમને રિજેક્ટ કરી દેવામાં આવ્યાં હતાં.જો કે, પછીથી તેમને કર્મચારી રાજ્ય વીમા નિગમમાં નોકરી મળી ગઈ જ્યાં તેમણે આશરે ૨૧ વર્ષ સુધી ક્લર્ક રૂપે કામ કર્યુ. આ દરમિયાન તેમણે ઘરે-ઘરે જઈને જીવન વીમો વેચ્યો. પરંતુ કોઈ પણ તેમને તેમનું સપનુ સાકાર કરતાં રોકી શક્યુ નહીં. પ્રાઈવેટ નોકરીની સાથે-સાથે પોતાના ઝનૂનની પાછળ પણ ભાગતા રહ્યાં. પોતાના ઝનૂનના કારણે તેમણે પૃથ્વી થિયેટરમાં સત્યદેવ દુબે દ્વારા લખવામાં આવેલા નાટકોમાં એક્ટિંગ કરવાનું શરૂ કર્યુ.કેટલાંક વર્ષો બાદ તેમને ધીમે-ધીમે ઓળખ મળવાનું શરૂ થયું. અને વર્ષ ૧૯૭૦માં તેમને ૪૦ વર્ષની ઉંમરે પોતાનો પહેલા બોલિવૂડ પ્રોજેક્ટ મળ્યો હતો.



# અરબાઝ ખાન શૂરા ખાન સાથે મુંબઇમાં એક ઇફ્તાર પાર્ટીમાં શામેલ થયા

અરબાઝ ખાન અને શૂરા ખાન આ દિવસોમાં બોલિવૂડના એ કપલમાંથી એક છે, જેના વિશે લોકો ખૂબ વખાણ કરી રહ્યા છે

હાલમાં રમજાન મહિનો ચાલી રહ્યો છે ત્યારે અનેક લોકો ઈફ્તાર પાટીનું આયોજન કરતા હોય છે. ઈફ્તાર પાટીમાં એકબીજાના ઘરે જતા હોય છે. બોલિવૂડ સેલેબ્સ પણ ઈફ્તાર પાટીમાં શામેલ થતા હોય છે. અરબાઝ ખાન શૂરા ખાન સાથે મુંબઈમાં એક ઈફ્તાર પાટીમાં શામેલ થયા હતા. પાટીમાં બન્નેનો ખૂબ પ્રેમ જોવા મળ્યો, પરંતુ ઈફ્તારથી જ્યારે પાછા ફરતા હતા ત્યારબાદ પબ્લિકથી ઘેરાઈ ગયા અને શૂરા ખાન ડરતી જોવા મળી. આ સમયે અરબાઝ ખાન શૂરાનો હાથ પકડી લે છે અને પછી આગળ લઈ જાય છે. જો કે આ વિડીયો હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. અરબાઝ ખાન અને શૂરા ખાન આ દિવસોમાં બોલિવૂડના એ કપલમાંથી એક છે જેના વિશે લોકો ખૂબ વખાણ કરી રહ્યા છે. અરબાઝ ખાને ૨૪ ડિસેમ્બરના રોજ શૂરા ખાન સાથે લગ્ન કર્યા છે. અરબાઝ ખાન એનાથી ૨૩ વર્ષ નાની બેગમ શૂરા ખાન સાથે મુંબઈમાં ઈફ્તારમાં પાટીમાં શામેલ થયા હતા. જો કે આ સમયે બધુ ઠીક ચાલી રહ્યું હતુ પરંતુ આ પાટી પછી જે થયુ એ ખાસ જોવા જેવું છે. આ વાતને શૂરા ખાન ક્યારેય ભૂલી નહીં શકે. તો જોઈ લો આ વીડિયો તમે પણ.ઉલ્લેખનીય છે કે મુંબઈના મોહમ્મદ અલી રોડ પર એક ઈફ્તાર પાટીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ ઈફ્તાર પાટીમાં અરબાઝ-શૂરા ખાન સિવાય રવીના ટંડન અને રિદ્ધિમા પંડિત જેવા અનેક સિતારાઓને આમત્રંણ આપવામાં આવ્યુ હતુ. દરેક લોકો અહીંયા પહોંચ્યા અને પછી એક સાથે ઈફ્તાર કરીને રોઝા ખોલ્યા. આ ઈફ્તાર પાટીમાં શૂરા અને અરબાઝ બન્ને એક સાથે જોવા મળ્યા. આટલું જ નહીં, પહેલાં અરબાઝ ખાન પત્નીનું એઠું ખાતા જોવા મળ્યો અને પછી શૂરા મસ્ત પ્રેમભર્યા અંદાજમાં મોં સાફ કરતી જોવા મળે છે. જો કે અહીંયા સુધી તો બધુ બરાબર હતુ પરંતુ જ્યારે બહાર નીકળ્યા તો પબ્લિકે ઘેરી લીધા અને શૂરા ખાન ગભરાઈ ગઈ. આ વીડિયો જોઈને લોકો કેરિંગ હસબન્ડના વખાણ કરી રહ્યા છે. આ વીડિયો હાલમાં વાયરલ થઈ રહ્યો છે.

'પહેલા ફિલ્મ મેકિંગનો કોર્સ કરો...'

# રાજ કપૂરે ઓફર કરી દીધો એવો રોલ, ગુસ્સામાં રાજકુમારે ન કરવાનું કરી નાંખ્યું

રાજકુમાર પોતાના સમયના એક દિગ્ગજ અભિનેતા હતાં, પરંતુ તે જિદ્દી અને હઠીલા સ્વાભાવના પણ હતાં. આ જ કારણે તેમની સાથે કોઈપણ એક્ટર કામ કરતાં ડરતા હતાં, કારણ કે તે ક્યારે કઈ વાત પર ગુસ્સે થઈ જાય, તે કહેવું મુશ્કેલ હતું.આ જ કારણે એકવાર તેમની સાથે ફિલ્મ 'તિરંગા'માં દિગ્ગજ એક્ટર રજનીકાંતે કામ કરવાથી ઈનકાર કરી દીધો હતો. કહેવામાં આવે છે કે રાજકુમાર અને રાજ કપૂર એક સમયે સારા મિત્રો હતા, પરંતુ એકવાર રાજ કપૂર પણ રાજકુમારના ગુસ્સાનો શિકાર બની ગયા હતાં.જનસત્તામાં પ્રકાશિત એક અહેવાલ અનુસાર, જ્યારે રાજ કપૂર પોતાના ડ્રીમ પ્રોજેક્ટ 'મેરા નામ જોકર' પર કામ કરી રહ્યાં હતાં, તો તેમણે પોતાની આ ફિલ્મ માટે લગભગ બધી કાસ્ટ પસંદ કરી લીધી હતી. તેમને ફક્ત ફિલ્મમાં સર્કસના જાદુગરના પાત્ર માટે એક્ટરની તલાશ હતી.આ દરમિયાન, રાજ કપૂરે નક્કી કર્યુ કે તે આ પાત્ર માટે રાજકુમારને લેશે અને જ્યારે તેમણે રાજકુમાર સાથે વાત કરી તો તેમણે આ પાત્ર કરવાથી ઈનકાર કરી દીધો અને તેમને કહ્યું કે, જો તે તેને ફિલ્મમાં લેવા માગતા હોય તો તેને બરાબર રોલ ઓફર કરે.રાજકુમાર દ્વારા ઓફર ઠુકરાવવામાં આવ્યા બાદ, રાજ કપૂર તેમનાથી ખૂબ જ નારાજ થઈ ગયાં હતાં અને તેમની આ નારાજગી પ્રેમ ચોપરાના લગ્નમાં સામે આવી. ખરેખર, આ લગ્ન દરમિયાન બંને એકસાથે બેસીને ડ્રિંક કરી રહ્યાં હતાં અને નશામાં જ રાજ કપૂરે રાજકુમારનું અપમાન કરવાનું શરૂ કરી દીધું.પ્રેમ ચોપરાના લગ્ન દરમિયાન, રાજકુમાર અને રાજ કપૂરે બંનેએ એકબીજા પર કિચડ ઉછાળ્યું. તેવામાં જ્યારે 'મેરા નામ જોકર' થિયેટર્સમાં રિલીઝ થઈ તો શરૂઆતના સમયમાં તે સફળ ન રહી, ત્યારે રાજકુમારે રાજ કપૂરની મજાક ઉડાવી.

એક્ટરે ફિલ્મનું ફાઇનલ ટ્રેલર રિલીઝ કરી દીધુ | ફિલ્મ શૈતાનથી બોક્સ ઓફિસ પર ધમાલ મચાવનાર અજય દેવગન હવે મૈદાન લઇને આવી રહ્યા છે

# અજય દેવગનની 'મેદાન' ફિલ્મનું ફાઇનલ ટ્રેલર રિલીઝ

ફિલ્મ શૈતાનથી બોક્સ ઓફિસ પર ધમાલ મચાવનાર અજય દેવગન હવે મૈદાન લઈને આવી રહ્યા છે. ફેન્સ આ ફિલ્મને લઈને સુપર એક્સાઈટેડ છે. આ ફિલ્મમાં અજય દેવગનની દમદાર એક્ટિંગ જોવા મળશે. મેદાન ફિલ્મને રિલીઝને ૮ દિવસ બાખી છે ત્યાં એક્ટરે ફિલ્મનું ફાઈનલ ટ્રેલર રિલીઝ કરી દીધુ છે. આ ટ્રેલરમાં અજય દેવગનની એક્ટિંગ અને ડાયલોગ સાંભળીને તમારા રૂંવાડા ઉભા થઈ જશે. આ મુવી બહુ દમદાર હશે એવું લાગી રહ્યું છે. તો તમે પણ જલદી જોઈ લો મેદાન મુવીનું ફાઈનલ ટ્રેલર. આ ટ્રેલર જોઈને તમને પણ મુવી જોવા જવાની ઈચ્છા થઈ જશે.મેદાનના આ બીજા ટ્રેલરમાં કેટલાક સીન અને ડાયલોગ્સ પહેલાં ટ્રેલરના છે પરંતુ કેટલાક જોરદાર સીન અને નવા ડાયલોગથી આ નવા ટ્રેલરને દમદાર બનાવવામાં આવ્યુ છે.

આ ટ્રેલરમાં અજય દેવગન ખૂબ સંઘર્ષ કરતો જોવા મળી રહ્યો છે. આમાં બતાવવામાં આવ્યુ છે કે કેવી રીતે અજય દેવગન એની દમદાર ટીમનું સિલેક્શન કરે છે અને પછી એને તૈયાર કરવા માટે કેટલી મહેનત કરે છે. જો કે આ બધાની વચ્ચે અજયને અનેક મુશ્કેલીઓ પડે છે જેમાં એની મહેનત તમને દેખાઈ આવે છે.

# રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ કેન્સર માટે ભારતની પ્રથમ હોમ-ગ્રોન જીન થેરાપીનો શુભારંભ કરાવ્યો




## સુલભ અને સસ્તી CAR-T સેલ થેરેપી સમગ્ર માનવજાત માટે નવી આશા પૂરી પાડે છે : રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ

। નવી દિલ્હી, તા.૪ ।

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ આઈઆઈટી બોમ્બેમાં કેન્સર માટે ભારતની પ્રથમ સ્વદેશી જનીન થેરેપીનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતની પ્રથમ જનીન ઉપચારની શરૂઆત કેન્સર સામેની આપણી લડતમાં એક મોટી સફળતા છે. ‘‘સીએઆર-ટી સેલ થેરાપી’’ નામની સારવારની આ લાઈન સુલભ અને સસ્તી હોવાથી, તે સમગ્ર માનવજાત માટે એક નવી આશા પૂરી પાડે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તે અસંખ્ય દર્દીઓને નવું જીવન આપવામાં સફળ રહેશે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે સીએઆર-ટી સેલ થેરેપીને તબીબી વિજ્ઞાનમાં સૌથી અસાધારણ પ્રગતિમાંની એક માનવામાં આવે છે. તે છેલ્લા કેટલાક સમયથી વિકસિત રાષ્ટ્રોમાં ઉપલબ્ધ છે, પરંતુ તે ખૂબ જ ખર્ચાળ છે, અને વિશ્વભરના મોટાભાગના દર્દીઓની પહોંચની બહાર છે. તેમને એ જાણીને આનંદ થયો કે આજે લોન્ચ કરવામાં આવી રહેલી થેરાપી વિશ્વની સૌથી સસ્તી સીએઆર-ટી સેલ થેરેપી છે. તેમણે કહ્યું હતું કે, આ ‘મેક ઈન ઈન્ડિયા’ પહેલનું પણ ઉદાહરણ છે. ‘અખંડ ભારત’નું એક ઝળહળતું ઉદાહરણ.

રાષ્ટ્રપતિને એ જાણીને આનંદ થયો કે ભારતની પ્રથમ સીએઆર-ટી સેલ થેરેપી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, બોમ્બે અને ટાટા મેમોરિયલ હોસ્પિટલ વચ્ચેના જોડાણ દ્વારા ઔદ્યોગિક ભાગીદાર ઈમ્યુનોએક્ટના સહયોગથી વિકસાવવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, આ શૈક્ષણિક-ઉદ્યોગ ભાગીદારીનું પ્રશંસનીય ઉદાહરણ છે, જેણે આ પ્રકારનાં ઘણાં પ્રયાસોને પ્રેરિત કરવા જોઈએ.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આઈઆઈટી બોમ્બે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં, તકનીકી શિક્ષણના મોડેલ તરીકે પ્રખ્યાત છે. સીએઆર-ટી સેલ થેરાપીના વિકાસમાં ટેકનોલોજીને માત્ર માનવતાની સેવામાં જ મૂકવામાં આવતી નથી, પરંતુ અન્ય ક્ષેત્રની જાણીતી સંસ્થા તેમજ ઉદ્યોગ સાથે ભાગીદારી કરવામાં આવી છે. આઈઆઈટી, મુંબઈએ છેલ્લા ત્રણ દાયકામાં સંશોધન અને વિકાસ પર જે ધ્યાન કેન્દ્રિત કર્યું છે તેનાથી આ શક્ય બન્યું છે. તેમણે કહ્યું હતું કે, આઈઆઈટી બોમ્બે અને તેના જેવી અન્ય સંસ્થાઓના અધ્યાપકો અને વિદ્યાર્થીઓના જ્ઞાનના પાયા અને કૌશલ્યોને કારણે સમગ્રપણે ભારતને ચાલી રહેલી ટેક્નોલોજિકલ ક્રાંતિનો મોટો લાભ થશે.

# જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા પાસ કરીને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગનું ગૌરવ વધાર્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

સંજેલી તાલુકા મથકે જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત છે. જેમાં એકલવ્ય, નવોદય, NMMS, સૈનિકશાળા, PSE, જ્ઞાનસાધના પરીક્ષાઓની તૈયારી કરાવવામાં આવે છે. સાથે અનાથ, અપંગ અને અતિગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન, તાલીમ અને જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય - નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા ના માર્ગદર્શનથી અને તાલીમ મેળવીને ડિંડોર વંશકુમાર કલ્પેશભાઈ એ નવોદયની પરીક્ષામાં પાસ થતાં ન્યુ પાર્થ એજ્યુકેશન ગૃપ સંજેલી રાજુભાઈ મકવાણા અને અશ્વિનભાઈ સંગાડા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. દિલીપકુમાર મકવાણાએ ઉતરોતર પ્રગતિ કરો એવા શુભ આશિષ આપ્યા હતા.

# આર્મી મેડિકલ કોર્પ્સે ૨૬૦માં રાઇઝિંગ ડેની ઉજવણી કરી

। નવી દિલ્હી, તા.૪ ।

આર્મી મેડિકલ કોર્પ્સે ૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ પોતાનો ૨૬૦મો સ્થાપના દિવસ ઉજવ્યો. વર્ષ ૧૭૬૪માં સ્થાપિત, કોર્પ્સે લડાઈ અને શાંતિ બંનેમાં, પ્રગતિ, વિકાસ, સમર્પણ અને બલિદાનની સદીઓથી રાષ્ટ્રને નિઃસ્વાર્થ સેવા આપી છે. કોર્પ્સનું આદર્શ વાક્ય છે ‘સર્વે સન્તુ નિરામયા’ એટલે કે ‘બધા રોગમુક્ત થાય’.

આર્મી સ્ટાફના જનરલ વડા મનોજ પાંડે અને વાયુસેનાના વડા એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી જેનું આયોજન રાઈઝિંગ ડે નિમિત્તે કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે સિદ્ધિઓનું સન્માન કરવા અને AMCના એસ્પ્રિટ-ડી-કોર્પ્સની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન સશસ્ત્ર દળોની તબીબી સેવાઓની વિશિષ્ટ સિદ્ધિઓની યાદમાં એક વીડિયો પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો જેમાં AFMSના ૭૦૦થી વધુ નિવૃત્ત સૈનિકો તેમજ નાગરિક અને મહાનુભાવોએ હાજરી આપી હતી. AMC રાઈઝિંગ ડે આર્મી મેડિકલ કોર્પ્સના તે હજારો અધિકારીઓ, જેસીઓ અને અન્ય રેન્કના યોગદાનની ઉજવણી કરે છે જેઓ સશસ્ત્ર દળોના કર્મચારીઓ, પરિવારો અને નિવૃત્ત સૈનિકોના જીવનને પ્રભાવિત કરવામાં સફળ રહ્યા છે. યુએન પીસ કીપિંગ મિશન અને વિદેશની ધરતી પર એચએડીઆર પ્રવૃત્તિઓના ભાગ રૂપે, કોર્પ્સે તબીબી સંભાળના દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

શ્રેષ્ઠ કોમ્બેટ મેડિકલ કેર અને ઉત્તમ અત્યાધુનિક શાંતિ સમયની તબીબી સંભાળને વધારવાના તેના પ્રયાસમાં, AMCએ તેના ૨૬૦મા વર્ષમાં ફરજના આહ્વાનની બહાર વ્યવસાયિકતા, હિંમત અને કરુણામાં એક માપદંડ સ્થાપિત કર્યો છે. તેઓ અવિરતપણે પોતાના લક્ષ્ય ‘સ્વસ્થ ભારત, વિકસિત ભારત’ તરફ આગળ વધી રહ્યાં છે.


# ભારતીય કોસ્ટ ગાર્ડે ખંભાતના અખાતમાં ફિશિંગ બોટમાંથી ગંભીર રીતે ઘાયલ ચાલક દળને બચાવ્યો

। નવી દિલ્હી, તા.૪ ।

ભારતીય કોસ્ટ ગાર્ડ સ્ટેશન પીપાવાવે ૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ ખંભાતના અખાતમાં દરિયાકાંઠેથી ૫૦ કિમી દૂર, પુષ્કર રાજ નામની ભારતીય ફિશિંગ બોટમાંથી ૩૭ વર્ષની ઉંમરના એક ગંભીર રીતે ઘાયલ દર્દીને બહાર કાઢ્યો હતો. માહિતી મળતા, ICG ઈન્ટરસેપ્ટર બોટ C-409ને મોકલવામાં આવી. મેરીટાઈમ રેસ્ક્યુ સબ સેન્ટર, પીપાવાવ દ્વારા તૈનાતને ડાયવર્ટ કરવામાં આવી હતી.

ઘટના સ્થળે પહોંચ્યા બાદ ઈન્ટરસેપ્ટર બોટએ IFB સાથે વાતચીત કરી અને તેને જાણ કરી કે માછીમારને તેના ડાબા પગમાં ફ્રેક્ચર થયું છે અને તેની પગની ઘૂંટી અલગ થઈ ગઈ છે. ઈન્ટરસેપ્ટર બોટ દ્વારા દર્દીને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. માછીમારને ICG મેડિકલ ટીમ દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને બાદમાં તેને સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વધુ તબીબી વ્યવસ્થાપન માટે હોસ્પિટલ સ્થિર સ્થિતિમાં છે.

# માંડલા ગામના મંદિરમાં થયેલ ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી કાઢતી થરા પોલીસ


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૪ ।

કાંકરેજ તાલુકાના થરા પો.સ્ટેના માંડલા ગામના અંબાજી માતા અને રામાપીરના મંદિરમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળેલ વિગત મુજબ બનાસકાંઠા ઈન્ચાર્જ પોલીસ મહા નિરીક્ષક સરહદી રેન્જ મહેન્દ્ર બગડીયા તથા અક્ષય રાજ પોલીસ અધિક્ષક બનાસકાંઠાના મિલ્કતસબંધી ગુનાડીટેક કરવા સારૂ સુચના અનુસંધાને તથા એસ.આર. માનકર મદદનીશ પોલીસ અધિક્ષક દીયોદર વિભાગ દીયોદરના સુપર વિઝન તથા ઈન્ચાર્જ સર્કેલ પો.ઈન્સબી.પી. મેઘલાતરના માર્ગદર્શન હેઠળ આર. જે. ચૌધરી પો.સબ.ઈન્સ થરા પો.સ્ટે તથા પોલીસ સ્ટાફ થરા પો.સ્ટેના માંડલા ગામના અંબાજી માતાના મંદિરમાં થયેલ ચોરીનો અનડીટેક ગુનો શોધવા પોકેટકોપ મોબાઈલ તથાટેકનીકલ સોર્સ આધારે પ્રયત્નશીલ હતા દરમ્યાન અહેડકોન્સ વિજયકુમારભારમલભાઈ તથાઅહેડકોન્સરસીકજી જોયતાજી તથા પો.કોન્સ દશરથસીહ અમરાજીને સંયુક્ત બાતમી હકીકત આધારે થરા પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯ ૫૦૫૧૨૪૦૧૭૫/૨૦૨૪ ઈ.પી. કો.ક.૪૫૭,૩૮૦ ના ગુનાના કામ ના આરોપી (૧) સિધ્ધરાજજી ઉર્ફ ગુડો સુડાજી ઠાકોર ઉ.વ-૨૨ ધંધો-મજુરી રહે.ઉણ સીમ તાંતીયાણા રોડ તા.કાંકરેજ તથા (૨) વિપુલજી બાબુજી ઠાકોર ઉ.વ-૨૨ ધંધો-મજુરી રહે.સુલતાનપુરા તા. રાધનપુર જી.પાટણ તથા (૩) નરેશજી રામાજી ઠાકોર ઉ.વ-૨૧ ધંધો-મજુરી રહે.સિનાડ તા.રાધનપુર જી.પાટણવાળાને પકડી પાડી માંડલા ગામના અંબાજી માતાના મંદિરમાં ગયેલ તમામ મુદામાલ રીકવર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.ડીટેક ગુના (૧)થરા પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૫૦૫ ૧૨૪૦૧૭૫/૨૦૨૪ ઈ.પી.કો.ક. ૪૫૭,૩૮૦ મુજબ (૨)કલોલ તાલુકા પોલીસ સ્ટેશનગુ.ર.નં. ૧૧૨૧૬૦૨૨૨૪૦૨૫૨ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ તહોદારોનો ગુનાહીતઈતિહાસ-(૧) સિધ્ધરાજ જી ઉર્ફ ગુડો સુંડાજી ઠાકોર ઉ.વ- ૨૨ ધંધો-મજુરી રહે.ઉણ સીમ તાંતીયાણા રોડ તા.કાંકરેજ

સાણંદ પોલીસ સ્ટેશન બાઈક ચોરી,અંજાર પોલીસ સ્ટેશન બાઈક ચોરી,રાધનપુર પોલીસ સ્ટેશન બાઈક ચોરી(૨) નરેશજી રામાજી ઠાકોર ઉ.વ-૨૧ ધંધો-મજુરી રહે.સિનાડ તા. રાધનપુરજી.પાટણસમીપોલીસસ્ટેશનકેબલચોરી, સુરેન્દ્ર નગર પોલીસ સ્ટેશન બાઈક ચોરી, કલોલ પોલીસસ્ટેશનબાઈકચોરી રાધનપુર પોલીસ સ્ટેશન બાઈક ચોરીમુદામાલ રીકવર—(૧)ચાંદી ની અંબે માતાજીની મુર્તી(૨) ચાંદી નો સિહ(૩) પંચધાતુની અંબેમાતા જીની મુર્તી,રોકડરકમ રૂ.૨૭,૫૧૦ (૫)લોક તોડવાની લોખંડનો ગણેશીયો(૬)મોટર સાયકલ નંગ-૨ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# પપ્પુ યાદવે પૂર્ણિયા લોકસભા સીટ પરથી ઉમેદવારી નોંધાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લોકસભા ચૂંટણીમાં ઈન્ડિયા એલાયન્સમાંથી ટિકિટ મેળવવાની તેમની આશા ઠગારી નીવડી હોવા છતાં પણ રાજેશ રંજન (પપ્પુ યાદવ)એ પૂર્ણિયાનો રાજકીય અખાડો છોડ્યો ન હતો. ગુરુવારે, લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના અંતિમ દિવસે, પપ્પુ યાદવે પૂર્ણિયા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. તેમણે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. આ દરમિયાન તેમણે કહ્યું કે તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાના છે. કોંગ્રેસને સમર્થન છે. ઘણા લોકોએ અમારી રાજકીય હત્યાનું કાવતરું ઘડ્યું છે. હું ભારતના જોડાણને મજબૂત બનાવીશ. મારો ઠરાવ રાહુલ ગાંધી છે.

ભારતના ગઠબંધનમાં, પૂર્ણિયા લોકસભા સીટ લાલુ યાદવને ગઈ, જ્યાંથી બીમા ભારતી આરજેડીની ટિકિટ પર ચૂંટણી લડી રહી છે. બીમા ભારતીએ બુધવારે ફોર્મ ભર્યું છે. બીમા ભારતી માટે નોમિનેશન માટે પહોંચેલા તેજસ્વી યાદવે પપ્પુ યાદવનું નામ લીધા વિના કહ્યું, ‘જે લોકો અમારી વિરુદ્ધ છે તેમણે ભાજપ સાથે હાથ મિલાવ્યા છે.’હવે પપ્પુ યાદવે ગુરુવારે ઉમેદવારી નોંધાવી છે, ત્યારબાદ પૂર્ણિયામાં ચૂંટણી લડશે. તદ્દન રસપ્રદ બનો. બનવા જઈ રહ્યું છે. પાંચ વખતના સાંસદ પપ્પુ યાદવ તેમના સમર્થકો સાથે શહેરના મુખ્ય માર્ગો પરથી ઉમેદવારી ફોર્મ ભરવા આવ્યા હતા. કોંગ્રેસે પપ્પુ યાદવ અંગે મૌન જાળવી રાખ્યું છે. અગાઉ, અપક્ષ તરીકે ચૂંટણી લડવાના પ્રશ્ન પર પપ્પુ યાદવે કહ્યું હતું કે કોંગ્રેસનો ઝંડો તેમની પાસે છે અને સમય જ કહેશે. રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવે ૨૦ માર્ચે પોતાની પાર્ટીનું કોંગ્રેસમાં વિલય કરી લીધું હતું. આ પછી એવું માનવામાં આવી રહ્યું હતું કે પૂર્ણિયા લોકસભા સીટ કોંગ્રેસના ખાતામાં



જઈ શકે છે કારણ કે પપ્પુ યાદવ પૂર્ણિયા સીટ પરથી ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા હતા. કોંગ્રેસે લાલુ યાદવ અને તેજસ્વી યાદવ પાસેથી પપ્પુ યાદવ માટે પૂર્ણિયા સીટની માંગણી કરી હતી. જો કે લાલુ પ્રસાદ યાદવે આરજેડીમાં જોડાઈને પૂર્ણિયા જિલ્લાના રૂપૌલીથી જેડીયુ ધારાસભ્ય બીમા ભારતીને ટિકિટ આપી હતી. કોંગ્રેસની માંગને સદંતર અવગણવામાં આવી હતી. તે જ સમયે, દબાણની રાજનીતિની રમત રમતા પપ્પુ યાદવે કહ્યું હતું કે તે દુનિયા છોડી દેશે, પરંતુ પૂર્ણિયા નહીં છોડે. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીનો વિશ્વાસ મારી સાથે છે. પૂર્ણિયા સીટ આરજેડીમાં ગયા બાદ પપ્પુ યાદવે મૈત્રીપૂર્ણ લડાઈની જાહેરાત કરી હતી અને હવે ઉમેદવારી નોંધાવશે. પપ્પુ યાદવે ખૂબ જ સમજી વિચારીને ચૂંટણી લડવા માટે પૂર્ણિયા બેઠક પસંદ કરી છે કારણ કે અહીંના સમીકરણો તેમની તરફેણમાં છે. ભલે આરજેડીએ તેમના માટે સીટ છોડી ન હોય, પરંતુ તેઓ ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. કોંગ્રેસ ચૂપ છે અને પપ્પુ યાદવ પાર્ટીના ઉમેદવાર છે કે નહીં તે પણ નથી કહી રહ્યું. પપ્પુ યાદવ પોતાને રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીનો સૈનિક ગણાવી રહ્યો છે અને કોંગ્રેસને જીત અપાવવાનો દાવો કરી રહ્યો છે. આ હોવા છતાં, કોંગ્રેસ સંપૂર્ણપણે ચૂપ છે કારણ કે આરજેડીએ પૂર્ણિયા બેઠક પર પોતાનું વલણ કડક રાખ્યું છે.

# કેજરીવાલની ધરપકડ પર અમેરિકાની ટિપ્પણી બાદ ભારતના કડક વલણની અસર દેખાવા લાગી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડનો તાજેતરમાં અમેરિકા, જર્મની અને સંયુક્ત રાષ્ટ્રના અધિકારીઓએ વિરોધ કર્યો હતો. જે બાદ ભારતના વિદેશ મંત્રાલયે કડક વલણ અપનાવ્યું હતું અને ચેતવણી આપી હતી કે આંતરરાષ્ટ્રીય સમુદાયે ભારતના આંતરિક મામલામાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ, જો આવું ચાલુ રહેશે તો જડબાતોડ જવાબ આપવામાં આવશે. આ ટિપ્પણીઓ અંગે પાકિસ્તાની મૂળના એક પત્રકારે અમેરિકન અધિકારીને પૂછ્યું કે અમેરિકા ભારતના વિરોધનું સમર્થન કરે છે પરંતુ પાકિસ્તાન વિરોધ માટે બોલતું નથી. જેનો જવાબ આપતી વખતે અમેરિકન ઓફિસરના ચહેરા પર ભારતની ચેતવણીનો ડર સ્પષ્ટ દેખાતો હતો. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પાકિસ્તાની મૂળના એક પત્રકારે પૂછ્યું કે, અમેરિકા ભારતના વિરોધ માટે અવાજ ઉઠાવે છે પરંતુ પાકિસ્તાનના વિરોધ માટે આવું દેખાતું નથી. જ્યારે પાકિસ્તાનમાં મહિલાઓ સહિત અનેક રાજકીય નેતાઓ જેલમાં છે. જેના જવાબમાં પ્રવક્તા પાસે કહેવા માટે કંઈ જ નહોતું. તેમણે જવાબ આપ્યો કે અમેરિકાનું વલણ તમામ દેશો માટે સમાન છે. ઘણા પ્રસંગોએ અમે પાકિસ્તાન માટે પણ આવો અવાજ ઉઠાવ્યો છે. પાકિસ્તાનમાં પણ ઘણા વિપક્ષી નેતાઓ જેલમાં છે. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પીટીઆઈના સંસ્થાપક ઈમરાન ખાન લાંબા સમયથી જેલમાં છે.

પાકિસ્તાનની ચૂંટણી દરમિયાન જ પીટીઆઈના ઘણા નેતાઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. જેનો અમેરિકા દ્વારા વિરોધ કરવામાં આવ્યો નથી અને તાજેતરમાં જ બિડેને પાકિસ્તાનના નવા વડાપ્રધાન સાથે ફોન પર વાત કરી સંબંધો સુધારવાની વાત કરી હતી. દિલ્હીના લીકર પોલિસી કેસમાં દિલ્હીના મુખ્યમંત્રીની ધરપકડ કરવામાં આવી છે.

# જો લગ્નના કાયદાઓ બદલાશે નહીં, તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક હશે

। (એજન્સી) ટોક્યો, તા.૪ ।

જાપાનમાં થયેલા એક સંશોધન બાદ એક વિચિત્ર દાવો કરવામાં આવી રહ્યો છે. રિસર્ચ અનુસાર, જો લગ્નના કાયદામાં કોઈ ફેરફાર નહીં થાય તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક જ હશે. આ કાયદા હેઠળ યુગલોને સરનેમ રાખવાની છૂટ છે. તોહોકુ યુનિવર્સિટીના પ્રોફેસર હિરોશી યોશિદાની આગેવાની હેઠળના સંશોધનનો અંદાજ છે કે જો જાપાન પરિણીત યુગલો પર સમાન અટક પસંદ કરવા દબાણ કરવાનું ચાલુ રાખશે, તો વર્ષ ૨૫૩૧ સુધીમાં દરેક જાપાની પુરુષ ‘‘સાતો-સાન’’ તરીકે ઓળખાશે. વિશ્વની મોટા ભાગની મોટી અર્થવ્યવસ્થાઓથી વિપરીત કે જેણે આ પરંપરાને નાબૂદ કરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે તમારૂં શારીરિક સામર્થ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

### કર્ક (ડ,હ) :

આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમને ખુષશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશે કે તમે કેવું સુંદર કામ કર્યું છે. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે.

### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

### તુલા (ર,ત) :

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ઘરે તમને તમારા સંતાનો એવી પરિસ્થિતિ રજૂ કરશે જેમાં રાઈનો પહાડ કરાયો હોય- કોઈ પણ પગલું લેવા પૂર્વે વાસ્તવિક્તાની ચકાસણી કરો. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે. વ્યાપારને લગતા મહત્વના નિર્ણયો લેતી વખતે અન્યોના દબાણ હેઠળ ન આવતા. જીવન નો આનંદ માણવા માટે તમારે તમારા મિત્રો ને પણ સમય આપવો જોઈએ.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે.

### મકર (ખ,જ) :

આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. તમારા જુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

**ન્યૂઝ બ્રિફ**

## કાશ્મીરમાં મેડિકલ કોલેજમાં થયેલા ગોળીબારમાં ગેંગસ્ટર ઠાર

। (એજન્સી) કઠુઆ, તા.૪ ।

જમ્મુ-કાશ્મીરની કઠુઆ મેડિકલ કોલેજમાં મંગળવારે રાત્રે થયેલા એનકાઉન્ટરમાં એક આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર શહીદ થયા હતા જ્યારે હત્યા કેસનો એક આરોપી ઠાર કરાયો હતો. પોલીસને સ્થાનિક ગુંડાઓની શુનુ ગેંગના સભ્યો છુપાયા હોવાની બાતમી મળી હતી. જ્યારે ટીમે તેમનો પીછો કર્યો ત્યારે તેઓ વાહનમાં સવાર થઈને ભાગી ગયા હતા અને મેડિકલ કોલેજ કેમ્પસમાં ઘૂસી ગયા હતા. પોલીસ અનુસાર બુધવારે રાત્રે ૧૦.૩૫ કલાકે બંને પક્ષો વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો. ગોળીબારમાં ગુંડાઓની આગેવાની કરી રહેલો અને હત્યા કેસના આરોપી વાસુદેવનું મોત થયું હતું. આ એન્કાઉન્ટરમાં બે પોલીસ અધિકારી દીપક શર્મા અને અનિલ કુમાર ઘાયલ થયા હતા. આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર દીપક શર્માને માથામાં ગોળી વાગી હતી જેમનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. દીપકના લગ્ન તાજેતરમાં જ થયા હતાં. જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ દીપક શર્માની બહાદુરીને બિરદાવી હતી. તેમણે કહ્યું કે તેમનું બલિદાન હંમેશા આપણી સાથે જીવંત રહેશે. સિંહાએ કહ્યું કે સરકાર અને પોલીસ વિભાગ આ મુશ્કેલ સમયમાં તેમના પરિવારની સાથે છે. શહીદ શર્માના પરિવાર સાથે મારી હાર્દિક સંવેદના છે.

## પાકિસ્તાનમાં ન્યાયતંત્ર પર જોખમ આઠ ન્યાયાધીશોને મોતની ધમકી મળી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૪ ।

આતંકવાદનો પર્યાય બની ગયેલા પાકિસ્તાનમાં લોકો પોતાની સુરક્ષાને લઈને ચિંતિત રહે છે. જોકે, હવે જજોની જિંદગીને ખતરો પેદા થયો છે. મંગળવારે પ્રગટ થયેલા મીડિયાના એક અહેવાલ મુજબ, ચીફ જસ્ટિસ આમિર ફારુક સહિત ઈસ્લામાબાદ હાઈકોર્ટના આઠ જજોને ધમકી ભર્યા પત્રો મળ્યા છે. આ પત્રમાં શંકાસ્પદ પદાર્થ પણ મળ્યો હતો. આ પહેલા ન્યાયિક મામલામાં પાકિસ્તાનની શક્તિશાળી જાસૂસી એજન્સી આઈએસઆઈનો હસ્તક્ષેપ હોવાનો આરોપ લાગી ચૂકયા છે. આ ઘટનાક્રમ પછી જજોની સુરક્ષાને લઈને ચિંતા વધી છે. આ પહેલા ઈસ્લામાબાદ હાઈકોર્ટના છ જજો દ્વારા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ કાજી ફૈસ ઈસાને એક પત્ર લખવામાં આવ્યો હતો, જેમાં તેમણે દેશની જાસૂસી એજન્સીઓ દ્વારા ન્યાયિક મામલામાં હસ્તક્ષેપની ફરિયાદ કરી હતી. પત્ર મળ્યાની પુષ્ટિ કરતા ફારુકે એક મામલાની સુનાવણી દરમિયાન કહ્યું કે આ ઘટનાને કારણે દિવસની સુનાવણીમાં વિલંબ થયો હતો. પાકિસ્તાનના મીડિયામાં સૂત્રોના હવાલાથી એક અહેવાલ પ્રગટ થયો, જેમાં જણાવ્યું છે કે જ્યારે બે જજોને સ્ટાફે પત્ર ખોલ્યા તો તેની અંદર પાઉડર મળ્યો અને પછી આંખમાં બળતરાનો અનુભવ થયો.

### જુઆન વિસેન્ટ વેનેઝુએલાનો રહેવાસી હતા

# વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ જુઆન વિસેન્ટનું ૧૧૪ વર્ષે થયું નિધન

### વેનેઝુએલાના રહેવાસી વિસેન્ટ રોજ શેરડીમાંથી બનેલો દારૂ પીવાના શોખીન હતા

। (એજન્સી) કારાકસ, તા.૪ ।

વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિ જુઆન વિસેન્ટ પેરેજ મોરાનું ૧૧૪ વર્ષની વયે અવસાન થયું છે. જુઆન વિસેન્ટ વેનેઝુએલાનો રહેવાસી હતા. ફેબ્રુઆરી ૨૦૨૨માં ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડે તેમને સૌથી વૃદ્ધ વ્યક્તિ જાહેર કર્યા હતા. એ સમયે તેમની ઉંમર ૧૧૨ વર્ષને ૨૫૩ દિવસ હતી.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જુઆન વિસેન્ટના મોતની જાણકારી આપી હતી. જુઆનનો જન્મ ૨૭ મે ૧૯૦૯ના રોજ થયો હતો. તેમને ૧૧ પુત્ર, ૪૧ દોહિત્ર-પૌત્ર-પૌત્રી, પ્રપૌત્ર-પૌત્રી અને ૧૨ ગ્રેટ ગ્રેટ ગ્રાન્ડ ચિલ્ડ્રન છે.ગિનીઝના રિપોર્ટ અનુસાર, જુઆન વ્યવસાયે ખેડૂત હતા. તેમણે પોતાની લાંબી ઉંમરનાં રહસ્ય અંગે કહ્યું હતું કે રોજ કઠોર મહેનત, સમય પર આરામ કરવો અને રોજ એક ગ્લાસ શેરડીમાંથી બનેલો દારુ પીવો. પાંચ વર્ષની ઉંમરમાં જુઆને પોતાના પિતા અને ભાઈઓની સાથે ખેતી કામ કરવાનુ શરું કર્યુ હતું. તેઓ શેરડી અને કોફીની ખેતીમાં મદદ કરતા હતા. ત્યાર પછી તેઓ શેરિફ (લોકલ પોલિસ અધિકારી) બની ગયા અને પોતાના ક્ષેત્રમાં જમીન સંબંધિત મામલા ઉકેલવા માંડ્યા.

જોકે, આ દરમિયાન પણ તેમણે ખેતીકામ ચાલું રાખ્યું હતું. વર્ષ ૧૯૩૮માં જુઆને એડિઓફિના ગાર્સિયા નામની મહિલા સાથે લગ્ન કરી લીધા. તેમની પત્નીનું મોત ૧૯૯૭માં થયું હતું. ૨૦૨૨માં જ્યારે જુઆનને સૌથી વૃદ્ધ વ્યક્તિ જાહેર કર્યા, ત્યારે તેમને કોઈ ગંભીર બીમારી ન હતી. તેઓ કોઈ ખાસ દવા લેતા ન હતા. તેમને પોતાના બાળપણની વાતો વધુ યાદ હતી. તેમને કેક, સૂપ અને એવોકેડો ખાવાનું



ખૂબ પસંદ હતું. સ્પેનના સૌથી વૃદ્ધ વ્યક્તિ ડે લા પુએન્તે ગાર્સિયાનું ૧૮ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ૧૧૨ વર્ષને ૩૪૧ દિવસની ઉંમરમાં મોત થયું હતું. ત્યાર પછી જુઆનને વિશ્વના સૌથી વૃદ્ધ વ્યક્તિનો તાજ મળ્યો હતો. આ પહેલા ગત માર્ચ મહિનામાં વિશ્વની સૌથી વૃદ્ધ મહિલાનું અવસાન થયું હતું. દક્ષિણ આફ્રિકામાં રહેનારી જોહાના માજિબુકો ૧૨૮ વર્ષની હતી. તેમનો જન્મ ૧૮૯૪માં થયો હતો. જોહાનાને ૭ બાળકો, ૫૦થી વધુ દોહિત્ર-દોહિત્રી, પૌત્ર-પૌત્રી અને પ્રપ્રૌત્ર-પ્રપૌત્રી હતી. જોહાનાએ ક્યારેય અભ્યાસ કર્યો ન હતો. એ ખેતરોમાં કામ કરતી હતી. તેમણે ૧૯૧૪માં થયેલા પ્રથમ વિશ્વયુદ્ધ, ૧૯૩૯માં દ્વિતીય વિશ્વયુદ્ધ જોયું હતું. સ્પેનિશ ફ્લૂથી લઈને કોરોના મહામારીનો સામનો કર્યો હતો.

### સૂર્યની સપાટી કરતાં સાત ગણું તાપમાન ૪૮ સેકન્ડ સુધી જાળવ્યું

# દ. કોરિયામાં કૃત્રિમ સૂર્યનું ૧૦૦ મિલિયન ડિગ્રી તાપમાન જાળવવાનો વર્લ્ડ રેકોર્ડ

### સૂર્ય જેવા તારાઓને પણ ન્યુક્લિયર ફ્યુઝનના કારણે ઊર્જા અને પ્રકાશ પ્રાપ્ત થાય છે

। (એજન્સી) સિઓલ, તા.૪ ।

દક્ષિણ કોરિયાના વૈજ્ઞાનિકોએ કૃત્રિમ સૂર્યમાં ૪૮ સેકન્ડ સુધી ૧૦૦ મિલિયન ડિગ્રી સેલ્સિયસ તાપમાન જાળવી રાખવાનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. આ તાપમાન સૂર્યની કોર કરતા સાત ગણું વધારે છે. આ પહેલા ૨૦૨૧માં ૩૦ સેકન્ડનો રેકોર્ડ બન્યો હતો. વૈજ્ઞાનિકોએ કોરિયા સુપરકન્ડક્ટીંગ ટોકમાક એડવાન્સ રિસર્ચ ડિવાઈસ બનાવ્યું છે, જેમાં આ તાપમાન ન્યુક્લિયર ફ્યુઝન એક્સપરિમેન્ટ દરમિયાન બનાવવામાં આવ્યું હતું. આ પ્રયોગ ડિસેમ્બર ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ વચ્ચે કરવામાં આવ્યો હતો. ન્યુક્લિયર ફ્યુઝનમાં, બે હળવા પરમાણુ ભેગા કરીને એક ભારે પરમાણુ બનાવવામાં આવે છે.

જેના કારણે તેમાંથી મોટી માત્રામાં ઉર્જા મુક્ત થાય છે. સૂર્ય જેવા તારાઓને પણ ન્યુક્લિયર ફ્યુઝનના કારણે ઊર્જા અને પ્રકાશ પ્રાપ્ત થાય છે. તેમાં, હાઈડ્રોજન પરમાણુઓ એકબીજા સાથે મળીને હિલીયમ બનાવે છે. કોરિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફ્યુઝન એનર્જી ખાતે સુપરકન્ડક્ટીંગ ટોકમાક એડવાન્સ રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર સિ-વુ યુન કહે છે કે અમે ૨૦૨૬ સુધીમાં ૩૦૦ સેકન્ડ માટે ૧૦૦ મિલિયન ડિગ્રીના પ્લાઝ્મા તાપમાનને જાળવવા માટે સક્ષમ બનવા માંગીએ છીએ. આ



ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધિ હશે. ફ્યુઝન રિએક્શન્સ માટે અતિભારે ગરમી અને દબાણની જરૂર પડે છે. પૃથ્વી પર આ પ્રક્રિયામાં નિપુણતા મેળવવી અત્યંત પડકારજનક બાબત છે. ડોનટ આકારના આ ફ્યુઝન રિએક્ટરનું નામ 'ટોકામક' છે. તેમા, પ્લાઝમા બનાવવા માટે હાઈડ્રોજન વેરિઅન્ટને ગરમ કરવામાં આવે છે. આ પદાર્થની એક એવી સ્થિતિ છે જેમાં પરમાણુના ન્યુક્લિયસ અને ઈલેક્ટ્રોન અલગ થઈ જાય છે. સિ-વુ યૂને જણાવ્યું છે કે ભવિષ્યના પરમાણુ ફ્યુઝન રિએક્ટરની સફળતા માટે ઉચ્ચ તાપમાન અને ઉચ્ચ ઘનતામાં પ્લાઝ્માને જાળવી રાખવું મહત્વપૂર્ણ છે. આ એટલા માટે મહત્વનું છે કે આ તાપમાન પર લાંબા સમય સુધી ફ્યુઝન રિએક્શન્સ થઈ શકે છે.

### ભારત, પાકિસ્તાન સહિતના દેશોના સ્ટુડન્ટને અસર થશે

# ઓસ્ટ્રેલિયામાં ભણવાના બદલે જોબ કરવા આવ્યા આકરા પગલાં લેવાશે

### ઓસ્ટ્રેલિયામાં ઘણા વિદ્યાર્થીઓ ક્વોલિટી એજ્યુકેશન માટે આવે છે

। (એજન્સી) સિડની, તા.૪ ।

છેલ્લા એક દાયકા કરતા વધુ સમયથી ઓસ્ટ્રેલિયા ભારતીય સ્ટુડન્ટ્સમાં એક મનપસંદ દેશ બની ગયો છે. અમેરિકા, કેનેડા અને યુકે ઉપરાંત ઓસ્ટ્રેલિયામાં પણ ભારતીયોની સંખ્યા ખાસ્સી મોટી છે. કાંગારુનો દેશ ગણાતા ઓસ્ટ્રેલિયામાં ઘણા વિદ્યાર્થીઓ ક્વોલિટી એજ્યુકેશન માટે આવે છે, પરંતુ કેટલાક એવા પણ હોય છે જેમને અહીં ભણવા કરતા જોબ કરવામાં વધુ રસ હોય છે. ઓસ્ટ્રેલિયા આવા સ્ટુડન્ટ્સ સામે સખત બની રહ્યું છે અને તેની સામે પગલાં લેવાઈ રહ્યા છે.

ઓસ્ટ્રેલિયાની સરકારે જાહેરાત કરી છે કે જેઓ અહીં ભણવા આવતા હોય તેમનું સ્વાગત છે, પરંતુ માત્ર કામની શોધમાં આવશો તે તેવા લોકો સામે એક્શન લેવાશે. ઓસ્ટ્રેલિયામાં માત્ર જેન્યુઈન સ્ટુડન્ટ જ આવે તે માટે અંગ્રેજી લેંગ્વેજની ટેસ્ટમાં વધુ ઊંચો સ્કોર કરવો પડશે. અગાઉ અંગ્રેજીના ઓછા નોલેજથી પણ ચાલી જતું હતું, પરંતુ હવે તે નહીં ચાલે. સ્ટુડન્ટ અને ગ્રેજ્યુએટ વિઝા માટે હવેથી વધુ સારા અંગ્રેજીની જરૂર પડશે. ઓસ્ટ્રેલિયાના હોમ મિનિસ્ટર ક્લેર ઓ નીલે કહ્યું કે માઈગ્રેશનને ધીમું પાડવા માટે જે સ્ટ્રેટેજી ઘડવામાં આવી છે તેનું પાલન કરવામાં આવશે. ગયા વર્ષે પણ ઓસ્ટ્રેલિયા એવા કેટલાક પગલાં લીધા હતા જેના કારણે સ્ટુડન્ટ અહીં કામ કરવા માટે નહીં પરંતુ ભણવા માટે આવે. કોવિડ વખતે સ્ટુડન્ટ્સને જે રાહતો આપવામાં આવી હતી તે ગયા વર્ષે બંધ કરી દેવાઈ હતી. ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ માટે અગાઉ કામના કલાકો નક્કી નહોતા થયા, પરંતુ હવે અમુક કલાક જ કામ કરી શકાશે.

ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ કે નેપાળ જેવા દેશોના સ્ટુડન્ટ ઓસ્ટ્રેલિયા આવે ત્યારે તેઓ ડોલર કમાવા માટે ગમે ત્યાં કામ કરવા તૈયાર થઈ જાય છે. તેના કારણે કામના સ્થળ પર તેમનું શોષણ થાય છે અને તેમનો અભ્યાસ પણ બગડે છે. આવું ન થાય તે માટે અહીંની સરકાર હવે પગલાં લેવા લાગી છે. ઓસ્ટ્રેલિયાના સ્ટુડન્ટ વિઝા માટે અંગ્રેજીની ટેસ્ટ IELTSમાં અગાઉ ૫.૫નો સ્કોર જરૂરી હતો જે હવે વધારીને ૬.૦ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે ગ્રેજ્યુએટ વિઝા માટે IELTSમાં ૬.૦નો સ્કોર નહીં ચાલે, તેના બદલે ૬.૫ નો સ્કોર કરવો પડશે. સરકાર પાસે એવો અધિકાર છે કે કોઈ કોલેજ કે યુનિવર્સિટી વિદેશી સ્ટુડન્ટને એડમિશન આપવામાં ગોટાળા કરે અને તેનું કામકાજ શંકાસ્પદ જણાય તો તેને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ લેવાની મનાઈ કરી શકાય છે. તેના કારણે ઘણી કોલેજો અને યુનિવર્સિટીઓ સુધરી જવાની છે. આવી કોલેજોનો સ્થાનિક ભાષામાં ઘોસ્ટ કોલેજ અથવા ભૂતિયા કોલેજ અને વિઝા ફેક્ટરી કહેવામાં આવે છે. આવી સંસ્થાઓને શરૂઆતમાં નોટિસ અપાશે, કામગીરી સુધારવા માટે ૬ મહિનાનો સમય અપાશે અને છતાં સ્થિતિ નહીં સુધરે તો તેમને સસ્પેન્ડ કરવામાં આવશે. તેથી આવી કોલેજોમાં એડમિશન લઈને ઓસ્ટ્રેલિયા જવાનો તો વિચાર જ ન કરતા. ત્રીજી વાત, ઓસ્ટ્રેલિયામાં હવે જેન્યુઈન સ્ટુડન્ટ ટેસ્ટ કરવામાં આવશે તેથી કોને ભણવામાં રસ છે અને કોને અહીં આવીને કામ કરવું છે તેની ખબર પડી જશે. આ ટેસ્ટમાં સ્ટુડન્ટને તેઓ ઓસ્ટ્રેલિયામાં જે તે કોર્સ કરવા માટે શા માટે આવી રહ્યા છે અને તેમની ઈકોનોમિક સ્થિતિ કેવી છે તે પૂછવામાં આવશે. જવાબ સંતોષકારક નહીં હોય તો વિઝા નહીં મળે. આ ઉપરાંત સ્ટુડન્ટે એક બાંહેધરી પણ લખી આપવી પડશે અને તેનો ભંગ થશે તો કાઢી મૂકવામાં આવશે.

### ચીફ જસ્ટિસએ સુરક્ષા ચૂક અંગે ચિંતા વ્યક્ત કરી

# કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસની સામે ગળું કાપીને આપઘાતની કોશિશ

### આપઘાતની કોશિશ કરનાર વ્યક્તિને તાત્કાલિક બચાવ્યો અને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા




। (એજન્સી) બેંગલુરુ, તા.૪ ।


કર્ણાટક હાઈકોર્ટમાં હોલ નંબર એકમાં ચીફ જસ્ટિસ નિલય વિપિનચંદ્ર અંજારિયાની સામે જ એક વ્યક્તિએ ચાકુથી પોતાનુ ગળું કાપીને કથિત રીતે આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસના કહેવા પ્રમાણે, મૈસુરના રહેવાસી શ્રીનિવાસે કોર્ટના હોલ નંબર એકના પ્રવેશદ્વાર પર સુરક્ષા કર્મચારીઓને એક ફાઈલ સોંપી અને પછી શું થઈ રહ્યું છે તેની ખબર પડે તે પહેલાં જ તેણે ચીફ જસ્ટિસ અંજારિયાની સામે જ પોતાનું ગળું કાપી નાખ્યું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે કોર્ટ પરિસરમાં ઉપસ્થિત સુરક્ષા કર્મચારીઓએ આપઘાતની કોશિશ કરનાર વ્યક્તિને તાત્કાલિક બચાવ્યો અને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. પોલીસે વધુમાં કહ્યું કે, આ વ્યક્તિએ આ પ્રકારનું અંતિમ પગલું કેમ ભર્યુ હશે, તેનો ખ્યાલ તપાસ પછી આવશે. કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અંજારિયાએ હાઈકોર્ટ પરિસરમાં સુરક્ષા ચૂકને લઈને ચિંતા વ્યક્ત કરી છે. સાથે જ તેમણે સુરક્ષા વ્યવસ્થા સંભાળતા લોકોને પૂછ્યું કે આ વ્યક્તિ એક તીક્ષ્ણ હથિયાર લઈને કેવી રીતે અંદર આવી ગયો? ચીફ જસ્ટિસે પોલીસને ઘટનાસ્થળથી મળેલા પુરાવા રેકોર્ડ કરવાનો આદેશ કર્યો છે. શ્રીનિવાસે સુરક્ષા કર્મચારીઓને જે ફાઈલ આપી હતી, તેમાં શું હતું તેની ખબર નથી. પોલીસ હજુ તપાસ કરી રહી છે કે આ વ્યક્તિએ આપઘાત કરવાનો પ્રયાસ કેમ કર્યો.

**વિશેષ**

### એપ્રિલ મહિનામાં ભારે ગરમીની સાથે સાથે વરસાદની પણ આગાહી

# આવતા અઠવાડિયાથી ગુજરાતના તાપમાનમાં 3 થી ૫ ડિગ્રી વધી જશે

ઉનાળાની શરૂઆત થઈ ચુકી છે. એપ્રિલની શરૂઆતના ત્રણથી ચાર દિવસ વાતાવરણ થોડું વાદળછાયું રહેશે એવી અગાઉ જ આગાહી કરવામાં આવી હતી. આગાહીકાર અંબાબાલ પટેલે આગાહી કરી છેકે, ગરમીમાં શેકાવા માટે તૈયાર રહેવું પડશે. ખાસ કરીને એપ્રિલ મહિનાના પહેલા અઠવાડિયાની શરુઆતથી તાપમાનમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે. હાલ તો ઉત્તર ભારતમાં આવી રહેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે ગુજરાતમાં તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો છે. એપ્રિલની શરૂઆતના ત્રણથી ચાર દિવસ એટલેકે, ૪ ચોથી એપ્રિલને આવતીકાલ સુધી વાતાવરણ વાદળછાયુ રહી શકે છે. પરંતુ લગભગ ૫ થી ૬ એપ્રિલ બાદ ગુજરાતમાં ફરી અકળામણ થાય તેવી ગરમીની શરૂઆત થઈ જશે. વાતાવરણ ફરીથી પલટાઈ જશે. આગામી દિવસમાં ફરી તાપમાન ઊંચું જશે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, એપ્રિલ માસમાં ગુજરાતના વાતાવરણમા પલટો આવશે. આંધી વંટોળ સાથે ગુજરાતમાં વરસાદનું આગમન થશે. આ વચ્ચે એક રાહતના સમાચાર એ છે કે, આખો એપ્રિલ મહિનો ગરમીનો માર સહન કરવાનો નહિ



આવે. કારણ કે, એપ્રિલની શરૂઆતમાં જ કમોસમી વરસાદ દસ્તક આપશે. હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે કમોસમી વરસાદની આગાહી છે. અંબાલાલ પટેલની આગાહી અનુસાર, એપ્રિલ મહિનામાં રાજ્યમાં વંટોળનું પ્રમાણ વધશે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. ૨૦મી એપ્રિલથી ગરમીની શરૂઆત થશે. સાથે જ અંબાલાલ પટેલે કહ્યું કે, એપ્રિલ માસમાં ગરમીના પ્રમાણ પણ વધારો થશે. ૨૦ એપ્રિલથી રાજ્યમાં આકરી ગરમીની શરૂઆત થશે. રાજ્યના અનેક ભાગોમાં ગરમીનું પ્રમાણ ૪૩ ડિગ્રી સુધી જઈ શકે છે. તો મે માસમાં પણ રાજ્યના કેટલાક ભાગોમાં ગરમી વધતા લૂ ફૂંકાશે. આ વર્ષે ગુજરાત સહિત દેશભરમાં આકરી ગરમી પડવાની આગાહી પણ અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં એપ્રિલ મહિનામાં વાતાવરણમાં મોટો પલટો આવશે. એપ્રિલ મહિનામાં ભારે ગરમીની સાથે સાથે વરસાદની પણ આગાહી કરાઈ છે. ધૂળની ડમરીઓ ઉડશે અને પવનની ગતિ વધશે તેવી પણ સંભાવના વ્યક્ત કરાઈ છે. એપ્રિલ માસથી પ્રી મોન્સુન એકિટીવીટી શરૂ થઈ જશે. આ કારણે એપ્રિલના બીજા સપ્તાહમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આ પ્રકારની આગાહી અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. આકરી ગરમીની સાથે આ મહિને અનેક જગ્યાએ વરસાદ પણ પડશે. એપ્રિલ મહિનામાં ભાગ્યે જ વરસાદ પડતો હોય છે. પરંતુ આ વખતે સ્થિતિ બદલાશે. આ વરસે એપ્રિલ એટલેકે, ચાલુ માસમાં એક સપ્તાહ બાદ વાતાવરણમાં ભારે ફેરફાર થઈ શકે છે. ભરઉનાળો વરસાદી માહોલ પણ સર્જાઈ શકે છે. ગુજરાત સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને અન્ય કેટલાક રાજ્યોમાં આ મહિને ભારે વરસાદની સંભાવના છે. ઉત્તર-પશ્ચિમ ભારતના મોટાભાગના ભાગોમાં અને મધ્ય ભારતના ઘણા ભાગો, ઉત્તરી દ્વીપકલ્પ ભારત, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં સામાન્ય અથવા સામાન્યથી વધુ વરસાદની શક્યતા છે. એપ્રિલ મહિનામાં પૂર્વ અને પશ્ચિમી દરિયાકાંઠાના વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની ધારણા છે. એવી પણ આગાહી કરવામાં આવી છેકે, આ વીકમાં વાતાવરણ સામાન્ય રહેશે પરંતુ આગામી સપ્તાહથી વાતાવરણમાં તાપમાનનો પારો ઉપર જઈ શકે છે. આ સપ્તાહ દરમિયાન તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહી શકે છે. નેક્ટ વીકમાં પારો ઉંચો જઈ શકે છે અને તાપમાનમાં વધારો થઈ શકે છે. હાલ દરિયા કિનારે હવા ઉત્તર પશ્ચિમ દિશાથી ફૂંકાશે. દરિયાકાંઠે ૧૫થી ૨૦ માઈલ્સ પ્રતિ કલાકની ગતિ રહેશે. જમીન પર પણ ઉત્તર પશ્ચિમ દિશામાં હવા ફૂંકાઈ રહી છે. આખુ સપ્તાહ આ રીતે જ હવાઓ ફૂંકાશે જે બાદ પવનની દિશા બદલાશે. જેના કારણે તાપમાનમાં આગામી સપ્તાહથી થોડા વધારો જોવા મળશે. જૂન મહિના સુધી તાપમાનનો પારો ઉંચો રહેવાની શક્યતા છે. આ માટે આવતા અઠવાડિયાથી ગુજરાતના તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રી વધી જશે. એપ્રિલના અંતથી ગુજરાત સહિત ૨૩ રાજ્યોમાં હીટવેવાની શક્યતા છે. એપ્રિલમાં સતત ૨૦ દિવસ સુધી લૂ ફેંકાય તેવી શક્યતા છે. તો આ વર્ષે ગરમી જૂન મહિનામાં તમામ રેકોર્ડ તોડી શકે છે. મેદાની વિસ્તારોમાં લૂની અસર વધુ રહેવાની શક્યતા છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન સામાન્યથી વધુ રહેશે.

# અમદાવાદ રેલવે સ્ટેશન પર જાગરૂકતા અભિયાન "થૂંકવા પર મનાઈ છે" નું આયોજન કરવામાં આવ્યું







। અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ સ્ટેશન પર ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માના માર્ગદર્શન હેઠળ અમદાવાદ સ્ટેશન પર મુસાફરો, કુલીઓ, ઓટો-રિક્ષા ચાલકો, લોડરો અને અન્ય કર્મચારીઓ માટે અમદાવાદ સ્ટેશન પર એક વિશેષ જાગરૂકતા અભિયાન "થૂંકવા પર મનાઈ છે"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ હેઠળ કુલીઓને થૂંકવા માટે બાયોડિગ્રેડેબલ થૂંક પાઉચ મફત આપવામાં આવ્યા હતા. તેમને જૂના પાઉચના આધારે રિપ્લેસમેન્ટ આપવામાં આવશે. અમદાવાદ સ્ટેશન પર નુક્કડ નાટક દ્વારા થૂંકવાની હાનિકારક અસરો, સ્વચ્છતા પર તેની અસર અને જાહેર સ્થળોની સ્વચ્છતાના કારણે રેલવેને થતું આર્થિક નુકસાન સમજાવવામાં આવ્યું હતું. આ સિવાય તેમને થૂંકવા સંબંધિત સજા વિશે પણ જણાવવામાં આવ્યું હતું.

વરિષ્ઠ મંડળ પર્યાવરણ અને ગૃહ વ્યવસ્થા પ્રબંધક (Sr.DEnHM) શ્રી સુનિલ પાટીદારે માહિતી આપતાં જણાવ્યું હતું કે દર વર્ષે ભારતીય રેલ્વે થૂંકવાના નિશાન સાફ કરવા માટે રૂ. ૧૨૦૦ કરોડનો ખર્ચ કરે છે.

એક થૂંકવાના નિશાનને સાફ કરવા માટે રેલવેને ૩.૫૭ રૂપિયાનો ખર્ચ થાય છે. તેમજ આ સફાઈ કામમાં પુષ્કળ પાણીનો બગાડ થાય છે. થૂંકવાથી કીટાણુઓ ઉત્પન્ન થાય છે જે ટીબી, કોરોના જેવા ખતરનાક રોગો ફેલાવે છે.એકવાર થૂંકવાથી એક ચોરસ ફૂટ જગ્યા અને તેના કીટાણુ ૨૭ ફૂટ સુધી ફેલાય છે અને તે જગ્યાને સાફ કરવામાં બે લીટરથી વધુ પાણીનો વ્યય થાય છે.આટલું જ નહીં તે પર્યાવરણને પણ પ્રદૂષિત કરે છે.





પેટા સંસ્થા દ્વારા થલતેજની એક સ્કુલમાં એલિફન્ટનો ડેમો બનાવીને વિદ્યાર્થીઓને સમજણ અપાઈ હતી.





રાજસ્થાન સમાજની મહિલાઓ દ્વારા હોળી પછી દશમના દિવસે પીપળના વૃક્ષનું પૂજન કરી વ્રત કરવામાં આવ્યું હતું.

### ટ્રેન ધીમી ગતિએ ચાલતી હોવાથી વેન્ડરનો જીવ બચી ગયો

## બે મુસાફરોએ વેન્ડર સાથે માથાકૂટ કરી ચાલુ ટ્રેનમાંથી બહાર ફેંકી દીધો

### તેને શરીરે ઈજાઓ પહોંચતા બેભાન અવસ્થામાં ૧૦૮ મારફતે મેઘનગરના સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો

। (એજન્સી) દાહોદ, તા.૪ ।

પશ્ચિમ રેલવેના રતલામ મંડળના બિલડી નજીક પેન્ટ્રી કારમાં વેન્ડર તરીકે કામ કરતા કર્મચારીને ટ્રેનમાં મુસાફરી કરી રહેલા બે મુસાફરોએ ગાળો બોલી, મારામારી કરી ચાલુ ગાડીમાંથી ફેંકી દેતા ચકચાર પછી જવા પામી છે. જોકે ટ્રેન ધીમી ગતિએ ચાલતી હોવાથી વેન્ડરનો બચાવ થયો હતો. પરંતુ તેને શરીરે ઈજાઓ પહોંચતા બેભાન અવસ્થામાં ૧૦૮ મારફતે મેઘનગરના સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. જ્યારે બંને મુસાફરોને આરપીએફ દ્વારા ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છેપ્રાપ્ત માહિતી અનુસાર, અમૃતસરથી બાંદ્રા તરફ જતી ૧૨૯૦૪ અમૃતસર-બાંદ્રા ગોલ્ડન ટેમ્પલ મેલમાં જી૬માં સવાર મુસાફરો સવારથી જ પેન્ટ્રી કારમાં વેન્ડર તરીકે કામ કરતા કર્મચારી સાથે જોડેલો જનરલ કોચમાં ખાણીપીણીનું સામાન વેચવા અવરજવર કરી રહ્યો હતો. આ દરમિયાન ઉપરોક્ત બંને મુસાફરો વેન્ડર જોડે માથાકૂટ કરી પરેશાન કરી રહ્યા હતા. પરંતુ કર્મચારી દ્વારા કોઈ પ્રતિક્રિયા ન આપી આગળ જતો રહ્યો હતો. પરંતુ રસ્તામાં આ ટ્રેન બિલડી-મેઘનગર વચ્ચેથી ધીમી ગતિએ પસાર થઈ રહી હતી. તે સમયે ઉપરોક્ત બંને મુસાફરોએ ફરી એક વખત આ વેન્ડર જોડે માથાકૂટ કરતા પરિસ્થિતિ વણસી હતી. બન્ને મુસાફરોએ રીતસર વેન્ડર જોડે મારઝૂડ કરી ગાળો આપી હતી અને આ વેન્ડરને ચાલુ ગાડીએ ફેંકી દેતા આસપાસના મુસાફરોએ બુમાબુમ કરી ચેન પુલિંગ કરી આ ટ્રેનને ઉભી રાખી દીધી હતી. જોકે આ ઘટના બની તે સમયે આ સુપરફાસ્ટ ટ્રેન ધીમી ગતિએ ચાલતી હોવાથી વેન્ડરનો જીવ બચી ગયો હતો. પરંતુ વેન્ડરને શરીરના ભાગે ઈજાઓ થતા તે બેભાન થવા પામ્યો હતો. આ મામલામાં પેન્ટ્રી કારના મેનેજર દ્વારા મેઘનગર આરપીએફને જાણ કરી હતી. જે બાદ મેઘનગરના ઈન્ચાજ IPF લીનીશા બેરાગી દ્વારા આરપીએફને ઘટના સ્થળે રવાના કરી હતી. આ દરમિયાન ઈજાગ્રસ્ત વેન્ડરને ૧૦૮ મારફતે પહેલા મેઘનગરના જીવન જ્યોતિ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો .ત્યારબાદ વધુ સારવાર અર્થે નજીકના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. જોકે વેન્ડર જોડે માથાકૂટ કરનાર ઉપરોક્ત બંને મુસાફરોને આરપીએફ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા.

### ગુજરાત યુનિવર્સિટીનો મોટો છબરડો

## B.Sc. ની આવતીકાલની પરીક્ષાનું પેપર વિદ્યાર્થીઓને આજે આપી દેવાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

વિષય કોડમાં ભૂલને કારણે સમગ્ર પેપર બદલાઈ ગયું હતું. વિદ્યાર્થીઓને ૩૦૮ નંબરનું પેપર આપવાનું હતું, તેના બદલે ૩૦૯ નંબરનું પેપર આપવામાં આવ્યું હતુ. ગુજરાત યુનિવર્સિટી દ્વારા અવાર-નવાર છબરડા સર્જાતા હોવાનું અગાઉ સામે આવી ચૂક્યું છે. આજે ફરીએકવાર ગુજરાત યુનિવર્સિટી દ્વારા મોટો છબરડો સર્જાયો હતો.. જેને કારણે વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા હતા. ગુજરાત યુનિવર્સિટીની B.sc સેમેસ્ટર ૬ની પરીક્ષામાં છબરડો સામે આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓને આવતીકાલનું પેપર આજે આપી દેવાયું હતું. વિષય કોડમાં ભૂલને કારણે સમગ્ર પેપર બદલાઈ ગયું હતું. વિદ્યાર્થીઓને ૩૦૮ નંબરનું પેપર આપવાનું હતું, તેના બદલે ૩૦૯ નંબરનું પેપર આપવામાં આવ્યું હતુ. યુનિવર્સિટીને ભૂલ સમજાતા યુનિવર્સિટી તંત્ર દોડતું થઈ ગયું હતું.. અને ભૂલ સુધારવા માટે વિદ્યાર્થીઓને હાથથી લખેલું પેપર આપી દેવાયું હતું.

### રાજ્યપાલે નેશનલ મેરીટાઇમ દિવસની શુભેચ્છા પાઠવી

## રાજ્યપાલ દેવવ્રતને નેવી ડે ના લઘુધ્વજની પીન અર્પણ કરાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

રાષ્ટ્રીય દરિયાઈ દિવસ - નેશનલ મેરીટાઈમ ડેની ઉજવણી અંતર્ગત ભારત સરકારના બંદરો, શિપિંગ અને જલમાર્ગ મંત્રાલય, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા, અદાણી પોર્ટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તથા ગુજરાતની સમુદ્રી પ્રશિક્ષણ સંસ્થાઓના પ્રતિનિધિઓએ આજે રાજભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મર્ચન્ટ નેવી ડેના લઘુધ્વજની પીન અર્પણ કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નેશનલ મેરીટાઈમ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને ભારતના આર્થિક વિકાસમાં સમુદ્રી વ્યાપારના યોગદાન વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. ભારતમાં પ્રતિ વર્ષ ૩૦ માર્ચથી ૫ એપ્રિલ દરમિયાન રાષ્ટ્રીય સમુદ્રી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ભારતની સૌપ્રથમ સ્વદેશી સ્ટીમશીપ 'એસ.એસ. લૉયલ્ટી' એ વર્ષ-૧૯૧૯ ની તા.૫ મી એપ્રિલે મુંબઈથી લંડન સુધીની સૌપ્રથમ સફરની શરૂઆત કરી હતી.

### જામનગરમાં તસ્કરોનો તરખાટ યથાવત

## ખેડૂતના ઘરમાં ખાતર પાડતા તસ્કરો રૂપિયા ૨.૧૦ લાખના દાગીના ચોરાયા

। (એજન્સી) જામનગર, તા.૪ ।

જામનગરમાં તસ્કરોનો તરખાટ આજે પણ યથાવત રહ્યો છે. દિવસેને દિવસે ચોરીની નિત નવી ઘટનાઓ સામે આવી રહી છે. તેવામાં આજે હાપા માર્કેટિંગ યાર્ડ નજીક રહેતા ખેડૂતના મકાનમાં તસ્કરોએ ખાતર પાડયુ હોવાનું સામે આવ્યું છે. જેને લઈને પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રગતિમાન કર્યા છે. સિટી એ ડિવિઝન પોલીસ મથકેથી ચોરીના આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર એક દિવસ અગાઉ ફર્નિચરના શોરૂમને નિશાન બનાવ્યા બાદ આ વખતે તસ્કરોએ ખેડૂતના ઘરને નિશાન બનાવ્યું છે.

હાપા માર્કેટીંગ યાર્ડ નજીક રહેતાં ધર્મેશભાઈ દેવશીભાઈ ચૌહાણ નામના ખેડૂતની ફરિયાદ અનુસાર કોઈ અજાણ્યો ચોરે તેમના ઘરમાં દરવાજાનો લોક તોડી ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો હતો. ચોરે ઘરમાં ખાખા-ખોળા કરી કુલ આઠ તોલા જેટલા સોનાની ચોરી કરી હતી.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨